આવતી કાલના નાગરિકોનું માસિક

કુમાર

તંત્રી · રવિશંકર રાવળ
અંક ૯૭ મો




તુલસીપૂજન — રસિકલાલ પરીખ

કુમાર

પોષ ૧૯૯૮
અંક ૯૭

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭-૮-૦ કે ૧૨ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



વિશ્વાનુભૂતિ

ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ

આવતી કાલનાં નાગરિકોનું માસિક **કુમાર**

પોષ ૧૯૯૮

જીવનધૂપ

• વંશસ્થ •

૧

ઉદ્યાનમાં મંડપ કેળસ્તંભના
શોભ્યા, રચી મેં શત સ્વર્ણવેદિકા;
રંગોળીની રમ્ય ગૂંથેલ આકૃતિ,
નાચે પતાકા વનતોરણાવલિ.

હોમ્યાં હવિષ્યાન્ન ઘૃતાદિ કૈં બલિ,
પ્રદીપ્ત જ્વાલા ક્રતુની ભભૂકતી;
ભંડાર હોમ્યા ધનરાશિદાનથી:
સુગંધ વ્યાપી નભ **યજ્ઞધૂપની**.

૨

પ્રભાતને બ્રાહ્મમુહૂર્તકાલ હું
એકાંતમાં મંદિરદ્વાર ઠેલતો;
જલાવતો સપ્તશિખાની આરતિ,
સ્તોત્રો યશોગાન તણાં અલાપતો.

જલે તહીં નિશ્ચલ દીપજ્યોતિઓ,
પેટાવતો અંતર-દીવડો ઉરે;
એકાત્મતા પુણ્યસ્વરૂપ પામતો:
સુગંધ વ્યાપી ઉર **જ્ઞાનધૂપની**.




૩

નદી નહેરે સુ-રસાળ ભૂમિમાં,
અનંત મેં બીજ સુવર્ણ વાવિયાં;
લચી રહ્યાં ખેતર પાકભારથી,
સંધ્યા નમી, મોલ લણ્યા કણેકણ.

અને હસે ધાન્ય તણા મહાગિરિ
સુવર્ણવર્ણા મૃદુ સાંધ્યતેજથી
રસ્યા, ધર્યા એ તુજ પાદયુગ્મમાં:
સુગંધ વ્યાપી જગ **કર્મધૂપની**.

તનસુખ ભટ્ટ



■કૃપાળુ જગદીશ્વર! માનવ પ્રેરણાના આદિ સ્રોત ભગવાન! 'કુમાર'ને તેના વાચકો વચ્ચે અગમ્ય સ્નેહતંતુ રૂપે સાક્ષીભૂત રહી 'કુમાર'ના સંચલનમાં જે અણધારી સહાય, ચમત્કાર અને સફળતા આપ્યાં છે તે માટે આ હૃદય આજે આભારભક્તિના ભાવથી નમે છે, અને જે શ્રદ્ધા તથા પ્રેરણાએ આજ સુધી કાર્યધુરા વહેવાનું બળ આપ્યું છે તેની જ સતત અપેક્ષા રાખી નવા વર્ષે આગળ જવાની અભિલાષ ધરું છું.

■કોઇ કહી શકતું નથી કે આ વર્ષ કેવું જશે ભારતવર્ષ ઉપર મંડાયેલું અદ્ભમડળ વિચારતાં તો શી આફત કે શા આશીર્વાદના વર્ષાવ થશે એ ભાખવા કોઇ સમર્થ નથી. છતાં ઇતિહાસ અને માનવજીવનની ઘટમાળ કદી અટક્યાં નથી અને અટકશે નહિ. એ જ વિચારસરણી પર રહી, ઘડી પછી જગતનો અંત આવવાનો હોય તોપણ કાર્યતત્પર રહી, યથાશક્તિ સેવા ને સાધના ટકાવી રાખવામાં જ પુરુષાર્થ માનીને આજે 'કુમાર'નું નવા વર્ષનું પરિક્રમણ શરૂ કરી દઉં છું, અને એટલા માટે પણ અહોધન્ય માનવાનો સંતોષ લઉં છું.

■ભારતની જનતા પર બંધનો અને કઠોર મર્યાદાઓનો એક એવો શાસનવિસ્તાર છવાઇ ગયો છે કે કોઇ પણ દિશાએ ગતિસૂચન કરવું એ પણ વિમાસણનો વિષય થઇ પડે છે. વીરો તો વીરોચિત માર્ગ લેવાના જ. આજ કે કોઇ દિન મૃત્યુ અનિવાર્ય છે, પણ નેકટેક માટે ઉપાડેલાં પગલાં પાછાં ન જ પડે એવો તેમનો નિશ્ચય બધી દલીલો ને તર્કથી યે—બધા જ્ઞાનભંડારોથી યે—ચડિયાતો ધર્મ છે. એ ધર્મ જેમને પ્રાપ્ત થયો તેને ધન્ય છે. હજારો પદવી ધારીઓ અને સંપત્તિવાનો કરતાં યે તોપ સામે ચડેલા એ મૃત્યુંજયો વધુ જગદ્વંદ્ય છે ઇતિહાસ એમનાથી જ શોભે છે.

■કેટલાકો પ્રસંગ ઊભા કરી શકે છે, કેટલાક પ્રસંગને વધાવી લે છે અને કેટલાકને પ્રસંગ ખેંચી જાય છે, જ્યારે અભાગી જીવનાશા કેટલાકને પ્રસંગથી વિમુખ કરે છે તો અધમ આશાવાળા જીવો પ્રસંગથી દૂર જ રહે છે; અને એ બધાના પરિણામે સરવાળે દેશ ચડે છે કે પડે છે. કોણે કયા દળમાં મુકાવવું એ તો સૌએ પોતાના હૃદય સાથે જ વાત કરી લેવાની. પણ કેટલી યે બાબતો તો એવી છે કે જેને માટે તો કાયરમાં કાયર માણસને પણ કર્તવ્યમાર્ગ સૂઝવો જોઇએ.

જીવનનો રોજમેળ

જેમને કામ કરવું હોય ને કામ કરી ફતેહ મેળવવી હોય તેઓ વૈશ્યવૃત્તિ રાખે. સાચો વૈશ્ય દિ' બધો વેપારમાં લીન રહે છે વેપાર વખતે વેપાર જ કરે છે: વાતો કરતો નથી પણ સાંજ પડે છે ત્યારે હિસાબ માંડે છે, અને તપાસે છે કે વેપાર કેવો કર્યો: ખોટનો કે હાંસલનો, આવડતનો કે અણ આવડતનો, જીવનનો કે મૃત્યુનો?

એમ જ દરેક માણસ દિવસ આખો જીવનનો વેપાર કરે ને સાંજે તેનો હિસાબ લે. કેટલું આગળ વધ્યા, કેટલું પાછળ હઠ્યા તે જુએ; ધારેલું શું કર્યું અને શું રહી ગયું તે જોઇ જાય; ક્યાં ભૂલ હતી અને કેવી રીતે તે સુધરે તેનો વિચાર કરે;–અને એમ જીવનનો રોજમેળ ખેંચી આવતી કાલની પુરાંત મૂકે.

ગિજુભાઇ

■દેશનાં ઘણાં દુઃખોનું એક મોટું કારણ દારિદ્રય અને બેકારી છે. આ આફત સામે ટકી રહેવાને કરકસર અને સ્વાશ્રય અતિ સિદ્ધ અને મહત્ત્વના મંત્રો છે. તમે કેટલું વાપરો છો કે તમે કેટલું કમાઓ છો તેના પર તમારી શક્તિઓ અંકાય નહિ; પણ તમે કેટલું બચાવો છો તે જુઓ એટલે તમારા પાયા કેવા દૃઢ છે તે જાણી શકશો. વિદ્યાર્થીજીવન માટે તો આ વિચાર એક જીવનતરણી થઇ પડે. તમારાં કપડાંમાં, તમારાં પુસ્તકોમાં, તમારા ખોરાકમાં, જેટલો બચાવ, જેટલી કરકસર તમે કરી શકો એટલા તમારા કુટુંબ તથા દેશને સીધી કે આડી રીતે શક્તિસંચયમાં તમે મદદગાર બનો છો.

■તમે જરૂર પૂરતી જ ખરીદી કરજો, અને તમારી ખરીદી પણ ઘણી જ વિચારપૂર્વક તથા ઊંચી પસંદગીવાળી કરજો. દેશની આફત વખતે તમારાં થીગડાં મારેલાં કપડાંથી શરમાશો નહિ અને એવાં કપડાં પહેરનાર તરફ સૂગ ધરશો નહિ કપડાંનો ભભકો મારનાર જ ચારિત્ર્યવાળો હોય એવી ભ્રમણાનો ત્યાગ કરજો અને બીજાઓની એવી ભ્રમણા હોય તો ભાંગજો. સાદાઈની ખુદાઇ સમજજો ને જીવનમાં ઉતારજો.

■તમારા જીવનની શક્તિઓની પણ કરકસર કરજો. તમારાં યુવાનીનાં અમૂલ્ય વર્ષો કેવી રીતે

પ્રારંભવંદન · આજનો પરમ ધર્મ · જીવનની કરકસર · ચારિત્ર્ય-ત્રિવેણી

વાપરવાથી ભવિષ્યમાં તમને અને દેશને વધુમાં વધુ લાભકારક અને હિતકારક નીવડે તેનો સંપૂર્ણ ક્યાસ કાઢજો અને તે પછી જ તમારી કારકિર્દીની સાચી તૈયારી કરવા જીવનની દરેકદરેક પળ અને તક ઉપાડી લેવા જાગૃત રહેજો.

■વિદ્યાર્થી અવસ્થામાં જ જેઓ કંઇક ઉપયોગી જનસેવા કે ઉદ્યોગ શીખ્યા હોય છે તેઓ આગળના જીવનમાં ખરેખરા જનસેવક અને લોકનેતા બની શક્યા છે. તમારા જીવનની કરકસરમાં આ ચાર મુદ્દા બરાબર સાચવજો: (૧) કમાણી આપે એવો ઉદ્યોગ શીખજો; (૨) તમારી ખરીદીઓ વિચારપૂર્વક કરજો; (૩) તમારી કમાણીનો લાભ ઘણાને મળે એવી રીતે વાપરજો; (૪) આફત કે સંકટ વખતે કામ લાગે એટલી સંપત્તિ અને સાધન સંઘરજો.

■તમારી પાસે સાધન અને સંપત્તિ હોય તો તમારાથી ઓછા ભાગ્યવાળાને જરૂર મદદરૂપ થજો. નિઃસ્વાર્થ દાનવૃત્તિ અને સેવા જ ચારિત્ર્યના પાયા મજબૂત કરે છે અને સાધકને એવું પરમ સુખ તથા આનંદ આપે છે, જે ગમે તેટલા દ્રવ્યથી મેળવી શકાય જ નહિ. કરકસર અને પરોપકાર એ બંને એકબીજાનાં વિરોધી નથી. પહેલું એ બીજાનું પૂરક છે. ન જોઈતા ભોગવિલાસ પાછળ થતો વ્યય બચાવીને, જેને વધુ જરૂરત છે તેની તરફ હાથ લંબાવનારો માણસ ઘનરખુ લક્ષાધિપતિઓ કરતાં પણ ઉચ્ચ પદ ધરાવતો મનુષ્ય બની શકે છે.

■આખી પ્રજાની ઉન્નતિ માટે કરકસર, સ્વાશ્રય ને પરોપકારબુદ્ધી એ ત્રણ ગુણોની આ સમયે ખરી જરૂરત છે. તેની ખીલવણી માટે દરેકદરેક ચારિત્ર્યશાળી વિદ્યાર્થીએ અને યુવકે પોતાનો દૃષ્ટાંત. આપવા જેવી લાયકાત મેળવવી એ જ આજનો પરમ ધર્મ દેખાય છે.

ઉદ્‌બોધન

ભારતની પ્રાચીનતાનાં ને પુરાણાપુરાણા તેનાં ગૌરવનાં યશોગાન ગાવાની અને તેમાં રાચવાની આપણને કેવી ટેવ છે? તે ગૌરવવતી માતૃભૂમિનાં સાચાં સંતાનો તરીકે આપણને કોઇ અજાણ્યો માણસ પણ પારખી શકે એવા આજે આપણા કેવાક દેદાર છે? ભૂતકાળની એ ભવ્યતા વર્તમાનમાં મૂર્તિમંત ન થતી હોય તો એની કથાની મોટી મૌખિક પારાયણ કર્યે શું વળશે? આજની મહાપ્રજા લેખાતી અમેરિકાની પ્રજાને કશો જ ગૌરવભર્યો ભૂતકાળ નથી. ધર્મને કારણે હડધૂત થઇ બહિષ્કાર પામેલ ને રીસામણે નીકળેલ એ પ્રજાને સૌ-કાંઇ નવું જ વસાવવાનું હતું. વેરાન ને વગડા વેડીને તેને નગરીઓ વસાવવાની હતી; પ્રખર ભૂમિને પોચી કરીને અનાજ પકવવાનાં હતાં; રાજપ્રકરણી શાસન ઊભું કરવાનું હતું; અન્યોન્યના સંબંધો ઘડવાના હતા; આત્મરક્ષણ કરવાનું હતું;—સંસ્કૃતિ આખી નવી ઘડવાની હતી ને અનુભવી જૂના જગતની સાથે ઊભા રહેવાનું હતું. એક ગામ વસતાં કે વસાવતાં કેટલી બધી મુસીબતો નડે છે? દુનિયાભરને તાજુબી પમાડે એવી સંસ્કૃતિ, આજે ત્રણસો જ વર્ષમાં ત્યાં ખડી થઇ છે. ત્રણસો વર્ષની એ પ્રજાની તપશ્ચર્યા, આજે પ્રાચીન ગૌરવથી ગર્વિષ્ઠ બનતી, ત્રણત્રણ હજાર વર્ષ પૂર્વની સુખાકારી, જાહોજલાલી આદિને શરમાવે છે. દુનિયાની મહાનમાં મહાન પ્રજાની સામે કમ્મર કસી ઊભી રહી શકે તેવી શક્તિ તેણે આજે કેળવી લીધી છે. મહાપ્રજા ગણાવાની સૌકાંઇ સામગ્રી તેણે આજે હસ્તગત કરી લીધી છે. અમેરિકાની એ મહાપ્રજા આજે તો જગત આખાને ગૌરવ અર્પી રહેલી છે. આત્મનિર્ણય, વ્યક્તિસ્વાતંત્ર્ય, માનવીમાત્રને સંપૂર્ણ અવકાશ આપી ઊંચામાં ઊંચી પદવીએ પહોંચવાની તક આપનારૂં એ અમેરિકા પ્રજાશાસનવાદના નમૂના રૂપે આપણી આંખો સમક્ષ ખડું છે. પુરુષાર્થની પરમ સિદ્ધિ કેવી હોઇ શકે, રજકણમાંથી ને શૂન્યમાંથી માનવશક્તિ શું સિદ્ધ કરી શકે તેનો જ્વલંત પદાર્થપાઠ માત્ર ત્રણ સૈકાની નાનામાં નાની વયની એ પ્રજા ભૂતકાળની વર્ષોજૂની પ્રાચીન પ્રજાઓને આજે શીખવી રહેલી છે.

હજારો વર્ષની જૂની આપણી ગૌરવવતી મહાપ્રજા આ બાલપ્રજાની પડખે ઊભી રહેવા જેટલી પણ પગભર થવા ક્યારે કટિબદ્ધ થશે? આપણો ભવ્ય ભૂતકાળ પણ આપણને એટલી પ્રેરણા નહિ આપી શકે? આપણો અલ્પસંતોષ, આપણું આશ્રુતોપિત્વ, આપણી કર્માધીનતા, અને એ સૌને લીધે ઘર કરી બેઠેલી આપણી જડતાને ખંખેરી આપણે ક્યારે બેઠા થઇશું? દિનેદિને નવા વાઘા સજતાં, ને ચાર વર્ષમાં ચારસો વર્ષ જેટલી પ્રગતિ કરતા આજના જગત સાથે ઊભું રહે તેવું, સચેત ને નવજોબનવંત આપણું વૃદ્ધ ભારત ક્યારે બનશે?

ઊઠ ઓ ભારતગાત્ર તુજ વાટ
જુએ છે જગત કાળમે ઘાટ.


(કૌમુદી) —સ્વ. અમૃતલાલ દાણી

સસ્તી કિંમતે પુસ્તકો

મૂળ કિંમત કરતાં ઠીકઠીક ઓછી કિંમતે પુસ્તકો મળી શકે તે માટે ઘડાએલી એક યોજના અનુસાર ૪૬૦ જેટલાં પુસ્તકો એ રીતે મળી શકે છે. તેની એક યાદી કિંમત વગેરે સાથે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ (રાવપુરા વડોદરા)એ બહાર પાડી છે અને તેમને લખી મંગાવવાથી મળી શકે છે.

ભારતને સીમાડે સૂતેલો
હંગેરીના તેજસ્વી કીર્તિતારક સમો પ્રસિદ્ધ ભાષાભિજ્ઞ પંડિત સરસ્વતીવરપુત્ર

સોમા કૉરૉસી



સોમાની સરસ્વતીયાત્રાનો માર્ગ દર્શાવતો નકશો

ઈ. સ. ૧૮૧૯ની વસંતઋતુના એક રવિવારની સુંદર પ્રભાતે હંગેરીના ટ્રાન્સિલ્વાનિયા ગામમાં વૃદ્ધ હંગેરિયન કાઉન્ટ ટૅલેકી તેના ઘરના દરવાજા પાસે ઊભો હતો. એવામાં પાળો ઝભ્ભો પહેરેલો એક હંગેરિયન જુવાન એક હાથમાં લાકડી ને બીજામાં નાનકડી પોટલી લઇને તેના આંગણા આગળથી નીકળ્યો. નિર્બળ શરીર છતાં દૃઢ પડતાં તેના પગલામાં ચેતનાની સ્ફૂર્તિ હતી; તેની તેજસ્વી આંખોમાં બુદ્ધિની ચમક હતી.

'ક્યાં ઊપડ્યા ભાઇ કૉરૉસી?' કાઉન્ટે પૂછ્યું.

'જાઉં છું એશિયામાં; આપણા પૂર્વજો-વડવાઓનાં ઉત્પત્તિસ્થાનની નિશાનીઓ શોધવા.' એટલું કહેતો તે ચાલ્યો ગયો; અને આશ્ચર્યચકિત નયને જોતા કાઉન્ટ ટૅલેકીની નજર આગળ જ. ખરેખર તેણે પોતાના ધ્યેયને સિદ્ધ કરવા પ્રસન્ન ચિત્તે જન્મભૂમિનો ત્યાગ કર્યો.

તેનાં સાધનોમાં નાની પોટલીમાં થોડાંક પુસ્તકો, પહેરવા પૂરતાં કપડાં ને રોકડા ૧૦૦ ફ્લોરીન (સિક્કા) જ હતા. શરીરે નિર્બળ ને નીચા કદનો છતાં ધારેલી મુરાદ પાર લાવવા અસાધારણ ઉત્સાહથી ઘેલો બનેલો આ અડગ નિશ્ચયી મહાપુરુષ પોતાની એ સરસ્વતીયાત્રાથી વિશ્વના જ્ઞાનનો એક પથદર્શક ત્યાગવીર બન્યો.

એનું આખું નામ ઍલેકઝાન્ડર સોમા દ કૉરૉ. (Csoma De Koros, Alexander). હંગેરિયન ભાષામાં Korosi Csoma Sandor—કૉરોસી સોમા સૅન્ડોર. હંગેરીના ટ્રાન્સિલ્વિયન કુટુંબની ઇગર-પાટક શાખામાં ઝેકલર* વંશના એક લશ્કરીનો એ પુત્ર હતો. ઇ.સ. ૧૭૯૦માં કૉરૉ નગરમાં તેનો જન્મ થયો. તેનું કુટુંબ કૉરૉનું વાસી તેથી તેઓ કૉરૉસી કહેવાતા. ઇ.સ. ૧૭૯૯માં નવ વર્ષની ઉંમરે નેગી એન્યીડ (Negi Enyed)ની પ્રોટેસ્ટંટ શાળામાં તે પાદરી તરીકેનું શિક્ષણ લેવા દાખલ થયો. પણ તેનો બુદ્ધિવિકાસ જોઈ પાછળથી ૧૮૧૫માં તેના કુટુંબે તેને જર્મની મોકલ્યો. ત્યાંની વિશ્વવિખ્યાત ગૉટિંગન (Gottingen) વિદ્યાપીઠમાં ત્રણ વર્ષ સુધી તેણે તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રની સાથે પૂર્વની ભાષાઓનો પણ અભ્યાસ કર્યો.

એ અરસામાં બ્લૅમનબેક નામના એક વિદ્વાને એવી શોધ બહાર પાડેલી કે એશિયાના મધ્ય ભાગમાં હજુ પણ ઘણી મૂળ જાતિઓ વસે છે, આથી તે વિષય પર તેનું ધ્યાન ખેંચાયેલું રહેતું હતું. હંગેરિયન પ્રજાનું ગૌરવ એને મન પ્રાણથી પણ અધિક હતું. યુરોપની પ્રજાઓમાં મોખરે એવી પોતાની એ ગૌરવશાલી પ્રજાનું મૂળ ક્યાં, તથા તેની ઉત્પત્તિ અને વિકાસ કેમ થયા તે જાણવાની એને લાંબા વખતથી તાલાવેલી લાગી હતી. ભાષાઓના અભ્યાસને લીધે એણે એવો મત બાંધ્યો હતો કે હંગેરિયન ભાષાના શબ્દો અને નામોનું મૂળ પૂર્વની ભાષાઓમાં જ હોવું જોઇએ. એટલે, આ વિષે વધુ તપાસ કરવાના ઉદ્દેશથી તેણે પોતાની પ્રસિદ્ધ યાત્રા શરૂ કરી. ઇ. ૧૮૨૫ના પોતાના એક પત્રમાં તેણે

* હંગેરીના તવારીખમાં એ ઝેકલર વંશ સીધો એટીલાના હૂણોમાંથી ઊતરેલો મનાય છે. આ હૂણ જાતિનું આદિનિવાસસ્થાન એશિયાના મધ્યમાં હતું.

લખ્યું છે કે 'ભાષા ઉપરાંત બીજા શોખના અભ્યાસ તરીકે તત્ત્વજ્ઞાન, ભૂગોળ અને ઇતિહાસ મારા પ્રિય વિષયો છે. ધાર્મિક અભ્યાસને લીધે મને મારા વતનમાં સારી જગ્યા મળી શકત; પણ ઉપર જણાવેલા ઉદ્દેશથી, અને ભાષાઓ પ્રતિ મારું અતિ વલણ હોવાથી ભવિષ્યમાં તેનો વિકાસ થાય તથા મારું જીવનધ્યેય જે હંગેરિયન ભાષાનું મૂળ શોધવાનું તે પણ પાર પડે એવું ક્ષેત્ર શોધવા વિચાર કર્યો. મારાં માતપિતા ગુજરી ગયાં હતાં. માત્ર એક ભાઈ છે; પણ તેને મારી સહાયની જરૂર નહોતી. એટલે મારો મુલક છોડીને પૂર્વમાં આવવાનો મેં નિશ્ચય કર્યો. કેવળ નિર્વાહ જેટલું મેળવી લેવું અને યુરોપના વિદ્યાભ્યાસીઓને ઉપયોગી થાય એવી શોધખોળ કરવામાં જીવન ગુજારવું એ મારું ઇષ્ટધ્યેય છે. એ સાધી શકાશે તો યુરોપના પ્રાચીન ઇતિહાસની ઘણી બાબતો સ્પષ્ટ થઈ શકશે.'

તેના આવા પ્રવાસ માટે શાહી પરવાનો મળવાનો સંભવ ન હોવાથી બુકારેસ્ટ ખાતે ધંધાનું કામ છે એવું બહાનું બનાવી તેણે નેગી એન્યીડથી છાપેલો હંગેરિયન પરવાનો મેળવ્યો. પ્રથમ એણે ક્રોએશિયા (Croatia)માં વાસ કર્યો અને કેટલોક સમય સુધી સ્લૅવોનિક ભાષાઓના અભ્યાસમાં ગુંથાયો. બુકારેસ્ટમાં તેણે તુર્ક ભાષા શીખી લઈ કૉન્સ્ટૅન્ટિનોપલ જવા ધારેલું. પણ તુર્કી ભાષા યે શીખાઈ નહિ તેમ કૉન્સ્ટૅન્ટિનોપલ પણ જવાયું નહિ; એટલે ૧૮૨૦ના જાન્યુઆરીની પહેલી તારીખે તે કેટલાક સાથીઓ જોડે ફિલિપોલીસ તરફ ઊપડ્યો. ત્યાં પ્લેગ ચાલે છે એવા ખબર મળતાં આર્કિપૅલેગોના કિનારા તરફ વળ્યો અને ત્યાંથી એક ગ્રીક વહાણમાં ઍલેક્ઝાંડ્રિયા ગયો. અહીં તેણે અરબ્બી ભાષાનો અભ્યાસ આરંભ્યો. કેમકે ગૉટિંગનમાં એના ગુરુ મહાન ઇકોર્ને (Eichhorn) તેને કહ્યું હતું કે મધ્યકાલીન યુરોપીય ઇતિહાસના અંધકારમય યુગ પર એ ભાષા અત્યંત પ્રકાશ પાડી શકે તેમ છે. પરંતુ ઍલેક્ઝાન્ડ્રિયામાં પણ પ્લેગની હવા ફરી વળી એટલે ત્યાંથી પણ તેને નીકળવું પડ્યું.

અહીંથી દરિયા માર્ગે સીરિયા જઈ તે ત્યાંથી પગરસ્તે ઍલેપ્પો તરફ વળ્યો. ૧૮૨૦ના જુલાઈમાં તે ઍલેપ્પોથી બગદાદ આવ્યો. આ બધો રસ્તો તેણે પગે કાપ્યો હતો અને જુદાજુદા કાફલાઓના સંગાથમાં એશિયાઈ પોશાકમાં તે પ્રવાસ કરતો. સપ્ટેમ્બરમાં તેણે બગદાદ છોડ્યું અને યુરોપીયન પોશાકમાં ઘોડા પર બેસી એક કાફલા જોડે ઑક્ટોબરની અધવચ્ચે તે તેહરાન પહોંચ્યો. ઇરાનની આ રાજધાનીમાં તે વખતના બ્રિટિશ એલચી સર હેન્રી વિલ્કૉકની સોબત અને મમતા ભોગવતાં તેણે ૧૮૨૧ના શિયાળા દરમિયાન ફારસી અને અંગ્રેજી ભાષાનું અધ્યયન કર્યું.

૧૮૨૧ના માર્ચમાં અહીંથી ફરી તે એક કાફલા જોડે નીકળ્યો. હવે તે આર્મીનિયન બનીને મુસાફરી કરતો. ઇરાનથી ખોરાસાન આવી નવ મહિના રહીને નવેમ્બરની વચમાં તે બુખારા પહોંચ્યો. ત્યાં તેણે આખો શિયાળો રહેવાનું ધારેલું, પણ એવામાં ગપો ઊડી કે મોટું રશિયન લશ્કર એ તરફ ચડી આવે છે. અહીંથી તેના પ્રવાસની ખરી વિટંબણાઓનો આરંભ થયો.

મધ્ય એશિયામાં કોઈક સ્થળે હંગેરિયન જાતિના ઉદયસ્થાનને લગતી પોતાની શોધખોળનાં સાધનો મળશે એવી એની ખાતરી હતી. પણ રશિયનોની



લાડખનો વૃદ્ધ બૌદ્ધ સાધુ

ચડાઇના આવેલા ખબરને લીધે હવે તુર્કસ્તાનમાંથી મધ્ય એશિયામાં જવાનું જોખમભરેલું હતું. આથી હવે દક્ષિણમાં જઇ ખૈબરઘાટમાંથી પંજાબ અને ત્યાંથી ઉત્તરે કાશ્મીરમાં થઇને તિબેટ જવા વિના બીજો ઉપાય નહોતો. પરંતુ એ અત્યંત દુષ્કર હતું. હિંદી સરહદના ભયંકર ઘાટ, ઘાતકી અફઘાનો, રણજીતસિંહનું વિશાળ સામ્રાજ્ય ને પશ્ચિમ હિમાલયની પ્રચંડ અગમ્ય પર્વતમાળાઓ તેના માર્ગમાં વિસ્તરેલી હતી. પરંતુ ભલભલા સાહસિકના હૃદયને થથરાવે એવા આ પ્રવાસે સોમાના વજ્ર જેવા હૃદય ઉપર લગીરે અસર કરી નહિ. કદાચ પોતે મરી જાય તો પોતાની વિદ્યાપીઠની ઉપાધિઓનાં પ્રમાણપત્રો પોતાની જન્મભૂમિમાં પહોંચાડવાની યોગ્ય વ્યવસ્થા કરી તે આ કઠોર ને ભયંકર પ્રવાસે નીકળી પડ્યો.

૧૮૨૨ના જાન્યુઆરીમાં તે કાબુલ પહોંચ્યો અને એક પખવાડિયું ત્યાં ગાળી પાછો એક કાફલા જોડે બામિયન ઘાટને રસ્તે તે આગળ વધ્યો. માર્ગમાં તેને રણજીતસિંહના ફ્રેંચ સરદારો જનરલ એલાર્ડ ને વેન્ચુરા મળી ગયા. તેમની સાથે તેણે પિછાન કરી અને લાહોર




રિપટૉક નામનો બૌદ્ધ મઠ. પર્વતની કેડ પર બાંધેલા આવા બૌદ્ધ મઠ એ લાડખની ખાસ વિશિષ્ટતા છે. આવા કોઇ મઠમાં બેસી સોમાએ તિબેટી ભાષાનો સમૃદ્ધ સાહિત્યભંડાર ફેંદ્યો હશે.

સુધી આવ્યો. તેમની સહાયથી કાશ્મીરમાં પ્રવેશ કરવાની તેને પરવાનગી મળી. તેનો ઇરાદો તે રસ્તેથી યારકંદ જવાનો હતો, પણ ખ્રિસ્તી પ્રજા માટે તે રસ્તો જોખમભરેલો ને ખર્ચાળ હોવાથી તે માર્ગ છોડી લાડક પ્રદેશના મુખ્ય શહેર લેહ સુધી પહોંચી તે પાછો ફર્યો.

આ વખતે તેના જીવનનો એક મહત્ત્વનો બનાવ બન્યો. લેહથી પાછા વળતાં કાશ્મીરની સરહદ પર તેને વિલિયમ મૂરક્રાફ્ટ નામના પ્રવાસીનો મેળાપ થયો. તેણે સોમાને પોતાની પાસે ૧૭૬૨માં રોમના કેપ્યુશીન સાધુનો રચેલો તિબેટન લિપિ અને ભાષાનો શબ્દકોષ હતો તે આપ્યો. તિબેટનાં જે અપ્રસિદ્ધ સાહિત્ય અને ભાષાને પ્રસિદ્ધિમાં લાવવાનું તેના ભાગ્યમાં લખ્યું હતું તે વિષેનો પ્રથમ જ ખ્યાલ તેને આ વખતે આવ્યો. મૂરક્રાફ્ટની સાથે તે પાછો લેહ આવ્યો અને તેણે આપેલા પુસ્તક ઉપરથી તિબેટી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. અહીં વળી તેને એક એવા માણસનો સંગ થયો જે તિબેટી અને ઉર્દુ બંને ભાષાનો અચ્છો જાણકાર હતો. આખો શિયાળો કાશ્મીરમાં રોકાઈ તેણે તિબેટી ભાષાનું અધ્યયન કર્યું. જેમજેમ તે એ ભાષા જાણતો ગયો તેમતેમ તેની ખાતરી થતી ગઇ કે દુનિયાનો રહસ્યમય અને અજબ જ્ઞાનભંડાર તો આ ભાષામાં જ ભર્યો પડ્યો છે. હવે તેને લાડક અને તિબેટના પ્રદેશ પર પથરાએલા અસંખ્ય મઠોમાં વિસ્તરેલા એ જ્ઞાનસાગરનું પાન કરવાનો નાદ લાગ્યો, અને પોતાની પાસે હતાં તેટલાં સમય ને શક્તિ એ ભાષા શીખવા પાછળ જ ગાળવા માંડ્યાં. તેણે પોતાનો આ ઇરાદો મૂરક્રાફ્ટને જણાવ્યો. તેણે તેને અંતઃકરણપૂર્વક ટેકો આપ્યો અને નાણાં તથા સરકારી ભલામણોની બની તેટલી સહાય કરી.

આમ મૂરક્રાફ્ટની ભલામણ અને લાગવગથી ફરીથી તે ૧૮૨૩ના મે માસમાં કાશ્મીર છોડી જૂનમાં લેહ પહોંચ્યો અને ત્યાંથી પશ્ચિમ-દક્ષિણ તરફ પ્રવાસ કરતો ઝંગલા ગયો. ત્યાંના મઠમાં થોડા માસ અધ્યયનમાં ગાળી ૧૮૨૪માં તે ઝાંઝકાર પહોંચ્યો. અહીંના લામાઓ પાસે તેણે તિબેટી સાહિત્યનો અભ્યાસ કર્યો. કઠોર ગરીબી અને એકાગ્ર અધ્યયનમાં, શૂન્ય (zero) ડિગ્રીથી પણ નીચેનો આંક બતાવતી કડકડતી હિમઠંડીમાં આ દોઢ વર્ષ તેણે કેવી મુસીબતોમાં ગાળ્યું



પશ્ચિમ તિબેટની રાજધાની અને લામાઓની મુખ્ય ધર્મનગરી
લ્હાસામાં પટાલા ટેકરી ઉપર મુખ્ય ધર્માધ્યક્ષ દલાઇલામાનો મહેલ.

છે તેનું વર્ણન તેણે પોતે તો કદી આપ્યું નથી. ડૉ. જિરાર્ડ (આય.એમ.એસ.) એનું વર્ણન આપતા લખે છે: 'તેના સાથીમાં તેના લામા ગુરુ સિવાય કોઈ જ નહોતું. સોમા, તેના લામા ગુરુ અને એક નોકર નવ ફૂટ ચોરસ ઓરડામાં ત્રણ-ચાર માસ સુધી તો ગોંધાએલા જ રહેતા. ઠંડી સખત હતી અને ચારે તરફ જમીન બરફથી છવાઈ રહેતી એટલે બહાર નીકળવાની હિંમત તો ક્યાંથી જ થાય ? ઘેટાના ચામડાના ઝભ્ભામાં શરીર ઢાંકી રાખી સવારથી સાંજ સુધી તે અધ્યયન કરતો. અજવાળા માટે દીવો કે હૂંફ માટે શગડી પણ નહોતી. શય્યાસ્થાને ભૂમિ અને ટાઢથી બચવાને માત્ર ખુલ્લી દીવાલો જ હતી.'

એવીએવી કઠણ હાલતમાં તેણે તિબેટી ભાષાના ચાળીસ હજાર શબ્દો મેળવ્યા અને એ ભાષાનું વ્યાકરણ તથા કોશ લગભગ પૂરાં કર્યાં. પણ આટલેથી તેને સંતોષ વળે તેમ નહોતું. તેને તો એ ભાષામાં રહેલાં અસંખ્ય રહસ્યમય પુસ્તકોનો પાર પામવો હતો. એટલે તરત જ તેની મહેનત પાછળ તે લાગ્યો. દિવસોના દિવસો સુધી મહને બારણે કંગાળ ઝૂંપડીમાં લામા પાસે બેસી તે બૌદ્ધ સાહિત્ય વાંચતો જ હોય. ઠંડીની ભયંકરતા એટલી બધી હતી કે પુસ્તકના પાનાં ફેરવવા માટે ઝભ્ભામાંથી હાથ કોણ બહાર કાઢે તે વિષે પણ મૌન ચડસાચડસી ચાલતી; પણ ઘણેભાગે સોમાનો જ હાથ હિમના ઝપાટા ખાતો બહાર આવતો.

૧૮૨૪નો શિયાળો બેસતાં ઝાંઝકાર છોડી તે બ્રિટિશ હદમાં સબાથુ ગામે આવ્યો. આ વખતે હિંદ પર રશિયાની ચડાઈ થવાનો ભય હોવાથી પહેલાં તો તેને જાસૂસ માની રોકવામાં આવ્યો, પણ મૂરક્રાફ્ટની ભલામણથી તે શક દૂર થયો. પછી તો તેનો અભ્યાસ આગળ વધારવા બ્રિટિશ સરકાર તરફથી રૂ. ૫૦)ની શિષ્યવૃત્તિ પણ મળી. છતાં પોતાના ચારિત્ર્ય પર આવેલા આક્ષેપને તે જિંદગીપર્યંત ભૂલી શક્યો નહિ.

૧૮૨૫માં ફરી પાછો તે તિબેટમાં ગયો અને ત્યાંના મઠોમાં બે વર્ષ સુધી અતિ ગરીબીમાં રહી અભ્યાસ વધાર્યો. પણ ૧૮૨૭ના જાન્યુઆરીમાં તે બહુ નિરાશ થઈ પાછો આવ્યો; કેમકે તેના લામા ગુરુઓએ હવે વધુ ભણાવવાની ના પાડી હતી અને તેનો શ્રમ અને પૈસા નિષ્ફળ ગયા હતા. તેને પોતાના મનોરથો બધા ભાંગી પડતા લાગ્યા. જે મુખ્ય ધ્યેય લક્ષમાં રાખી તે નીકળ્યો હતો તે તો હજી બાજુએ જ રહ્યું હતું. હજુ સુધી તેને તેના પૂર્વજો વિશે તો કશું જાણવાજોગું મળ્યું જ નહોતું. ભગ્ન હૃદયે પાછા આવીને તેણે અત્યાર સુધીની પોતાની મહેનતના પરિણામ રૂપ જે કાંઈ સંગ્રહ પોતાની પાસે હતો તે, સરકારે આપેલી સહાયના બદલામાં, કલકત્તાની એશિયાટિક સોસાયટી સન્મુખ મૂકવાની ઉત્કંઠા દેખાડી. એ સંગ્રહમાં પૂર્ણ ગવેષણાપૂર્વક લખેલો તિબેટી ભાષાનો સુંદર કોશ ને હસ્તલિખિત તથા છાપેલા ગ્રંથોનો વિશાળ સમૂહ હતાં.

પણ ૧૮૨૭ના જૂન માસમાં કૅપ્ટન કેનેડીએ તેને જણાવ્યું કે તેની નિષ્ફળતાથી હિંદી સરકાર નારાજ થઈ નથી અને જો તે પુનઃ પ્રવાસની ઇચ્છા

રાખતો હોય તો તેનું વેતન બીજાં ત્રણ વર્ષ ચાલુ રાખવા સરકાર ઇચ્છતી હતી. આથી ફરી તે કાનુમ ગયો અને પ્રબળ પરિશ્રમપૂર્વક અભ્યાસમાં ગૂંથાયો. તેણે ચાળીસ હજાર શબ્દોનો કોશ તો પૂર્ણ કર્યો હતો; તે ઉપરાંત પાંચસોથી સાતસો પાનાંનો એક, એવા સવા બસો ભાગમાં સમાએલા તિબેટી વિશ્વકોશનાં ચુમાળીસ પુસ્તકો વાંચી નાખ્યાં !

સેબાથુથી બસો માઇલ દૂર, દરિયાની સપાટીથી ૯૫૦૦ ફીટ ઊંચે તેનું નિવાસસ્થાન હતું. એક ભાંગેલી પાટ, બે ખુરશીઓ અને પુસ્તકો સિવાય તેના ઝૂંપડાંમાં કશું ફર્નિચર નહોતું. તેના ક્ષુદ્ર વેતનમાંથી પાઈ પણ સામાન્ય મોજશોખને અર્થે બચતી નહિ. બકરાંનું માંસ મફમાં પુષ્કળ હતું, પરંતુ તે પણ ખરીદવાની તેની શક્તિ ન હતી. પગારના પચાસમાંથી અરધી રકમ તે પોતાના ગુરુને આપતો ને પાંચ રૂપિયા ઘરભાડા તથા નોકરમાં જતા. બાકીના વીસમાંથી ઘણેભાગે પુસ્તકો, હસ્તલિખિત ગ્રંથો ને લખવાનાં સાધનો તે ખરીદ કરતો. આવી ગરીબીમાં પણ મદદ માટે કોઇની પણ વિનતિને તે અભિમાનથી પાછી વાળતો. તેના એવા એકાંતવાસમાં તેને આનંદ મળે એવી ઇચ્છાથી થોડાંક રોજિંદાં વર્તમાનપત્રો આપવાનો તેના મિત્ર જિરાર્ડે આગ્રહ કર્યો, પરંતુ સોમાએ નમ્રતાથી તેની પણ ના પાડી. કારણકે એક તો એવી બાબતમાં તેને રસ પડતો નહિ, અને બીજું એ કે પોતાને આર્થિક મદદ આપનાર સરકારના સમયનો એવા વાચનમાં દુરુપયોગ કરવાની તેની ઇચ્છા ન હતી.

કેટલાક અદેખા વિદ્વાનો તેના વિરુદ્ધ તરેહવાર વાતો કરતા, પણ ડૉ. વિલ્સન ને પ્રિન્સેસ જેવા ધુરંધર વિદ્વાનો તેના ગાઢ મિત્રો હતા. તેઓની સૂચના ને ભલામણથી સરકારે તેના કોશને પ્રસિદ્ધ કરવાનું ઔદાર્ય દેખાડ્યું. આથી ૧૮૩૨ના મે માસમાં તે કલકત્તા આવ્યો. તેના મિત્રોએ તેને એશિયાટિક સોસાએટીના મદદનીશ પુસ્તકાધ્યક્ષ તરીકે નીમ્યો અને તેણે કોશનું કામ ચલાવ્યું. ૧૮૩૪માં એ મહાન ગ્રંથ પૂર્ણ થયો અને ત્યાર પછીનાં વર્ષોમાં નેપાળના પાસપોર્ટ લઇ તેણે બંગાળાની વિશાળ યાત્રા કરી તથા સંસ્કૃત અને અન્ય દેશી ભાષાઓનું અધ્યયન કર્યું.

૧૮૩૭માં તે ફરી કલકત્તા આવ્યો અને એશિયાટિક સોસાએટીના અધ્યક્ષસ્થાને નિમાયો. આ સમયે તેની પાસે ૧૦૦૦ કરતાં વધુ તિબેટી ભાષાના ગ્રંથો હતા. એશિયાટિક સોસાએટીના મકાનમાં એક નાની ઓરડીમાં બેસી તેનું લેખનકાર્ય તે કરતો ને ભાગ્યે જ બહાર નીકળતો. માત્ર અંગની છૂટ તથા કસરત ખાતર સોસાએટીના કૅમ્પાઉન્ડમાં કે ઉપરની લાંબી ગૅલેરીમાં સાયંકાળે થોડી લટાર લેતો. પછી અધ્યયનના સ્થાનમાં પાછો જતો ને નોકર પાસે બહારથી તાળું દેવડાવતો. જ્યારે કોઇ ખાસ મુલાકાતે આવે ત્યારે ભારેભારે ચાવીઓ લાવી નોકર ઉઘાડે ત્યાં સુધી આવનારને ખોટી થવું પડતું. દાર્જિલિંગનો સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. કૅમ્બેલ લખે છે કે 'તેની સંપત્તિમાં પુસ્તકો અને લેખોથી ભરેલી ચાર પેટીઓ હતી. થોડાં ખમીસ અને એક જ બદામી ઝભ્ભો (જે તે હમેશાં પહેરી જ રાખતો અને જે પહેરીને મરી ગયો) તે સિવાય વધુ કપડાં પણ તેની પાસે નહોતાં. થોડાક ઓછાડ ને રાંધવાનું એક જ વાસણ હતું. ખોરાકમાં માત્ર ચા ને જૂજ ભાત તે લેતો. એક સાદડી ઉપર બેસતો અને સૂઈ પણ ત્યાં જ રહેતો. રાત્રે પણ તે પોષાક કાઢતો નહિ. દિવસે ક્યાંય બહાર જવાનું તેને ગમતું નહિ. દારૂ, તમાકુ કે બીજી માદક વસ્તુઓનો સ્પર્શ પણ તે કરતો નહિ.'

નવ વર્ષની મહેનતને અંતે તેનું કોશનું કામ તો પૂરૂં થયું; પણ તેનું મૂળ ધ્યેય હજી પાર પડ્યું ન હતું. પોતાની જાતિ અને ભાષાનું મૂળ શોધવા માટેના પ્રયત્નોના વિચારમાં જ રાત ને દિવસ તે મશગૂલ રહેતો. કોઇકોઈવાર તે એકલો ઊંડા ધ્યાનમાં ઊતરી જતો, તો કોઇવાર વિચાર આવતાં વળી સ્મિત કરતો. પુરાણકાળના એશિયાની વિચારસૃષ્ટિમાં તે એટલો રચ્યોપચ્યો રહેતો કે હાલના યુરોપનો ખ્યાલ પણ ભૂલી ગએલો જણાતો. તેની અભિલાષા તો લ્હાસા જઇને ત્યાંના બેમૂલ તિબેટી સાહિત્યોદધિમાં અવગાહન કરવાની ને પછી ત્યાંથી આગળ જવાની હતી, એટલે કલકત્તામાં સ્થિર બેસી રહેવું તેને ચેન કેમ પડે ?

એટલે ૧૮૪૨માં તેણે કલકત્તા છોડ્યું અને ટિટાલિયા ગયો. તેનો વિચાર ભૂતાન, સિક્કીમ ને નેપાળ જોઇ લેવાનો હતો. કર્નલ લૉઇડ તેને પોતાના બંગલામાં રાખવાની ગોઠવણ કરી, પણ તેથી કંઇ લોકસમુદાયનો સાચો સમાગમ, પરિચય અને અભ્યાસ થઈ શકે નહિ




છાયાછબી

૮૮મા અંકમાં આપી હતી તેવી આ બીજી ગમ્મત છબી. એ અંકમાં સમજાવ્યા પ્રમાણે એમાંથી-કાળો ભાગ ધારદાર ચપ્પુ વડે કાપી પ્રકાશમાં રાખો પડછાયો જોઈને ઓળખી બતાવે કે આ છબી કોની છે.......

એટલે એ તો કર્નલનું આમંત્રણ માનપૂર્વક નકારી એ દેશનાં ઝૂંપડાંમાં રહેવા લાગ્યો. લૉર્ડે તેને માટે બની તેટલી કાળજી રખાવી; પણ છતાં તેની મુફલીસી તેણે ન છોડી. તે નોકરને મહિને ચાર રૂપિયા પગાર આપતો ને એટલા જ ખર્ચમાં પોતાનું ખર્ચ નિભાવતો!

લ્હાસા તો તેનાથી જવાયું નહિ, પણ એકાદ વર્ષ આમ અભ્યાસમાં ગાળી તે પાછો કલકત્તે આવ્યો અને બીજા ઘણા વિદ્વાનોને મળ્યો. આ વખતે તેનું ઘર કેવું હતું તે વિષે ડૉ. મલાન નામના એક વિદ્વાન લખે છે: 'સોમા કૉરૉસીનો વિચાર આવતાં લાગણી અને પ્રેમથી મારું હૃદય ભરાઇ આવે છે. ઇંગ્લંડ જતાં પહેલાં મેં તેનું તિબેટી વ્યાકરણ અને કોશ જોયાં હતાં, પણ એશિયાની એક સમૃદ્ધ ભાષા જાણવાનો માર્ગ ખુલ્લો કરનાર એવા પુરુષને રૂબરૂ મળવાનો મને યોગ મળશે એ તો હું સ્વપ્નવત્ માનતો હતો. રોમમાં અસલ પ્રસિદ્ધ થએલી લિપિથી મને કાંઇ જ ખુલાસો થતો નહોતો, એટલે કલકત્તે આવતાં વેંત જ હું સોમા કૉરૉસીને મળવા એશિયાટિક સોસાએટીના મકાન પર ગયો. અને મેં શું જોયું? મધ્યમ બાંધાનો, કેટલા યે વિચિત્ર પ્રવાસોની અસરથી ચીમળાએલા ચહેરાવાળો, પણ પ્રેમી ખુશમિજાજી અને પોતે જાણતો હોય તે બધું કહેવાને તત્પર એવો નિખાલસ સ્વભાવનો વિદ્વાન! પણ તે બહુ શરમાળ ને નિસ્પૃહી હતો. તેની પાસે શીખવા જવા માટે રોજ નદી પાર કરીને જવું પડે તેમ હતું એટલે અઠવાડિયામાં એક વાર તેની પાસે તિબેટી ભાષા શીખવાનું મેં ઠરાવ્યું. તે વાત તેણે આનંદથી સ્વીકારી, પણ એ કામ બદલ ફી લેવાનું તેણે કોઇ પણ રીતે માન્યું નહિ. ગમે એટલો વખત શીખો પણ શરત એ કે ફી વિના શીખો —શિક્ષણપ્રેમ અને આત્માના આનંદને ખાતર. આથી વારેવારે જતાં મને ક્ષોભ થતો તોપણ બને એટલું હું જતો.

તિબેટી ભાષામાં રસ લેનાર ત્યાં હું એકલો જ નીકળ્યો એટલે તેની ને મારી વચ્ચે મૈત્રી બંધાઇ. પણ અફસોસ! એ ઝાઝો વખત ભોગવાઈ નહિ. મારે વહેલા નીકળવાનું ઠર્યું. જુદા પડતી વખતે તેણે પોતાની પાસે જે કુલ ત્રીસ તિબેટી પુસ્તકો હતાં તે બધાં જ મને આપી દીધાં. તેના એ સ્મરણાવશેષો મારે મન અતિ મોઘાં છે. તેનાં વ્યાકરણ અને કોશ જે અમે સાથે



લાડખની સ્ટૉક ખીણનો વતની

બેસીને વાંચતા તે હું હજી હમેશાં વાપરૂં છું.'

સોમાના ઉદ્યમશીલ મનને જરા પણ નવરા તો બેસી રહેવું પસંદ જ નહોતું. સરકારનું ઋણ પૂરું કરેલું હોવાથી તેણે ફરી પોતાનો અભ્યાસ શરૂ કરવાનો નિશ્ચય કર્યો. તેની નજરે ચમત્કૃતિપૂર્ણ લ્હાસાના વિશાળ મઠો અને તેમાં સંઘરાયેલું અપ્રસિદ્ધ વિશાળ સાહિત્ય તરવરતાં હતાં. તેથી યે દૂરદૂર, અણશોધ્યાં સાહિત્યપૂર ને ભાષાભંડારવાળું ચીનનું નિઃસીમ સામ્રાજ્ય પથરાએલું હતું અને ત્યાં મધ્ય એશિયામાં હંગેરિયન પ્રજાના મૂળ વિષેનાં પ્રમાણો મળી આવે એવી તેને આશાભરી ખાતરી હતી. તેની ઉમર અઠ્ઠાવન વર્ષની થઇ ગઇ હતી. એકાંતવાસ, તિતિક્ષા અને પ્રચંડ પરિશ્રમથી તેની શક્તિ હરાઈ ગઈ હતી. એક લેખક આ સમયની તેની દશાનું વર્ણન કરતાં લખે છે કે 'મને તો લાગતું હતું કે તેની વૃદ્ધાવસ્થાને લીધે તે ફરીથી પોતાની જન્મભૂમિમાં ભાગ્યે જ જઇ શકશે. તેણે હજી બીજાં દસ વર્ષ સુધી આ ભૂમિમાં રહીને પ્રાચીન પુસ્તકોમાંથી જેટલું જાણી શકાય તેટલું જાણવાનો નિશ્ચય કર્યો.


એણે વેઠેલા એકાંતવાસથી ગમે તેવા દૃઢ શરીરને પણ ઘસાઇ જતાં વાર લાગે નહિ.'

પરંતુ સૌમાને બન દેહનું મહત્ત્વ નહોતું. એના ચિત્તમાં તો એક જ લક્ષ્ય રમી રહ્યું હતું, અને એ સાધવા તેણે છેવટનો ભગીરથ પ્રયત્ન કરવાનો સંકલ્પ કર્યો. પોતાની આ મુસાફરી કદાચ છેવટની પણ નીવડે એવું લાગવાથી તેણે પોતાની સંપત્તિની યોગ્ય વ્યવસ્થા કરવાનું એશિયાટિક સોસાએટીને સોંપ્યું.

આમ ૧૮૪૨ની શરૂઆતમાં તે ફરી લ્હાસા જવા કલકત્તાથી નીકળ્યો. એની આંખમાં આનંદનાં અશ્રુ હતાં. ધ્યેયને સિદ્ધ કરવાના અદમ્ય ઉત્સાહ અને વીરશ્રીથી તેનું મોં ચમકતું હતું. પ્રફુલ્લ હૃદયે તે નીકળ્યો અને પગપાળો તરાઇમાં થઇ તા. ૨૪મી માર્ચના રોજ દાર્જિલિંગ પહોંચ્યો. અહીં તેને પૂરતા પાસપોર્ટ મેળવવા થોડોક સમય રોકાવાનું થયું. દરમ્યાન ત્યાં ડૉ. આર્કિબાલ્ડ કૅમ્પબેલે તેની વિચારમાળામાં તેને બહુ સહાનુભૂતિપૂર્વક સહાય કરી. લ્હાસા પહોંચવાનો યશ તે સૌથી વધુ માનતો. આનંદ ને ગૌરવથી તે બોલી ઊઠતો કે 'જ્યારે હું લ્હાસા પહોંચીશ ત્યારે મારા જેવી સ્થિતિ પ્રાપ્ત કરવાને હોડ્જ્સ, ટર્નર અને યુરોપના અન્ય તત્ત્વજ્ઞાનીઓ કેટલો ભોગ આપવા ઉત્કંઠા ધરાવશે!'

પરંતુ આ મર્ત્યલોકમાં તેને હવે વધુ સમય રહેવાનું ન હતું. તા. છઠ્ઠી એપ્રિલના દિવસે તેને તાવ આવ્યો. તેનું નિર્બળ અને જીર્ણ શરીર એનો હુમલો ખમી ન શક્યું અને અંતે પાંચ દિવસ પછી તા. ૧૧મી એપ્રિલ ૧૮૪૨ના રોજ મહાયાત્રા માટે એણે પ્રસ્થાન કર્યું. સરસ્વતીના સાહિત્યતીર્થે એણે પ્રાણાહુતિ આપી. દેવદારૂના વૃક્ષરાજીના કુંજમાં, ગગનચુંબી ભૂધરોની પાસે, દાર્જિલિંગના સમાધિગૃહમાં એના મૃતદેહને દાટવામાં આવ્યો.

તેના અવસાનના સમાચાર મળતાં જ બંગાળાની એશિયાટિક સોસાએટીએ એકદમ દાર્જિલિંગમાં ડૉ. કૅમ્પબેલને રૂા. ૧૦૦૦ મોકલી આપ્યા અને તેમાંથી તેની કબર ચણાવીને એ સરસ્વતીસેવક હંગેરિયન યાત્રીનું યોગ્ય સ્મારક કરાવ્યું. હિંદી સરકારે એ સાચા નિષ્કામ વિદ્વાનની કબરની કાયમ સંભાળ રાખવાની દાર્જિલિંગના રેસિડેન્ટને ખાસ હુકમ કાઢી ભલામણ કરી; હંગેરિયન ઍકેડેમી સન્મુખ પ્રસિદ્ધ નવલકથાકાર ઇઓટ્રોસે (Eotros) ગદ્‌ગદ્‌ કંઠે એના સાહિત્યદેહની સ્તુતિ કરતાં નિવાપાંજલી અર્પી.



દાર્જિલિંગમાં આવેલી સોમા કૉરૉસીની કબર

પ્રાચીન ધર્મ અને ભાષાના અભ્યાસ પાછળ શૌર્યભરી ઉપાસનાનો ભોગ આપનાર જ્ઞાનના આ ફકીરે મરતાં અગાઉ ડૉ. કૅમ્પબેલ આગળ પોતાના જીવનનું લક્ષ્ય જણાવ્યું હતું. પૂર્વ અને પશ્ચિમ એશિયા ઢૂંઢવા નીકળવાનું મૂળ કારણ એ હતું કે તેની પોતાની જાતિનું મૂળ વતન હૂણોની રાજધાની હતું એવી તેની માન્યતા બંધાઇ હતી. એટલે એના તમામ પ્રયત્નો એ મગિયર જાતિના મૂળ વતનના સંશોધન પાછળ જ ખેંચાએલા હતા. આ મુલક તે લ્હાસાની પૂર્વોત્તર તરફના ખામ પ્રદેશમાં તથા ચીનની ઉત્તર હદ પર આવેલો હતો. ત્યાં પહોંચવું અને ત્યાંના સાહિત્ય તથા બીજાં સાધનો વડે સંશોધન કરવું એ તેની મોટી નેમ હતી. તેને તો પાકી આશા હતી કે ત્યાં જ તેની મૂળ જાતિનું આદિસ્થાન મળી આવશે. દરમિયાન વચલા સમયમાં ભાષા અને સાહિત્યનું ખૂબ સંશોધન કરવું અને પૂર્વ તિબેટના વિદ્વાન લામાઓ સાથે વાતચીત કરી સમાગમ વધારવો એ તેની અભિલાષાઓ હતી. લાડક અને ખાનચુમના લામાઓ કરતાં પણ લ્હાસાના લામાઓ વધુ વિદ્વાન હતા, તેથી

તેમનો સંપર્ક પામવાની તેની ઉત્કંઠા હતી. આ સિવાય આવા પ્રવાસથી મળનારા બીજા લાભો તરફ તેણે કદી ધ્યાન આપ્યું નહોતું.

૧૮૨૦ના ઑક્ટોબરની ૨૧મી તારીખે તેહરાનથી તેણે પોતાને વતન લખેલા એક પત્રમાં લખેલું કે: 'મારી પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરવાને તથા પ્રજા તરફનો મારો પ્રેમ અને ઋણ દાખવવાને હું બહાર નીકળ્યો છું. મારી પ્રજાનું મૂળ શોધવાની જે જ્યોત જર્મનીમાંથી મારા દિલમાં પ્રકટી છે તેને વિઘ્નો, સંકટો કે ગમે તેટલો અગવડભર્યો પ્રવાસ વેઠીને પણ હું પાર પાડીશ. અત્યાર સુધી તો પરમાત્માએ દયા બતાવી છે. અને બીજું કોઈ નવું વિઘ્ન નહિ આવે તો થોડા જ વખતમાં હું બતાવી આપીશ કે મારી કલ્પના બીનપાયાદાર નહોતી.'

પરંતુ, લ્હાસાની પૂર્વોત્તર દિશાએ તથા ચીનની પશ્ચિમ સરહદ પર રહેતી મગિયર જાતિમાં પોતાના હંગેરિયન પિતૃઓના એશિયાઇ વડવા હોવા જોઇએ એવી તેની જે માન્યતા હતી તે તેના દેશના લોકોને માન્ય નહોતી. તેઓ તેની એ વાત નાપાયાદાર કલ્પના જ લેખતા. અને આખરે તો એ તેની ભ્રમણા જ ઠરી. હંગેરિયન ભાષા યુગેરિયન અને તુર્કો–તાતાર ભાષાના મિશ્રણથી બનેલી છે એવો નિર્ણય હમણાં સિદ્ધ થયો છે. પણ તેથી શું? તેથી કાંઇ તેની ધ્યેયનિષ્ઠા, અડગ નિરધાર અને અવિરામ સમર્થ પ્રયત્નોનું મૂલ્ય લેશમાત્ર ઓછું થતું નથી. અને તેની મૂળભૂત કલ્પના ખોટી ઠરી હોવા છતાં પણ જે ભીષણ પ્રયત્નો વડે તેણે તિબેટી ભાષા હસ્તગત કરીને તેનો ભંડાર જગત સમક્ષ રજુ કર્યો તેને માટે, તથા એ ભાષાના સર્વકોવિદ એકાગ્ર બુદ્ધિના પ્રખર પંડિત અને આત્મત્યાગી વીર તરીકે તો તેના દેશમાં તેનું નામ આજે પણ સુપ્રસિદ્ધ અને વંદનિય છે.

જર્મન વિદ્વાન મૅક્સમુલરે હ્યુએનસંગ માટે જે કહ્યું હતું તે સોમા કૅારૅાસીને યથાર્થ લાગુ પડે છે: 'બુદ્ધવિદ્યાલયની કોટડીમાં, કેવળ અજાણ્યા પરદેશીઓ વચ્ચે, ફકીર જેવી નિષ્કિંચન મુફલીસીમાં રહીને, તદ્દન પારકી ભાષાના અભ્યાસમાં રચ્યાપચ્યા રહેલા આ ઉપાસકના જીવનમાં જે સત્ત્વ દેખાય છે તેને લીધે તેનું નામ ગ્રીસના વીરો કે રોમના ધર્મભોગ બનેલા શહીદ સંતો, અથવા ક્રુઝેડના સિપાહીઓ કે ઉત્તર ધ્રુવના બહાદુર શોધકોની હરોળમાં આવીને ઊભું રહે છે.'

કંઇક કાચા રહી ગએલા તાર્કિક વિદ્વાનોની પેઠે તે ખોટા ખ્યાલનો ભોગ થઇ પડેલો, છતાં એ મહા પુરુષના જેટલો નિઃસીમ ભોગ આપીને જગતના સારસ્વતપ્રવાહમાં સાહિત્યસ્રોતસ્વિની વહેવડાવનારા ક્વચિત જ ઉત્પન્ન થયા છે. **To strive, to seek, to find and not to yeild** (મહાસિદ્ધિ માટે મથવું, જયી થાવું, ન નમવું) એ જાણે સોંમાનું જીવનસુત્ર હતું. ભલે કદાચ એની ગણના જગતની મહાન નિષ્ફળ વિભૂતિઓમાં કરવામાં આવે, છતાં 'પ્રાપ્તિ' કરતાં 'પ્રાપ્ત કરવામાં પડેલા શ્રમ'નું મહત્ત્વ હમેશાં ચડિયાતું છે.

હંગેરીની પ્રજાનો આવો તેજસ્વી કીર્તિતારક ભારતને સીમાડે પોતાની સદાની સોડ તાણી સૂતો છે. જગતનાં ભાવનાશીલ નરનારીઓ ને વિદ્વાનો દાર્જિલિંગ જાય છે ત્યારે એક વાર તેની સમાધિ આગળ મૌન અંજલિ આપ્યા વિના રહેતાં નથી.

ફોકટ ચિંતા આપણી

સોરઠા

દરિયા કાંઠે પાળ, બાંધો કે બાંધો નહિ;
(જેણે) પોતે બાંધી પાળ: ફોકટ ચિંતા આપણી.

ડુંગર માથે ઝાડ, પાણી પાઓ કે નહિ;
(જે) ઊગે આપોઆપ: ફોકટ ચિંતા આપણી.

સિંહણ કેરાં બાળ, શીખવો લડતાં કે નહિ,
(જે) શૂરાં જન્મ્યા સાથ: ફોકટ ચિંતા આપણી.

અંતરનો અંગાર, હોમો ઈંધણ કે નહિ,
(જે) સળગ્યો જીવન સાથ: ફોકટ ચિંતા આપણી.

સુન્દરમ્

આ વાતનો નાયક ... અમેરિકાનાં ગગનચુંબી બાંધકામો પર, સેંકડો ફીટ ઊંચે અવકાશમાં વેંતભરનાં પાટિયાં પર હથેલીમાં જીવ

આ વાતનો નાયક ગુજરી ગયો છે. તેને જેવી રીતે મરવાની આશા-અભિલાષ હતી તેવી રીતે તે 'પહેર્યે પગરખે જ ચાલી નીકળ્યો.' મૉસ્કિટો બિલી તેનું નામ. હું ધારું છું કે આજે તો માત્ર ન્યૂયૉર્કનાં પરાંઓમાં કોઈક સ્થળે એકાદો નાનો ક્રૉસ કે આરસનો ટુકડો તેના છેલ્લા અવશેષોનું આરામસ્થાન દર્શાવી રહ્યો હશે; અને પેલા 'પૂલ બાંધનારાઓ'ના નામથી ઓળખાતા ઔદ્યોગિક વીરોમાંના એના સાહસિક ગોઠિયાઓએ તો એને કદાચ વિસારી પણ મૂક્યો હશે. પણ હું તો પરમ સંતોષની લાગણી સાથે આજ આટલે વર્ષે પણ તેના સ્મરણમાં રાચું છું. એ સંતોષ એટલા માટે કે હું એક વાર એ ઝિંદાદિલ મરદ ને હસતા દિમાગબાજ બિલીને મળ્યો હતો અને તેની સાથે વાતો કરી હતી.

એ વખતે હું એક છાપાનો ખબરપત્રી હતો. બિલી એ વેળા ન્યૂ યૉર્કના મૅનહટન બરો અને બ્રુકિલનને જોડી દેતી સાંકળનો ત્રીજો મકોડો—પેલો આજનો જગવિખ્યાત જંગી મૅનહટન બ્રિજ—બાંધવામાં જિંદગીનું હમેશનું જોખમ ખેડનારા કોડીબંધ લોખંડી કામગારોમાંનો એક હતો.

વાત આમ બનેલી. બિલી 'અણી ચૂક્યો હતો.'* પૂલ પર કામ કરતાં જીવલેણ અકસ્માતમાંથી તે છટકી ગએલો. એક વાર જરા નીચેના એક ડેલ પર તે ચાલતો હતો. તે જ વખતે તેના માથા પર, એ પૂલના એક લોખંડી મિનારાની ટોચેથી, કોઈએ બેદરકારીની એક પકડ પડતી મૂકી. બિલીએ તેને સરેરાટ આવતી સાંભળી. પણ એ સાંકડા ડેલ પર જલદીથી આઘાપાછા થવાય તેમ નહોતું. પકડ બરાબર બિલીના માથામાં વાગી. તરત જ તે સમતોલપણું ખોઈ બેઠો. આધાર માટે જે કાંઈ હાથ આવે તે પકડવા તેણે ઝાવું નાખ્યું. ભાગ્યવશાત્ એક પાટિયું તેના હાથમાં આવ્યું. તેણે તેની આસપાસ હાથના આંકડા ભીડ્યા. પણ પાટિયાએ તેને ટેકવી રાખવાની ના પાડી અને બિલી તથા પાટિયા બંનેએ ધરેરાટ કરતી ૧૩૫ ફીટ નીચે વહેતી નદી તરફ સફર શરૂ કરી.

---

* પણ 'અણી ચૂક્યો સો વરસ જીવે' એ કહેવત બિલીના ધંધાને લાગુ પડે તેવી નથી. અને ખરેખર બિલીએ એ કહેવત ખોટી પાડી.

બાંધકામ પર એકેય આદમી એવો નહોતો કે જેણે બિલીને જીવતો જોવાની આશા રાખી હોય. પણ બિલીએ એ સૌની શંકા ખોટી પાડી. જે પળે બિલી અને પાટિયું ધુબ્બાંગ કરતાં પાણીમાં પડ્યાં તેની બીજી જ પળે બંને તરવા માંડ્યાં ને કિનારા ભણી ચાલી નીકળ્યાં. બિલીએ પાટિયાની હોડી બનાવી ને પગ વતી ચલાવવા માંડ્યું. તે કિનારે પહોંચી શકે એટલી શક્તિ તો ક્યાંથી રહી હોય? પણ તેને લેવા એક બોટ ઉતારવામાં આવી અને તેને કાંઠે આણી દવાખાનામાં મોકલાવ્યો. ત્યાં થોડા થીગડાં મરાવી એકાદ દિવસ આરામ લેવા તે ઘેર ગયો.

આ અકસ્માતની ખબર અમારા છાપાની ઑફિસમાં આવી. અમારા તંત્રીની જાણમાં તો, આવા ઊંચા ને જંગી નવા પૂલ પરથી પડતાં છતાં પોતાનો અનુભવ કહેવા જીવતો રહેનાર બિલી પહેલો જ હતો, એટલે તેને મળી તેના પરાક્રમની વાત મેળવવાનું કામ મને સુપ્રત થયું.


પણ બીજી જ સવારે મેં બિલીને તે જ પૂલ પર કામે ચડી ગએલો જોયો! પકડે તેની ખોપરી લગભગ તોડી નાખી હતી. તેના માથા પર જમણી બાજુના અર્ધા ક્ષેત્રફળમાં મલમપટ્ટાનો શણગાર હતો! છતાં જે ડેલ પરથી તે આગલે દિવસે પડી ગયો હતો તે જ ડેલ પર ઊભોઊભો તે દાંત દેખાય તેટલું તિરસ્કારભર્યું હસતો હતો!

મારા સવાલના જવાબમાં પહેલાં તો તે ખડખડાટ હસ્યો. 'મને કેવું લાગ્યું? સાચું કહું તો ઘડીભર તો હું હેબત ખાઈ ગયો. નીચે જતાંજતાં હું મારી મા માટે પ્રાર્થના જેવું કંઈક બોલ્યો. પણ તે વેળા મોંઢેથી કંઈ બબડેલો કે ફક્ત મનમાં જ પ્રાર્થના પસાર થઈ ગઈ એ કહી શકાય નહિ. હાથ ને પગ, પાટિયાં ને પૂલના ગર્ડરો, નદી ને બધું જાણે ખીચડો થઈને મારી સામે ધસતું હતું. પણ જ્યારે હું ધુબ્બાંગ કરતોક ને એ જૂની નદીમાં ખાબક્યો ત્યારે મેં જાણ્યું કે હવે ભલે તરવાની તાકાત રહી ન હોય પણ જીવનો વાંધો નહિ આવે. મારા તપેલા મગજ પર નદીનું ટાઢું પાણી બહુ ગમતું લાગ્યું અને પાટિયાને હું બરાબર ચોંટી રહ્યો. એણે જ મને ઉગાર્યો. અકસ્માત વખતે આમ પકડી શકાય

રાખીને મૃત્યુની સાથે ખભેખભા મિલાવી જીવનખેલ ખેલનારા વીર કામગારો

મોતના ભેરૂબંધો

હોય તેમ ઇંચ ને સેકંડની ગણતરી પર જીવન લટકાવી જે બેફિકરાઇથી જીવન ગાળે છે તેની રોમાંચક કહાણી



ન્યૂ યૉર્કનો જંગી મૅનહટ્ટન પુલ

તેની જગ્યાએ આવું પાટિયું મૂકી રાખવા માટે મેં દયાળુ પરમેશ્વરનો આભાર માન્યો. પછી તો મને પેલા લોકોએ કાંઠે આણ્યો અને ઇસ્પિતાલમાં પાર્સલ કરી દીધો. ત્યાં દાક્તરો ને નર્સો બધાં બહુ ભલાં હતાં. મજાની સફેદ પથારીમાં મને સુવાડવાને તે બહુ યે ઇચ્છતાં હતાં. પણ મને તો મારી મા જે પથારી કરે છે તે જ સારી લાગી, એટલે હું ઘેર ગયો. આજે તો ખુશખુશાલ છું. ફક્ત અહીં જરાક દુઃખે છે.' આટલું કહી ગિલીએ નરમાશથી પાટા પર હાથ ફેરવ્યો અને પોતાના પહેરણની ચાળો પાટલુનમાં સંકોરી દીધી.

ખબરપત્રીને જોઇએ તેવી વાતો જેવું કાંઇ આમાંથી મને મળ્યું નહિ. હું નિરાશ થયો. ગિલીને પોતાને તો આ સાહસમાં કંઇ જ લાગ્યું નહોતું. તે જોકે મૃત્યુને ઉંબરે જઇને પાછો આવ્યો હતો, પણ એનાં એને કાંઇ કૌતક કે મહત્તા નહોતાં.

મૃત્યુના મુખમાંથી પાછો આવવા છતાં ગિલીના મોંએથી આ પ્રસંગનું કશું જ દિલ થડકાવનારૂં બયાન કે અકસ્માતની બીષણતાનું વર્ણન કેમ ન નીકળ્યાં તેનો વિચાર કરતાં મેં ચોમેર નજર નાખી, તો મને ખરી હકીકત સમજાવા માંડી. તેને કે તેની સાથે તે લોખંડી પુલ પર કામ કરતા બીજા માણસોને આમ મૃત્યુની લગોલગ જઇ આવવામાં કંઈ નવાઇ જેવું ન હતું. એ જોખમભરેલી દુનિયામાં તો તેઓ સૌ વારંવાર મૃત્યુ સામે ભટકાતા—બજારમાં જેમ માણસો અથડાય છે તેમ. ગિલી જરા વધારે જોરથી ભટકાયો હતો એટલું જ. એટલે તેઓ એથી જરા પણ ખાસ અજાયબ કે ખુશ નહોતા થયા.

પૂલની કમાન પર, ધરતીથી લગભગ સવાત્રણ સો ફીટ ઊંચે જવું એ મારે માટે તો આકાશમાં ઊડવા જેવું હતું. પણ ત્યાં એ મિનારાઓની ટોચ પર જે કોડીબંધ કામગારો કામ કરતા હતા એ તો લટકતા દોરડાંના બનાવેલા ઝૂલતા પૂલો પર, જાણે જમીન પર જ ચાલતા હોય નહિ તેટલી બેદરકારીથી આંટા મારતા હતા. એ ઊંચાઇએ પવન તેમનાં કપડાં ધજાઓની જેમ ફફડાવતો હતો, અને કોઇકોઇવાર તો એવા આંચકાથી વાતો હતો કે સમતોલપણું જાળવી રાખવા માટે તેઓને પવનની સામે વાંકા વળી જવું પડતું. અને એમાં જો પડ્યા તો ફક્ત સવા ત્રણસો ફીટનો ભુસ્કો! પણ એ બધાનો તેઓને મન કાંઈ હિસાબ જ નહોતો. દૂરદૂરની ભઠ્ઠીમાંથી તાજા લાલઘુમ ખીલા અવકાશમાં ફેંકાતા અને એ બધાને એ કામગારો હેલ પર ઊભાઊભા ડોલમાં ઝીલી લેતા. માંડમાંડ આઠ ઈંચ પહોળા પાટિયા પર તેમને આવજા કરવાની હતી. એટલે એમાં જરાક લથડ્યા કે છેલ્લી બાકીના રામરામ જ હોય! એવા અકસ્માતોમાંથી બચી જનારા ગિલી જેવા ભાગ્યશાળી તો કોઇક જ નીવડે.

ફરીવાર મેં ગિલી તરફ તાકીને નજર નાખી. તે મને જ નીરખી રહ્યો હતો.

'આ—આ—કરવાની તમારી હિંમત કેમ ચાલે છે?' મેં પૂછ્યું.

'એમાં કંઇ જ નથી. અમને તો મહાવરો પડી ગયો છે. પતન અને જોખમ એ તો આ ધંધાનાં જ અંગો છે; અને અમારા બધાનાં તો એ હાડમાં ઊતરી ગયાં છે. અમને એ રમત જેવું છે. ઉલટું, આખો દહાડો જમીન પર જ રહેવાની કામગીરી અમને જો હવે મળે તો તો અમારામાંની ઘણાખરાની સ્થિતિ જળ વગરની માછલી જેવી થાય! હું ઘરડો થાઉં અને આ જીવનખેલમા ભાગ લેવા કેવળ અશક્ત બની જાઉં ત્યાં સુધી મારી ઉમેદ તો આ જ ધંધો કરવાની છે. અને પછી,—પછી પણ જો માંદો પડીને પથારીમાં હું મરીશ તો તો હું અવગતિયો જ થઇશ. આ ધંધામાં ઘણાખરા જાય છે તેમ મારે પણ પહેર્યે પગરખે અહીં અદ્ધરથી જ ચાલી નીકળવું છે. અમે મરતા નથી પણ મરી "જઇએ" છીએ.'

અને ખરેખર, બિલીની વાતમાં જરા યે અતિશયોક્તિ કે ડંફાસ નહોતી. એની એ વાત એટલી અસરકારક હતી કે તે સાંભળીને હું ચારે કોર નજર ફેંકવા લાગ્યો અને મારી આસપાસ કામ કરતા કામગારોના ચહેરા તપાસવા લાગ્યો.

આવો કપરો જીવનખેલ ખેલનારા માણસને ઘડપણ આવવાનો વખત જ ક્યાંથી રહે? એમાંના ઘણાખરાએ તો હજી ત્રીજો દાયકો યે નહોતો વટાવ્યો. જુવાનડા, કુસ્તીબાજ, કૉલેજના ફૂટબૉલની ટીમમાં જેવા ચપળ જુવાનો હોય છે તેવા જ બધા હતા.

'તમારા આ કામમાં પડીને ઘડપણ સુધી પહોંચે એવા કેટલાક?' મેં બિલીને પ્રશ્ન કર્યો.

'ખરું છે, ઝાઝા નહિ.' તેણે કબૂલ કર્યું. થોડાક આધેડિયા છે;—ચાલીસ પિસ્તાલીસ વરસના. પણ એ તો મુકાદમ અને એવે ઊંચે દરજ્જે ચડી ગએલા, અને કામગારની કામગીરી વખતે ભાગ્યને આધારે જ બચી ગએલા. અને અત્યારે તો એ કોઇક જ વાર અહીં ઊંચે આવવાવાળા. ઑફિસમાં અને યાર્ડમાં બેઠાબેઠા નકશા ઉકેલે અને અમને હુકમ કરે. પણ સેંકડે નેવું ટકા એવી ઊંચી પાયરીએ ચડી શકતા જ નથી, અને એટલી ઉમરે પણ પહોંચી શકતા નથી. આવો દરેક પૂલ અને આજના જમાનાના દરેક ગગનચુંબી સ્કાઇસ્ક્રેપર મકાનના પત્થરો એક, બે, અને કોઈવાર તો છ છ લોખંડી મનુષ્યના લોહીથી સંધાયા છે. એ ઉપરાંત કારખાનાં પર કેટલા આદમના બેટા ગરી જાય છે તેની તો કોઇને જાણ પણ થતી નથી. છતાં તમારે ગણત્રી કરવી હોય તો આવો દરેક પૂલ અને દરેક માળો અમારા જેવા ઓછામાં ઓછા બબ્બેનો સ્મરણસ્તંભ તો છે જ. કોઈ મકાન પર ક્યાંક રાતો આંક દેખાય તો જાણજો કે એ મકાન એટલે પહોંચ્યું ત્યારે એક કામગાર પોતે પડી જવાથી અથવા પોતા પર કંઈક પડવાથી મરી ગએલો. દર અકસ્માતે એવો એક રાતો આંક મકાન પર ઉમેરાય છે, અને એ કામ પૂરું થાય ત્યારે એવા થોડાએક ભાઈબંધોને સદાને માટે તે કામ પર રહેવા દઇ બાકીના લોખંડી કામગારો બીજે કામે ચડે છે.

પણ આ કાંઇ હું અમારી બહાદુરીનાં બણગાં નથી ફુંકતો. કામ કરતી વેળા અમે કાળજી તો બહુ જ રાખીએ છીએ;—અત્યંત સાવચેતી. અમારી જિંદગીની અમને કિંમત છે. તમારા કરતાં અમને જીવન જરા પણ ઓછું વહાલું નથી. પણ અકસ્માતને કંઇ લેવા જવા પડે છે? આટલા દિવસ નહિ ને કાલે જ એ પકડ પડી. જોકે જે કામગારના હાથમાંથી એ સરી ગઇ તેને ગોળીએ દેવામાં આવ્યો.

મુકાદમો અમારી સલામતી ખાતર કાયદાઓ તો ઘડે જ છે. આમ કરવું નહિ ને તેમ કરવું નહિ. કોઇકોઇ મુકાદમ તો પોતાનો માણસ એક નાનીશી ડોલ પડતી મૂકે તોપણ તેને ગોળીએ દે છે. પણ છતાં આ ધંધામાં મરી જનારા તો મરે જ છે. એ કાંઇ કાયદાથી અટકી બેસતા નથી. અને મારો વારો આવશે ત્યારે હું પણ બધાની જેમ ચાલી નીકળીશ.'

'પણ મને લાગે છે કે જીવલેણ અકસ્માતમાંથી તમારી જેમ બચી જનારા પણ ઘણા હશે જ.'

'ઘણા. કેટલાકને તો મેં નજરે જોએલા. આ સામેનો પેલો વિલિયમ્સબર્ગ પૂલ બાંધતી વેળા મારો એક સાથી બે વાર એમ લથડી પડ્યો હતો. પણ એ બે ય વાર કંઇ ને કંઇ હાથમાં આવી ગયું ને તેની મદદે તરીને બહાર નીકળી ગયો, અને તરત જ બીજે કપડે પાછો ધંધો ખેંચવા મંડી પડ્યો. ઉનાળો હતો તે જરા ઠંડક થઇ!

પણ એક પૅટ હતો પૅટ. એની વાત જરા રમુજ ઉપજાવે એવી છે. તે જ કહેવા દો.' કહી બિલીએ

પોતાના હાથમાંનું રબરનું ગૂંચળું દૂર ફેંક્યું અને લોઢા-ના એક ઠેલને અઢેલીને ઊભો રહ્યો. મઝાની વાત કહેવાના આનંદમાં કામે વળગવાની તેની અધીરાઇ ઓસરી ગઇ.

'એ પૅટ એક વાર એક ઠેલ પર ઊંઘી ગએલો. સાચ્ચેસાચ! ઊંઘી જ ગએલો! આઠ ઇંચ પહોળું પાટિયું એની બેય બાજુ બીજું કંઇ નહિ, ને એના ઉપર ઊંઘી ગએલો! સ્વપ્નું આવે કે પડખું ફરે તો— ભમ્મ કરતોકને બસ્સો ફીટનો ભુસ્કો! અને એ પણ હું પડ્યો તેવી મજાની ફુમાશદાર નદીમાં નહિ. એ તો કાંઠા પરના મિનારા પર કામ કરતો હતો, એટલે પેલો હેઠળ રહ્યો તેવા યાર્ડમાં ખાબકત. પછી એમાં કાંઈ બાકી રહે તેવું નહોતું.

તમને ખબર નહિ હોય. મિનારા જ્યારે બંધાઇને બહુ ઊંચે પહોંચે ત્યારે પછી કામગરો બપોરના નાસ્તા માટે નીચે ઊતરતા નથી. એ વખતે તો નીચે આવવું ને ઉપર જવું એ તો એક લાંબી મુસાફરી થઈ પડે. એટલે અમે અમારા ભાતાના ડબરા લઇને જ સવારે દાદરા ચડીએ અને બપોરની વ્હિસલ વાગે કે એક કલાક માટે બધું ફેંકી દઇ ત્યાં ઠેલ પર જ બેસીને ડબરા ઉઘાડીએ.

ઉપર આકાશ, નીચે મકાનોનાં નાનાંનાનાં દેખાતાં છાપરાં કે હોડીઓ અને આજુબાજુ કંઇ નહિ એવી જગ્યાએ એ નાસ્તા કરવાની કંઈ ઓર મજા પડે છે. અમે એ વખતે પૂલ પરના કામગારો મટીને ફિરસ્તા બની ઊંચે કલ્પનામાં ઊડીએ છીએ. શહેરમાં લોકોને ગરમીથી અકળામણ થતું હોય ત્યારે અમારી આસપાસ ઠંડો મધુર પવન સુસવાટા કરતો હોય ને મિનારા પરની ઠેલો મજાના હીંચકા ખાતી હોય. એ વખતે બપોર-ની એ રજામાં ભાતું ખાઇ રહ્યા પછી અર્ધે સ્વર્ગે હીંચકતો બાંધકામ ઉપરનો કામગાર દુનિયાભરમાં સૌથી સંતોષી અને સુખી મનુષ્ય છે.

મને લાગે છે કે એવા જ સ્વર્ગીય સુખમાં ગુલતાન બનેલો પૅટ ભાતાનો ડબરો લઇને એક ઠેલ પર ઘોડો પલાંગી ખાવા બેઠો. ન્યૂ યોર્ક ઉપર નજર નાખતો નાખતો તે ખાતો હતો. હું બરોબર સમજું છું કે એ શાના વિચાર કરતો હશે. ઘરના કે કુટુંબ-કબીલાના તો નહિ જ. પૅટી પરણેલો નહોતો. અમે ઘણાખરા પરણતા જ નથી. એ પરણવાનો ધંધો જોખમભરેલો છે. પૂલ બાંધનાર સાથે પરણવા ખુશી હોય એવી છોકરી જ પહેલાં તો ન મળે, અને જો કદાચ કોઇ મળી આવે તો બીજે જ દિવસે એ ભાઇ-સાહેબ પોતાનો જુનો ધંધો છોડીને બીજો કોઇ વધુ સલામત ધંધો શોધતા નીકળવાના! કેમકે અમે પરણીએ તો અમારી નવોઢા અમને આ કામ પર ફરી ચડવા દે જ નહિ. અને આ કામ છોડવા કરતાં તો— —વારૂ, વારૂ, પણ એ લપ મૂકી દઉં. ટૂંકામાં એ જ કે અમે પરણતા જ નથી.

એટલે પૅટી કોઇ છોકરીના વિચાર તો નહોતો જ કરતો. કદાચ એ—વારૂ, ગમેતેમ પણ એ કંઇક વિચારમાં હતો. જેમતેમ ખાઇ પરવારીને તેણે ડબરો તે જ ઠેલ પર જરા આઘે મૂક્યો ને પછી? પછી આઠ ઈંચના એ પાટિયા પર સૂઈ શકાય એમ તમે માની શકો, તો તે એ ઠેલ પર જ લાંબો થયો. અને —અને પરમેશ્વરના સમ, ઊંઘી પણ ગયો!

ઊંઘમાં ને ઊંઘમાં તેણે પગ ફેરવ્યો. ભાતાના ડબરાને એ લાત વાગતાં તે ઠેલ પરથી ગબડ્યો ત્યારે જ અમને ખબર પડી કે ભાઇ ઘોરે છે. ડબરો તો ખણણણ કરતો નીચે ગયો અને ઠણણ ઠણણ કરતો યાર્ડમાં પડ્યો. પહેલાં તો અમે ધાર્યું કે હમણાં પૅટી બેઠો થશે અને પોતે ડબરો પાડી નાખ્યો તે માટે કોક બીજા ઉપર ખીજ ઉતારી ગાળો ભાંડશે. પણ એવું કંઇ બન્યું નહિ. એ તો એક હાથ અને એક પગ અવકાશમાં લટકતા રાખી નસકોરાં ઘરડતો હતો.

'ઇશ્વરની સોગન એ ઊંઘી જ ગયો લાગે છે!' એક કામગાર ચમકીને બોલી ઊઠ્યો. બીજો વળી તેને બૂમ મારવા જતો હતો; પણ તેણે વિચાર બદલ્યો. બૂમથી તે જાગે તો ખરો, પણ જાગે ત્યારે જાણે પથારી-માં જ છું એમ સમજીને પડખું ફેરવે તો?—સલામ આલેકુમ! અમે સૌ વિચારમાં પડ્યા કે હવે શું થાય? અમે તો બહુ જ ગભરાઈ ગયા. એક મિનિટ તો બધા ગંભીર શાંતિમાં પડી ગયા. જેકે ખીસામાંથી ઘડિયાળ કાઢી. જોયું તો એકમાં બે જ મિનિટ કમ! તેના કપાળ પર કરચલીઓ પડી.

'બે મીનિટ, અને પેલી બુદ્દી વ્હિસલ બરાડી ઊઠશે. એટલે તરત જ— —ભોગ મળવાના! કહો

ભાઈઓ, બે મિનિટમાં આપણે પૅટીને જગાડવો જોઈએ કે નહિ? નહિતર વ્હિસલ સાંભળીને એ ઝબકીને જાગશે અને એમ ય——બિચારો ખલાસ થવાનો!' જૅકે માથું હલાવ્યું.

જૅકનું કહેવું સાચું હતું. એક વાગ્યાની વ્હિસલ પૅટીને કામ પર ચડાવવાને બદલે સ્વર્ગમાં પહોંચાડી દે એ વધારે બનવાજોગ હતું. ક્ષણભરમાં નિર્ણય કરી જૅક અને હું નીસરણી પર ચડયા અને પૅટીની પાસે પહોંચ્યા. ટાવરથી બાર જ ફીટ દૂર, સૂર્યના પ્રકાશમાં, નાના બાળકની પેઠે પૅટી ઊંઘતો હતો. અત્યારે પણ તેનો વિચાર આવતાં હું જાણે ઠંડોગાર થઈ જાઉં છું. પૅટીનું આયુષ્ય હવે બહુબહુ તો સાઠ સેકંડ બાકી રહ્યું હતું. તે કેમ લંબાવવું? અમને સમજણ પડી નહિ.

એક જ માણસ પૅટી પાસે જઈ શકે તેટલી જગ્યા હતી; બીજાને તો, બે ડગલાં દૂર રહી મદદ આપી શકાશે તો આપીશ એટલું જ આશ્વાસન લેવાનું હતું. જૅક આગળ ચાલ્યો ને હું પાછળ. એ ચાલતો નહોતો. પગની ધ્રુજારીથી પણ પૅટી જાગી જાય તો! ટેલ પર થોડો પલાંગી તે હાથ વતી હળવેહળવે આગળ વધ્યો. મેં પણ એમ જ કર્યું.

જૅક પૅટી પાસે પહોંચે અને તેનો કૉલર પકડી લે તે પહેલાં વ્હિસલ વાગે તો? પાંચદસ સેકંડની જ વાત હતી. હવે તો તેનો હાથ પૅટીના કૉલરથી બે જ વેંત દૂર હતો. એ . . પકડયો!

પણ ત્યાં તો વજ્રના હૃદયવાળી વ્હિસલ વાગી. અને અમે ધાર્યું હતું તેમ ખરેખર પૅટી ઝબક્યો ને સફાળો બેઠો થયો. બેઠો તો થયો, પણ ઊંઘમાંથી અચાનક જાગવાથી સ્થિર ન રહી શક્યો. સમતોલપણું ખોઈ બેઠો અને બાજુએ નમ્યો. ટેલને બાઝવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ એક હાથ સરી ગયો. બીજે હાથે ફક્ત કોર જ પકડાઈ અને આખો લપસી ગયો! અરધી સેકંડ તો આંગળીને આધારે એ લટકી રહ્યો. તેણે ચીસ પાડી. બધાએ ચીસો પાડી. પણ જૅકે મોં ઊઘાડયું નહિ. તેણે ટેલને પગના આંકડા ભરાવી પૅટીનું બાવડું ઝાલ્યું અને પૅટી એક હાથનાં આંગળાં ટેલની કોર પર અને બીજે હાથ જૅકના હાથમાં એમ હવામાં લટકી રહ્યો! બંને એકબીજાને અને ટેલને વળગી રહ્યા.

પણ પહેલવાની બદનવાળા પૅટીનું વજન એક હાથે આમ કેટલીક ઘડી જૅકથી ઝીલી શકાય.? પહેલાં તો મને શું કરવું એ સૂઝયું નહિ. પણ આખરે કંઈક ભાન આવ્યું.

'જરા ધીરજ રાખજે; હું આવું છું, જૅક!' મેં કહ્યું: અને પછી જૅકને ટપીને પેલી બાજુ જઈ મેં પણ પૅટીનો ટેલની કોરને બાઝી રહેલો હાથ પકડયો અને પછી બંનેએ થઈને તેને સીંચી લીધો.

પરસેવે રેબઝેબ થઈને ઘડીક વાર ટેલ પર અમે બેઠા. જાણે તારનાં દોરડાં પર બેઠેલાં ત્રણ ચકલીઓ. અને પછી જરા નિરાંતવા થયા એટલે કામે ચડયા.

આ કંઈક સારી વાત થઈ, નહિ?' કહી બિલીએ પાછું રબ્બરનું ગૂંચળું ઊચકી લીધું અને એ ટેલ રૂપી ઝૂલતા પૂલ પર ચાલ્યો ગયો.

મૉસ્કિટો બિલી સાથેનું આ મારું પહેલું—અને છેલ્લું ઓળખાણ. એની વાત સાંભળી લઈ હું મારા છાપાની ઑફિસમાં ગયો ને અકસ્માતનો હેવાલ લખી કાઢયો. અને થોડા દિવસમાં તો બધું ભૂલી ગયો.

એક દિવસ અચાનક ન્યૂ યૉર્કના એક છાપામાં પાંચ લીટીનો નીચે પ્રમાણે તાર હતો:

જીવલેણ અકસ્માત!
ભોગ થનારનું મરણ!

વિલિયમ ટી. રાયન, ઉર્ફે મૉસકિટો બિલી, ફોરમૅન, મિડલવેસ્ટના એક પૂલ પર કામ કરતાં બે મોટાં બીમ વચ્ચે આવી જવાથી અકસ્માતથી કચડાઈને મરણ પામ્યો છે. મરનારનું વય પાંત્રીસ વરસનું હતું.


બિલીને અભિલાષા હતી તેમ તે 'પહેર્યે પગરખે જ' ચાલ્યો ગયો. પણ તારમાં ફોરમૅન શબ્દ હતો તે પરથી હું સમજ્યો કે પોતે ધાર્યું હતું તેના કરતાં ઊંચી પાયરીએ તો એ ચડી ગયો હતો.

પણ એણે છત્રીસમા વરસનું સવાર જોયું નહિ!

(અંગ્રેજી ઉપરથી) **શામજી લવજી આલગિયા**


તમારો નવો ગ્રાહક નંબર

આ અંક પરની કોથળી ઉપર હશે, તે નોંધી રાખશો. દરેક પ્રકારના પત્રવ્યવહાર વખતે તે અચૂક લખવા વિનતિ છે.



સાગર કુમાર

ચિત્રકાર • રસિકલાલ ન. પરીખ



કારેલાં

આ માસની ઉચ્ચ શ્રેણીની ફોટોગ્રાફી હરીફાઈમાં ઇનામ પામેલું ચિત્ર

ફોટો · બલવન્ત ભટ્ટ

કલા અમુક વિશિષ્ટ સ્થળ કે વસ્તુમાં જ સમાઈ રહેતી નથી. ખરું જુઓ તો તે સર્વવ્યાપી છે. સૌંદર્યપિપાસુ દૃષ્ટિને તો તે ચેતન-અચેતન, સજીવ-જડ સર્વ વસ્તુમાં સર્વ સ્થળે ને સમયે દેખાય છે. કલ્પનામાં પણ ન આવે એવી નજીવી મામૂલી વસ્તુમાં પણ સૌંદર્યપારખુ આંખ તેને પકડી પાડે છે અને તૃપ્તિ પામે છે. 'કારેલાં' એનો એક દૃષ્ટાન્ત છે. ¶ છે તો એક સામાન્ય શાક-ફળ. પણ, એ ચારપાંચ કારેલાંએ ગોળ રકાબીમાં પડીને જે રચનાસૌંદર્ય ઉત્પન્ન કર્યું છે તે વિશિષ્ટ અને આકર્ષક છે. કૅમેરિસ્ટે તેનું એ સૌંદર્ય જરા ઊંચા ઢાળપડતા અસામાન્ય દૃષ્ટિકોણથી ઝડપ્યું છે અને કૅમેરા આપી શકે તે બે જ રંગ વડે— છાયા અને પ્રકાશના સમવિષમ અંશ ખૂબીપૂર્વક સાચવી તેને આકર્ષક ઉઠાવ આપ્યો છે. ¶ પશ્ચિમમાં જ્યાં ફોટોગ્રાફીની કળા ઉચ્ચ કક્ષાએ ખીલી છે ત્યાં આ પ્રકારની ફોટોગ્રાફી બે રીતે મહત્ત્વની ગણાય છે. એક તો આપણી શાકભાજીમાંની એક વસ્તુનું pictorial record (ચિત્રસ્વરૂપે નોંધ—વનસ્પતિવિદ્યાનું ચિત્રદફતર) રહે છે; અને બીજું તેમાં કોઈએ કદી ન કલ્પેલું એવું અસામાન્ય તથા અનેરું છતાં આકર્ષક સંયોજન-સૌંદર્ય છે. વનસ્પતિ તરીકે કારેલાંનો સંપૂર્ણ ખ્યાલ આવે તે માટે તેના લાંબા દીંટડેથી માંડીને ઉપરનાં ભીંગડાં સુધીની બધી વિગતો સ્પષ્ટ ઉઠાવ સાથે દેખાય તેવી રચના કરી છે, તથા અંદરના ગર્ભનું સ્વરૂપ અને બી કેવાં છે તેનો પણ ખ્યાલ આવે તે માટે એક કારેલાંના બે કટકા કરીને તે બતાવ્યાં છે. આમ, જ્ઞાનસંગ્રહનો એ ઉદ્દેશ સાધી લીધા પછી તેનું ચિત્રસંયોજન આકર્ષક ને કલાત્મક કર્યું છે. કાપેલા એક કટકાને ચિત્રમાં મુખ્ય સ્થાન આપીને આજુબાજુ બે લાંબાં કારેલાં ગોઠવ્યાં છે. તે કારેલાંની રેખાઓ જોનારની આંખને બંને બાજુથી દોરી લઈ જઈને કાપેલા કારેલાના ગર્ભ તથા બી વાળા સફેદ કેન્દ્ર પર સ્થિર કરે છે. બીજી ખૂબી એ છે કે આખા ચિત્રમાં ઘેરામાં ઘેરી છાયાવાળો સૌથી કાળો જે ભાગ છે તેની જોડાજોડ જ, વધુમાં વધુ પ્રકાશ ધરાવતો સૌથી ધોળો ભાગ (કારેલાનો કાપેલો છેડો) આવે તેમ ગોઠવ્યો છે. જોનારની આંખ આખા ચિત્ર પર ગમે ત્યાં ફરતી હોય છતાં અંતે તો એ બંને બિન્દુ તેને ચિત્રના કેન્દ્ર ઉપર જ લાવીને ઠેરવે છે.








સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય

વગર કસરતે અને 'પ્રોટીન્સ' 'વિટામિન્સ' કે 'કાર્બોહાઇડ્રેટ્સ'ના ખટપટમાં પડ્યા સિવાય પક્ષીવર્ગ, પશુઓ ને ઇતર પ્રાણીસૃષ્ટિ સર્વાંગસુંદર સુરેખ અને સશક્ત શરીર સાચવે છે. એથી ઊલટું, માનવસમાજમાં ભાગ્યે જ કોઇને શરીરની પડી હોય છે. 'શરીર' શું એ જાણવાની પણ કોઇને દરકાર નથી,—આ દેશમાં તેમ પરદેશમાં; આ દેશમાં ખાસ કરીને. પ્રકૃતિના સામાન્ય નિયમોના પાલનથી, નિયમિત આહારવિહાર, નિયમિત આરામ અને શરીર નભાવવા પૂરતા જ હલનચલનથી, વાઘ, સિંહ, હાથી વગેરે અપ્રતિબદ્ધ બળ અને અનેક અંગસંચાર જિંદગીના મોટા ભાગ સુધી નભાવ્યે જાય છે. હરણ આદિની અદ્ભુત ચપળતા, પક્ષીઓની અવિશ્રાંત ગતિ, જળચરની અન્તર્યામીભરી જીવનવ્યવસ્થા કશા યે કૃત્રિમ શ્રમને લીધે નભતી નથી. જ્યારે બીજી બાજુ અનેક પ્રકારના ઉપભોગનાં સાધનો, આહારવિહારની ઝીણવટ, જીવનના નભાવની અત્યુત્તમ યુક્તિપ્રયુક્તિઓ વગેરે છતાં મનુષ્યજાતિ નમાલી વ્યક્તિઓને નભાવ્યે જ જાય છે ને નવી ઉત્પન્ન કર્યે જાય છે. કોઇ આકાશમુનિ તો કોઈ વામનજી, એક ફૂપ્પાદાસ તો બીજો સરગવાની શીંગ!

ઊભા દેડકા જેવાં પેટ અને ઊંડી ગએલી આંખોવાળા આ જમાનામાં કરાચીના વતની ભાઇ પરશુરામ નંદાણીનો આ સાથે દર્શાવેલો સર્વાંગસુંદર અંગવિકાસ આંખને ઠારે છે. વરસમાં એકાદ વખત આવું દેહસૌષ્ઠવ જોવામાં આવે ત્યારે આદર્શ માનવી કેવો હોય તેનું ભાન થાય ને અપૂર્વ સંતોષ થાય.

હવે ચિત્રવિષે. ભાઇ નંદાણીની ઉંમર ૨૭ વર્ષની, વજન ૧૩૦ રતલ અને ઊંચાઇ ૫'૭" છે. એમના શરીરનો વિકાસ ખરે જ અપૂર્વ છે. પણ ખરી ગહના તો એમના પ્રત્યેક સ્નાયુની સપ્રમાણ ખાલવાળીમાં છે. વ્યાયામની અનેક પદ્ધતિઓ છે. પ્રત્યેકથી સધાતો સ્નાયુવિકાસ સર્વ રીતે પરિપૂર્ણ હોતો નથી. એવું જ કંઇક આ ચિત્ર ઉપરથી દેખાય છે. ખૂબ પરિશ્રમથી અને દીર્ઘકાળની તપસ્યાને અંતે રોમન રિંગ્સ, પૅરૅલલ બાર્સ અને હૅન્ડ બૅલૅન્સના અભ્યાસથી સ્નાયુઓ આટલા ખીલી શક્યા છે. છતાં ગરદન જોતાં સહેજ ક્ષીણતા દેખાઇ આવે છે. હાથ હ્યો. દંડના પ્રમાણમાં પ્રકોષ્ઠ નથી અને પ્રકોષ્ઠના જેટલો યે મણિબંધ (કાંડા)નો વિકાસ નથી. આવું જ કંઇક કેડ નીચેના ભાગનું હશે. છતાં સુંદરતા, સપ્રમાણતા અને કુમાશમાં ભાઇ નંદાણીનું શરીર અજોડ જેવું છે. નથી એમાં કાળમીંઢ પત્થરની કઠોરતા, કે નથી નપુંસકત્વ સૂચક ગાભા જેવી નરમાશ. પાણીદાર તલવારની ચપળતા આ સ્નાયુસંચાલનમાં છે; તેની સાથે જ રેશમની દોરી જેવી તીવ્ર બળસૂચક કુમાશ પણ છે. જિમ્નૅસ્ટિક્સ ને વેઇટલિફ્ટિંગના દશેક વર્ષના સેવનથી આ ફળ આવ્યું છે. ગોરીલાનું ૬ માસનું બચ્ચું ભલે ભલભલા માનવ મહારથીને ઘડીના છઠ્ઠા ભાગમાં મહાત કરે; પણ ભાઇ નંદણીના જેવાં શરીર છે ત્યાં સુધી જગતમાં મર્દાનગીસૂચક મનુષ્યદેહની ઉપાસના નાશ નથી પામી, એ વિચાર સુંદરતાના ઉપાસકને ઓછો આશ્વાસક નથી. **હ.**



ફોટોગ્રાફી હરીફાઈઓનું પરિણામ

ત્રણ માસ પછી આ વખતે પાછી ઉચ્ચ શ્રેણીની ફોટો-હરીફાઇ પ્રગટ થાય છે. ગયા વખતની જેમ આ વખતે પણ હરીફોની સંખ્યા અતિશય ન્યૂન જ છે, અને તેમાં શ્રી બલવન્ત ભટ્ટ (અમદાવાદ) તથા નરેન્દ્ર વર્મા (મ્યૂનિચ–જર્મની) નાં ચિત્રો આગળ આવ્યાં છે. ભાઇ બલવન્ત ભટ્ટે 'કારેલાં' જેવા સાદા પદાર્થોમાં લાક્ષણિક છાયાપ્રકાશ અને સંવિધાન ઉતારવામાં ઘણી સફળતા મેળવી છે. શ્રી નરેન્દ્ર વર્મા કુદરતમાંથી પણ એવું જ લાક્ષણિક દૃષ્ટિબિંદુ પકડીને 'છેલ્લાં પાન' નામક ચિત્રમાં જર્મેનીની હિમ વરસતી શિશિરના એક સૂકા વૃક્ષની છબી રજુ કરે છે. એ ચિત્ર હવે પછી અમે પ્રકટ કરીશું.

ચાલુ માસિક હરીફાઇમાં આ વેળા ભાઈ જયંત ખાંડવાળા (મુંબાઇ) અને ભાઈ હર્ષદ પંડ્યા (અમદાવાદ) આગળ આવ્યા છે. ભાઇ ખાંડવાળાને હાથે 'કંચનજંઘા'નું આવું કોઇ સિદ્ધહસ્ત કૅમેરિસ્ટને હાથે ઊતરે એવું—સુંદર ચિત્ર ઊતર્યું તે માટે તેમને અભિનંદન ઘટે છે. હિમાલયના એ રમણીય શિખરસમુદાયનું સૌંદર્ય જગતમાં અપ્રતિમ ગણાય છે આકાશ, ધુમ્મસ અને માઇલોનું અંતર હિસાબમાં રાખવામાં છબી લેનારને આગળનો અચ્છો અનુભવ હોય તો જ સફળતા મળે. ભાઇ હર્ષદ પંડ્યાએ ગાગતળાવે દેખાતું પ્રભાત રસિક દૃષ્ટિથી જોયું છે. માત્ર પાણીના વિસ્તાર પર, આકાશમાં છે તેમ, કોઇ એકાદ આકાર ખેંચાણ કરતો હોત તો એ ભાગ નકામો ખાલી ન લાગત. એ બંનેની સાથે પ્રકટ કરેલો ત્રીજો ફોટોગ્રાફ ભાઇ શંકરલાલે મોંબાસાથી મોકલ્યો છે. તેમાં કોઈ કથાના વિરલ દૃશ્ય જેવું રહસ્ય ઊતર્યું છે. તેમને ઉત્તેજના પારિતોષિક આપીએ છીએ.

બીજા નોંધ લેવા લાયક ફોટોગ્રાફોમાં ભાઇ મુકુંદ શેઠ (પૂના)ના બે ઝાંખા ફોટોગ્રાફો આવે છે. તેમણે ચિત્રવસ્તુમાં પ્રસંગ ઉપજાવવા પ્રયત્ન કર્યો છે. જો ચિત્રો બરાબર ઉઠાવ પામ્યાં હોત તો ઈનામપાત્ર બની જાત. એ ભાઇને એક ચેતવણી આપવાની જરૂર છે, કે ચિત્રો લેવામાં બીજાનો ચીલો ન પકડતાં સ્વતંત્ર પ્રયત્નથી અને પોતાની દૃષ્ટિથી વિષયો પકડવા. ભાઇ ભવાનીદાસ વોરાને ચિત્રો લેવાનું ક્ષેત્ર સરસ મળ્યું છે, પણ વસ્તુ શોધતાં આવડી નથી. વસોના ભાઇ કાન્તિલાલ પટેલે સિદ્ધપુરનો નદીતટ પસંદ કરવામાં સુરૂચિ બતાવી છે, પણ ઘણાં પાત્રોમાંથી ચિત્ર પૂરતાં તારવી લઇને ફોટોગ્રાફ પાડ્યો હોત તો પોતાની દૃષ્ટિની પરીક્ષા આપી શકત. ભાઇ જયંત ખાંડવાળાએ બીજાં પણ બે સારાં ચિત્રો મોકલ્યાં છે. તે પરદેશનાં હોવાથી નોંધ નહિ લેતાં ભલામણ કરવી પડે છે કે તેમણે હવે હિંદી જીવન અને પ્રદેશનાં એવાં જ આકર્ષક ચિત્રો લેવા પ્રયત્ન કરવો જોઇએ.

દેવોનું કાવ્ય

'નવજીવન'ની 'શિક્ષણ અને સાહિત્ય' પૂર્તિમાં કાકાસાહેબે 'રાત્રિની સમૃદ્ધિ' એ મથાળા હેઠળ આકાશનું દર્શન આપવું શરૂ કરેલું, પણ યુદ્ધને લીધે પૂર્તિની સાથે તે પણ બંધ થયું. આ નીચે પ્રકટ થતા આકાશદર્શનના સાત લેખો તો ૧૯૩૦ના યુદ્ધ વખતે કાકાસાહેબ જેલ ગયા ત્યારે ગ્રીષ્મના અંતમાં લખેલા છે. ચાલુ આકાશના નિરીક્ષણના તે ન હોવાથી તેમાં પેલી લેખમાળાનો સાક્ષાત્દર્શનનો રસ નથી; છતાં આકાશી સૃષ્ટિનું અમર કાવ્ય તો તેમાં છે જ, ને તે પણ કાકાસાહેબ જેવાની શુચિરસિક કાવ્યદૃષ્ટિએ ઉકેલી આપેલું; એટલે વાચકો આગળ તે રજુ કરવાનો લોભ અમે રોકી શકતા નથી. કાકાસાહેબ બહાર હોત તો તેમની ઈચ્છા મુજબ એને સચિત્ર કરવાનો અમારો અભિલાષ જે પાર પડત તે નથી પડ્યો એટલો ખેદ રહી જાય છે.

ચન્દ્રની શોભા રાતે એટલી બધી હોય છે કે દહાડે એને ધ્યાનપૂર્વક જોવાનું મન જ નથી થતું. અને જ્યારે એના તરફ નજર જાય છે ત્યારે ગરીબ થએલા વિલાસચતુર ચારુદત્તનું સ્મરણ કરાવે છે. આજે સવારના નવ વાગ્યે પરિક્ષીણ ચંદ્રલેખા નજરે પડી. દીવાલની બાજુએ હું સૂતો હતો એટલે સૂર્યનાં ઉગ્ર કિરણની આંખ ઉપર અસર થતી ન હતી. ટૉલસ્ટૉયની કેળવણીની મીમાંસાનું ચિંતન કરતાં-કરતાં ચંદ્રલેખાએ ધ્યાન ખેંચ્યું. ચંદ્ર નજરને ફિક્કો ન લાગ્યો. ખટાશથી ઉજ્જવલ કરેલા તાંબાના રંગ અને ચળકાટની શોભા કરતાં ચંદ્રલેખાની શોભા વધારે હતી. તેમાં યે જે કોર સાવ સૂરજ બાજુની હતી એના લાવણ્યની તો રાતનો ચંદ્ર પણ અદેખાઇ કરે. ચંદ્ર આના કરતાં નાનો હોત તો યે ન શોભત અને મોટો હોત તો યે ન શોભત. એના બે બાજુનાં શીંગડાંની અણીઓ સહેજ અસ્પષ્ટ હોવાને લીધે રસિકજનના મર્મવચન જેવી લાગતી હતી. આવા ચંદ્રખંડને ભાંગેલા ઈંડાની ઉપમા કોઇ આપે તો અન્નાહારી હિંદુને રસક્ષતિ જેવું લાગે. ચંદ્રલેખા આના કરતાં પાતળી હોત તો ઉતારેલા નખની ઉપમા આપી શકાત. એ પણ આપણા લોકો અભદ્ર જ ગણે, કેમકે ઉતારેલા વાળ કે નખને શબની પેઠે અસ્પૃશ્ય જ ગણવાં જોઇએ. આવો વિચાર કરતો હતો એટલામાં મને સ્મરણ થયું કે નાનપણમાં મારે માટે સોનાની કલ્લી કરાવવા માટે સોનું ખરીદ્યું હતું. એને ચંદ્ર જેવો જ કુલડીનો આકાર હતો. માત્ર અંદરની બાજુએ એ ખરબચડી હતી. પણ બહારના ચળકાટમાં ચંદ્ર કરતાં જરા યે ઊતરતી શોભા ન હતી. કેટલે વર્ષે ચંદ્ર જોઇને આજે એનું સ્મરણ થયું! છેલ્લાં ત્રીસ વર્ષમાં એ સોનાનું મને સ્મરણ થયાનું યાદ નથી. ત્યારે શું સાચેસાચ આપણે કશું ભૂલી જ જતા નથી? જોએલું અનુભવેલું બધું ક્યાંક દટાએલું રહે જ છે ને પ્રસંગ આવ્યે પાપપુણ્યની પેઠે ઊભું થાય છે! તો તો સ્વર્ગમાં કોઇ સ્વતંત્ર ચિત્રગુપ્ત કે એના ચોપડા હોવાની જરૂર જ નથી. દરેકનું ચિત્ત એ જ ચિત્રગુપ્તનો ચોપડો. ચદ્રને જોઇને જો પાંત્રીસ ચાળીસ વરસ પહેલાંની વાત યાદ આવી તો સરજનહાર આગળ ઊભા થઇશું ત્યારે શું શું યાદ નહિ આવે!

દહાડે દૂરબીન લઇને કોઇએ ચંદ્રનો પૃષ્ઠભાગ તપાસ્યો છે? એના ખાડાટેકરા અને સમુદ્ર દહાડે કેવાં દેખાતાં હશે? નાનપણમાં સરદાર હાઇસ્કૂલમાં ભણતા હતા ત્યારે એક મોટું દૂરબીન ગમે ત્યારે વાપરવાનું મળતું. કેટલી યે રાતો હાઇસ્કૂલના બાંકડા ઉપર સૂઇને ગાળી છે. ત્યારે ચંદ્રબિંબ દહાડે નિહાળવાનું કેમ ન સૂઝ્યું? આજે દૂરબીન ક્યાંથી આણીએ? દૂરબીન માટે આઠસો બારસો રૂપિયા તો ગમે તે આપે; પણ પ્રજાસેવામાં ન વાપરતાં હવે દૂરબીન પાછળ પૈસા ખરચાય ખરા? હે રજનિનાથ! હવે તારી ઉપાસના આ ભવે તો શક્ય નથી. એટલે ભક્તિથી કેવળ એક નમસ્કાર પાઠવું છું તેટલાથી સંતોષ માનજે.

આખી રાત તારાઓએ ચળકયા કર્યું. કેટલી સુંદરતા! જેમ દેવો મરતા નથી, અપ્સરાઓનું લાવણ્ય મ્લાન થતું નથી તેમ તારાઓની તાજગી વાસી થતી જ નથી.

બે ગ્રહો વચ્ચે કેટલું બધું અંતર! તારાઓ વચ્ચે પણ કેટલું બધું અંતર! પૃથ્વી અને સૂરજ વચ્ચે જ ૯ કરોડ ૨૦ લાખ માઇલનું અંતર છે. અને છતાં મૂરખ લોકો આ વિશ્વને જડ કહે છે! આ અનંત આકાશમાં જડ વસ્તુ એટલી બધી ઓછી છે કે કરોડો માઇલ જઇએ ત્યારે એકાદ કટકો હાથ આવે. સહરાના રણમાં પાંચ દસ નાળિયેરનાં છુટાંછવાયાં ઝાડ આવવાથી કોઈ એને જંગલ કે મહાકાંતાર કહેતું નથી; એવી જ રીતે

આ વિશ્વને પણ કોઇ જડ કહી ન શકે. વિશ્વ એટલે સનાતન શાંતિનું અનંત પોલાણ. એ પોલાણ બરાબર ધ્યાનમાં ન આવે એ બીકે અત્યંત કંજુસાઇથી જડ વસ્તુના થોડા કણો આમતેમ ફેંકી દીધા છે એટલું જ.

છતાં રાત્રે એ આખું પોલાણ ઘેરો નીલો રંગ ધારણ કરી ચળકતા દાંત કાઢી હસે છે.

આજે સવારે ચંદ્ર અને મંગળ અત્યંત પાસેપાસે આવ્યા હતા. એ મંગળ હતો એમ હું માની લઉં છું; કેમકે બુધ આટલો વહેલો, આટલો ઊંચો ચડે નહિ. અને મંગળને છેલ્લો જોએલો ત્યારે એ રોહિણીની આસપાસ ક્યાંક હતો, એટલે રેવતીના ચંદ્ર પાસે એ મંગળ જ હોવો જોઇએ. અમસ્તો તો એના લાલ રંગથી અને ઉગ્ર તેજથી મંગળ સહજ વર્તાઇ આવે, પણ ચંદ્રની સંનિધિમાં એનું વ્યક્તિત્વ કંઇક ઝાંખું જ પડે.

એ આટલો નજીક કેમ આવ્યો ? ચંદ્ર તો પૃથ્વીનો એક કટકો. પૃથ્વીની આસપાસ ફરવામાં જ એ સમાધાન માને છે અને પુરાણોમાં મંગળને પૃથ્વીનો દીકરો કહ્યો છે. મંગળનું એક સંસ્કૃત નામ કુજ છે. (કુ=પૃથ્વી, જ=જન્મેલો) એટલે બંને જણ પૃથ્વીપુત્ર થઇ ભેટવા આવ્યા હશે ? ગ્રીક પુરાણો વાંચીને કલ્પનાશક્તિ દોડાવનાર નરહરિને લાગ્યું કે મંગળ તો યુદ્ધદેવ છે. એને માથે શિરસ્ત્રાણ હોવું જોઇએ. અને સાચે જ આજની ચંદ્રલેખા ગ્રીક લોકોના શિરસ્ત્રાણ (Helmet) જેવી જ દેખાતી હતી. માત્ર એ હેલ્મેટના ચળકાટ આગળ યુદ્ધદેવ માર્સ Marsની આંખ to threaten and commandની શક્તિ ધરાવતી લાગી નહિ. રાતના ત્રણ વાગ્યાથી એ બંને પૃથ્વીપુત્રો હાથમાં હાથ મિલાવી ચડતા હતા. એમને વંદન કરીને અમે પ્રાર્થનામાં બેઠા.

વૃશ્ચિકની શોભા જેટલી એના આકારમાં છે એટલી એની દિશામાં યે છે. એ ઊગતી વખતે લટકતો દેખાય છે, ચડે છે ત્યારે હમણાં કૂદશે એમ લાગે છે અને આથમે છે ત્યારે ભોંય ભેગો થયો હોય એવો લાગે છે. સપ્તર્ષિ, મૃગ અને વૃશ્ચિક ત્રણેની એવી મજા હોય છે.

ગઈ; આકાશની નિરભ્રતા ગઈ! આજથી કાચાં વાદળાં આવવા લાગ્યાં. ખેડુતો એને ગરભ કહે છે. પણ સવારે તો એ નહોતાં. અત્યારે જ ક્યાંથી આવ્યાં. ઘણું કરીને ખંભાતના અખાતમાંથા આવતાં હશે. જાણે મોટામોટા હંસોનું અથવા બગલાઓનું ટોળું સૂરજના દર્શને દોડે છે. આ વાદળાં જરા યે ચાલાક દેખાતાં નથી. જેમ ઊંટ આમતેમ મૂરખ જેવાં ચાલે છે તેવાં જ આ વાદળાં દેખાય છે. સવારે વહેલાં ઊઠ્યાં નહિ તેથી આટલાં મલિન હશે? ક્યારનાં આવે છે તો યે હજી ખૂટતાં નથી.

આકાશમાં કશું ન હોય ત્યારે એક રીતે આકાશ મોટું દેખાય છે; અને ઊડતાં વાદળાં વાદળીની પેઠે ફૂલાતાં હોય ત્યારે પણ આકાશ વધતું જતું હોય એમ લાગે છે. પવન વાદળાને પીંજે છે એ પરથી આપણે પણ રૂ પીંજવાની કાંઈ એવી જ યુક્તિ શોધી કાઢવી જોઇએ. આજની આપણી પદ્ધતિ તો કબુલાત કઢાવવા તહોમતદારને પોલિસો પજવે છે તેના જેવી જ છે. એના કરતા કંઇક સારી અહિંસક પીંજણપદ્ધતિ શોધી કાઢવી જોઇએ. આ ધનુર્વિદ્યા ક્યાં સુધી ચલાવીશું?

ઓ પેલું ઇંડા જેવું વાદળું આવે. એનો નીચલો ભાગ કાળો છે ત્યાં ભીનાશ વધુ હશે. ઉપર ભીનાશ ઓછી એટલે એ બાજુ ધોળાશ વધારે. પણ ઇંડું આટલામાં ભાંગી ગયું. પેલી શું બચ્ચાની ચાંચ કહેવાય ? હવે એ સાવ પાસે આવી ગયું. હવે તો ઢાલ જેવું દેખાય છે. ના, ના; આરસપહાણનો કટકો લાગે છે. ના ભૂલ્યો, અબ્બાસસાહેબની દાઢી છે. ગયું; દીવાલ બહાર ગયું. એને ક્યાં બહાર જવા માટે રજા લેવાની હોય છે?

પક્ષીઓ વગર આકાશ શોભે જ નહિ; અને પક્ષીઓમાં પણ ખાસ સમળી હોય ત્યારે એ શોભે. કવિએ રાત્રિના આકાશનું વર્ણન કર્યું છે કે शशिना च निशा, निश्या च शशि। शशिना निशयाय विभाति नभः॥ જો દિવસના આકાશનું વર્ણન કર્યું હોત તો કહેત ‘વાદળાંથી સમળી શોભે છે, સમળીથી વાદળાં શોભે છે ને સમળી ને વાદળાંથી આકાશ શોભે છે.’ આ કબૂતરો ઊડે છે, પણ એ તો સાવ ગદ્ય છે. એ નથી સમળીનું મહાકાવ્ય કે નથી પોપટની સૉનેટ. કબૂતર સહેજ ઊડે તો યે કામસર નીકળ્યાં હોય એવાં લાગે છે.

આજથી વાદળાંઓએ કહ્યું કે ઋતુ બદલાઈ છે. હજી પાણીથી લદાએલા શામળભાઇઓ આવ્યા નથી. એ તો કાલિદાસનું વચન માની આષાઢને પહેલે દિવસે આવવાના અને રામગિરિથી ઉપડી અલકાપુરી તરફ પ્રયાણ કરવાના. આ વાદળાં તો આબુ યે ન પહોંચે. મરઘાંનાં બચ્ચાંની પેઠે ચણવા આમતેમ દોડતાં હશે. આપણે એમની પાછળ નહિ દોડીએ. આપણને બીજું ઘણું કામ છે. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

પૃથ્વીના અંધારા પેટાળમાં પાકતા વજ્રાંગી પ્રકાશ-કણ

હીરા

માનવીને હાથે ખોદાએલી દુનિયાની મોટામાં મોટી હીરાની ખાણ ટ્રાન્સવાલના પાટનગર પ્રિટોરીઆની પૂર્વે ૨૫ માઇલ છેટે આવેલી છે. તે ખાણ એટલે ૫૦૦ફીટ ઊંડો અને લગભગ અરધો માઇલ પહોળો એવો એક ટેકરા પરનો જંગી ખાડો! ટેકરા પર ચડી ખાણની ધારેથી નીચેના એ વિશાળ ખોદાણમાં નજર નાખતાં અંદર હરફર કરી રહેલાં કાળાં ટપકાં જેવડાં માણસો કીડીની હારો જેમ દેખાય. એ ખાણનું નામ 'પ્રીમીઅર'. એ પ્રીમીઅર ખાણની આખી વાત પણ કોઇ રસિક કથા જેટલી રસમય છે. જગવિખ્યાત અદ્દભુત 'કુલીઅન' હીરો * એ ખાણના જ ઉદરનું રત્ન. તે પછી તો કરોડો પૌંડની કિંમતના નામચીન હીરા એ ખાણે જગતને આપ્યા છે.

હીરા મળવાનાં ઠેકાણાં

બધાં કિંમતી ઝવેરાતોમાં હીરો સૌથી પાણીદાર, સૌ કરતાં કઠણ અને સૌથી વધારે ટકાઉ ચીજ છે. જગતને તેનું જ્ઞાન આજકાલનું નહિ પણ પૂર્વકાળથી થયું જણાય છે. હીરો કાચના કરતાંયે સ્વચ્છ, નિર્મળ, પારદર્શક, ચમકદાર અને પાસાવાળો હોય છે. ખરો હીરો મોટે ભાગે રંગ વિનાનો હોય છે, છતાં પીળા કે વાદળી છાયાના પણ સહજ મળી આવે છે.

હીરા મોટે ભાગે પહેલાં તો હિંદુસ્તાન અને બોર્નિઓમાં નદીના પટમાંથી તથા દક્ષિણ અમેરિકામાં



જગતને વધુમાં વધુ હીરા પૂરા પાડનાર દક્ષિણ આફ્રિકામાં હીરાનું મુખ્ય સ્થાન કિંબરલી છે.

* રોમન લોકો તેનું બહુ મૂલ્ય આંકતા; પણ તેનું મૂળ નામ તો ગ્રીક લોકોએ પાડેલું. તેઓ તેના ટકાઉપણા અને સખતપણાને કારણે તેને ઍડેમેસ કે 'અજય' કહેતા. તે પછી તેને ઍડેમેન્ટ, ડાયામાઉન્ટ, ડાયામેન્ટ એમ કહેતાંકહેતાં અંગ્રેજી શબ્દ 'ડાયમન્ડ' = હીરો થઈ ગયો. સંસ્કૃતમાં તેને વજ્ર કહે છે.

બ્રાઝીલ દેશમાં ખાણમાંથી મળી આવતા. બ્રાઝીલ તો ઘણાં વર્ષો સુધી હીરાને માટે અગત્યનો પ્રદેશ મનાતો, અને હજી પણ ત્યાંના મીનાસ ગીરેઇસ નામના ઉચ્ચ પ્રદેશની નદીના પટમાં કે ત્યાંની પાસેની જમીનમાં મરડીઆ પથ્થરોમાં ચોંટેલા હીરા મળી આવે છે. પણ આજે તો હીરાની બાબતમાં અગ્રસ્થાન દક્ષિણ આફ્રિકાનું છે. દુનિયામાંના લગભગ બધા જ હીરા એ દેશ આજે પૂરા પાડે છે.

હીરો શો પદાર્થ છે?

હીરો એ કેવળ કોલસાની જ જાત છે એમ કોઈ કહે તો નવાઈ ન લાગે? આપણે માની પણ ન શકીએ કે પેન્સિલની કાળી અણીમાં કે બાવળના કોલસામાં કારબન નામનું જે તત્ત્વ છે એ જ તત્ત્વ હીરામાં છે. કુદરતની અલૌકિક લીલા છે કે સામાન્ય કોલસાની જાતનો એ પદાર્થ આવા સુંદર અને વિલક્ષણ સ્વરૂપમાં માલૂમ પડે છે. આજે જોકે વૈજ્ઞાનિકો કુદરતી હીરા જેવા જ બનાવટી હીરા ઉત્પન્ન કરવા ખૂબ મથે છે, પણ એમાં પૂરી સફળતા મળી નથી. કાર્બનના ભેળવાળા લોઢાને અતિ હદે ગરમી આપીને ઠંડું પડવા દેવાથી નાનાનાના હીરા બનાવી શકાયા છે. એમ તો હીરાના એવા બારીક કણો બીજાં ભૂદ્રવ્યોમાં ચોંટેલાં પણ જથ્થાબંધ મળી આવે છે. પરંતુ ધંધાની નજરે તેની કાંઇ કિંમત નથી, કેમકે કદમાં તે બહુ જ સૂક્ષ્મ હોય છે અને તે મેળવતાં ખર્ચ બહુ થઈ જાય છે.

હીરા શી રીતે મેળવાય છે

આપણે આગળ જોયું કે નદીના પટમાંથી ઘણા હીરા મળી આવે છે. પણ તે તો ઉપરવાસથી પ્રવાહમાં તણાઇને આવેલા તેટલા જ. પરંતુ તે પછી તો હવે સિદ્ધ થયું છે કે આ હીરા મૂળ તો પૃથ્વીના પેટાળમાં મારી વડે બનેલી વિચિત્ર પ્રચંડ નળીઓમાંથી જ મળે

છે. એ નળીઓ બીજું કંઈ નહિ પણ નાનાનાના જ્વાળામુખીનાં મોં છે. જ્વાળામુખીનાં મોંનાં એ પોલાણ કાળક્રમે હીરાવાળી કોલસાની માટીથી ભરાઇ જાય છે. આ માટી કહણમાં કહણ અને વિચિત્ર વાદળી રંગની હોય છે. તેમાં હીરા ઉપરાંત પણ ઘણી જાતના પથ્થરનાં રજકણો ને ખડકની કચ્ચરો હોય છે. એટલે પહેલી નજરે તો એ ગઠ્ઠા નકામા જ લાગે. આવા મૂલ્ય વગરના, ગઠ્ઠાવાળા ચોંટી રહેલા જથ્થામાંથી કિંમતી હીરાને છૂટા પાડવા એ સહેલ વાત નથી. બે ટન વજનના ખડક તોડી છૂટા પાડે ત્યારે સરેરાશ ૧ કૅરેટ * વજનના હીરા તેમાંથી મળે! બીજા શબ્દોમાં કહીએ તો ૧ ઔંસ (અઢી તોલા) વજનના હીરા મેળવવા માટે અઢીસો ટન પથ્થરો તોડીને તપાસવા પડે છે!

દક્ષિણ આફ્રિકામાં તો હીરાની શોધ અજબ રીતે એક અકસ્માતથી જ થઇ. ઑરેન્જ નદીના કિનારા પરના એક ગામડામાં એક ખેડુતના ઘર આગળ એક ફેરિયો માલની ફેરી કરવા ગયો હતો. ત્યાં તેણે બેત્રણ છોકરાંને પાંચકુકરી રમતાં જોયાં. તેમાંનો પાંચીકો સૂર્યના તેજમાં તેણે ચળકતો જોયો. એ કઇ જાતનો હશે તે જાણવાના કુતૂહલથી તેણે છોકરાને પટાવીને તે મેળવ્યો અને પછી છોકરાને પૂછતાં જાણ્યું કે નદીના પટમાંથી તેને એ જડ્યો હતો. કેટલાક દિવસો પછી જ્યારે તે ફેરિયો કેપ કૉલૉની પાસેના ગ્રેહામ ટાઉનમાં પાછો ફર્યો ત્યારે તેણે પેલો પાંચીકો એક ડૉક્ટરને બતાવ્યો. ડૉક્ટરે તે જોતાંવેંત આશ્ચર્યથી કહ્યું, 'અરે, આ કાંઇ પાંચીકો નથી, પણ મોટો હીરો છે!' અને પછી તો



હીરો શો પદાર્થ છે તથા તે જમીનમાં ક્યાં હોય છે તે દર્શાવતી પ્રીમિયર ખાણની આકૃતિ.

* હીરાનો તોલ કૅરેટમાં થાય છે. ૧૫૧$\frac{1}{3}$ કૅરેટ=૧ ઔંસ.

એની કિંમત ૫૦૦ પૌંડ ઉપજી! પારીસમાં ૧૮૬૭ના ભરાએલા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં તે હીરો મૂકાએલો.

આ કિસ્સાને પરિણામે કેટલાક સાહસિક વેપારીઓ એ પ્રદેશમાં પહોંચ્યા. બે વર્ષ પછી તેથી યે મોટો એક હીરો મળી આવ્યો. તે ૨૫,૦૦૦ પૌંડે વેચાયો અને 'દક્ષિણ આફ્રિકાનો સિતારો' એ નામથી પ્રખ્યાતી પામ્યો. પછી તો વેપારીઓએ એ પ્રદેશ પર દરોડો પાડ્યો અને થોડા જ મહિનામાં એ ભાગમાં ૨૦,૦૦૦ મજૂરો ખોદકામ કરતા થઇ ગયા. પહેલાં તો તેઓ માટે તંબુ ઊભા કરેલા; પણ પછી ધીમેધીમે ઝુંપડાં બંધાયાં અને તેમાંથી આજનું કિમ્બરલી શહેર વસ્યું.

જેમજેમ સમય જતો ગયો તેમતેમ ખોદાણ ઘણું ઊંડું કરવું પડતું ગયું. પથરાઓને સાફસૂફ કરીને હીરા કાઢવા માટે ખડકની સપાટી પર લાવવા પડતા. એટલે સ્વતંત્ર માલિકના જુદાજુદા ખાડામાં કામ કરવું ઘણું મુશ્કેલ થવા માંડ્યું. આથી પાસેપાસેના ખાડાઓને એક જ ખાણ ગણીને એના માલિકો વચ્ચે સહકાર કરવાની જરૂર પડી અને આખરે તેમનું જોડાણ થયું. હાલ દક્ષિણ આફ્રિકાની બધી હીરાની ખાણોનો વહીવટ ડી. બીઅર્સ નામની મોટી કંપની ચલાવે છે.

હીરા શોધવાની રીત

હીરાને શોધવાની રીત પહેલાં એવી હતી કે હીરાવાળી જમીનમાંથી મોટાં ગડબાં ખોદીને મોગરી વતી તેને ભાંગી નાનાંનાનાં ગચિયાં બનાવતા. પછી તેને પાણીમાં પલાળી કાદવ અને બીજા ઢીલા પદાર્થો ધોઇ કાઢતા એટલે કાંકરા ને પથ્થરનો ભાગ પાછળ પડ્યો રહેતો. એ બધા એકઠા કરીને તેમાંથી હાથે હીરા જુદા પાડતા. પણ હવે તો હીરા મેળવવા માટે અતિશય યુક્તિવાળાં સાધનોનો ઉપયોગ થાય છે.

પહેલાં ખાણમાંના ખડકને સુરંગ ફોડીને ઢીલો બનાવી તેના ભુક્કા કરી નાખવામાં આવે છે. પછી દેશી મજૂરો એ ગડબાં પાવડા વડે ખટારામાં ભરે છે. આ ખટારા તારનાં દોરડાં વડે બહાર જમીનની સપાટી પર ખેંચી લાવવામાં આવે છે. નીચેના ચિત્રમાં ખાડાની ચોમેર ફરતા ખટારાને ચાલવાના પાટા બતાવ્યા છે ને દૂર તાર બાંધેલા દેખાય છે તે વડે તેમાંનો ભાર સપાટી પર ખેંચી લઇ જવામાં આવે છે. જમીન

લોભની કઠોરતા, ઐશ્વર્યના ઝળહળાટ અને સૌંદર્યના સર્વોપરિપણાના પ્રતીક છે.

પર લાગ્યા પછી એને ખુલ્લી હવામાં પાથરી દેવાથી થોડા મહિના બાદ તેના પોપડાં છૂટાં પડી જાય છે એટલે તેને મોટી ટાંકીઓમાં નાખી પાણીમાં ખૂબ ડબોળે છે. આથી ઉપરનો માટીનો હલકો થર ધોવાઇ જાય છે અને વજનદાર પથરાનો જથ્થો તળિયે રહે છે, જેમાં માત્ર એકાદબે હીરા જ હોય છે. આ હીરાઓને તેમાંથી જુદા પાડવાની રીત ઘણી ચમત્કારિક છે. ભીંજાએલા કાંકરાઓને ચીકટ પદાર્થ ચોપડેલા લોખંડના ઢાળિયા ટેબલ ઉપર પાથરવામાં આવે છે. પછી તે ઢાળિયાને યંત્ર વડે હલાવવામાં આવે છે. આથી કાંકરા નીચે સરી પડે છે, પણ હીરા ચીકણી સપાટી પર ચોંટી રહે છે અને તરત હાથે પડે છે.

ખાણના કામદારો


લગભગ આ બધું જ કામ ખાણની હદમાં વસાવેલા ત્યાંના વતનીઓ કરે છે. એ લોકો ખાણની હદમાં જ પોતાનાં રહેઠાણો બાંધીને રહે છે. કામ કરીને છૂટતાં તેઓ ખાણમાંથી એક નાની કણી પણ ચોરી જઇ ન શકે એ બાબત તેમના પર સખત જાપતો રાખવામાં આવે છે. ખાણની સરહદને ફરતી વાડ હોય છે અને તેને ફરતી કાંટાવાળા તારની વાડ હોય છે. એ બધાની આસપાસ વીજળીના પ્રવાહવાળા તાર હોય છે. ખાણના મજૂરોને સરહદની અંદર જ રહેવું પડે છે. કામ પ્રસંગે કોઇને બહાર જવું હોય તો તેની ખૂબ જડતી લેવાય છે.

હીરા ખોદવા માટે ધીમેધીમે અગાધ ઊંડાણમાં જવું પડતું હોવાને લીધે પહોળાં મોં વાળી ખાણો ખોદવાની બહુ મુશ્કેલી પડવા લાગી તેથી એ પ્રથા કિંબર્લી ખાતે હવે બંધ થઇ ગઇ છે. તેને બદલે હવે જમીનમાં માત્ર એક દ્વાર રાખી ઊંડાં દર પાડવામાં આવે છે ને તે મારફતે હીરાવાળી માટી બહાર ખેંચી કાઢવામાં આવે છે. સપાટી પર તો માત્ર જમીનમાં પેસી જતા બોગદાના દ્વાર સિવાય કાંઇ નજરે પડતું નથી. આ રીતે ગમે તેટલું ખોદાણ કરીને જમીનમાં ઊંડે ને ઊંડે કશી પણ મુશ્કેલી કે ધાસ્તી વિના બોગદા ખોદચે જવાય છે. પ્રીમીઅર ખાણમાં તો હજી પહોળા મોં વાળી ખોદવાની પ્રથા જ કાયમ છે.

હીરાના ઉપયોગ

ઘરેણાં વગેરેમાં બહુમૂલ રત્ન તરીકે હીરાની કિંમત અને ઉપયોગ ઉપરાંત એના સખતપણાને લીધે એ કાપવામાં, પૉલિશ (ઓપ) કરવામાં અને કોતરકામમાં વપરાય છે. ઘણાને જાણીને નવાઇ લાગશે કે દુનિયાના હીરાની અરધી નિકાસ તો આવા ઉદ્યોગોમાં જ વપરાય છે; જોકે તે હીરા પણ હલકી જાતના જ હોય છે. કેટલીક વખત ઘડિયાળો અને એવાં ચાલુ ગતિનાં બીજાં અનેક નાજુક યંત્રોમાં ગતિધારક તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખડક કોરનાર સારડીની અણી પર પણ હીરાકણી જ જડેલી હોય છે. પ્લૅટિનમ, સોનું, રૂપું વગેરે કિંમતી ધાતુઓના તાર ખેંચવામાં પણ હીરા વપરાય છે. ચપટા હીરામાં કાણું પાડીને તેમાંથી આ ધાતુના તારને ખેંચવામાં આવે છે. હીરાના આ જતરડા મજબૂત ગણાય છે અને એમાંથી નીકળેલો તાર એકસરખી જાડાઇનો હોવાની ખાતરી રખાય છે. વીજળી અને રેડિયોના પોટામાં વપરાતા બારીક તારો આ રીતે જ તૈયાર કરેલા હોય છે.

દુનિયા આખીમાં મળી આવતા હીરા પૈકી સૌથી મોટો ભાગ–લગભગ પંચ્યાશી ટકા તો એકલું આફ્રિકા જ પૂરો પાડે છે, અને દુનિયાભરમાં બીજા દેશો કરતાં હીરાની સૌથી વધુ ખરીદ કરનાર દેશ અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સ છે. (અંગ્રેજીને આધારે)



પ્રીમીઅર ખાણના અંદરના ભાગનો ફોટોગ્રાફ જેમાંથી ઊંચે ચડતા ખટારાના પાટા તથા તારનાં દોરડાં વાટે હીરાવાળી માટી ખેંચી જવામાં આવે છે.

ઇ તિ હા સ દ ર્શ ન*

શિવાજી મહારાજ નાસી છૂટે છે

બાદશાહ ઔરંગઝેબે પોતાના વૃદ્ધ અને અનુભવી સરદાર રાજા જયસિંહને જ્યારે દક્ષિણમાં મોકલ્યો ત્યારે એ કસાએલા સેનાપતિએ માત્ર ત્રણ માસમાં જ શિવાજીને હંફાવી દીધો. તેને પુરંધર મુકામે સંધિ કરવી પડી. અને પોતાના રાજ્યનો ઘણો ભાગ આપીને, કેટલાક મજબૂત કિલ્લાઓ આપી દઇને તથા મોગલ લશ્કરમાં પોતાના પુત્ર સંભાજીને પાંચહજારી મનસબ બનાવીને, પોતાનું નાનું સરખું રાજ્ય બચાવી લેવું પડ્યું! ઉદેપુરના રાણાની માફક શિવાજીએ પણ કહ્યું કે મોગલ દરબારમાં હાજરી આપવાની ફરજમાંથી મને મુક્ત કરવો જોઇએ. મારે બદલે મારો પુત્ર સંભાજી આવશે. બાકી દક્ષિણમાં મોગલ લશ્કર બિજાપુર-ગોવળકોંડા સામે યુદ્ધ કરશે તેમાં મદદ કરવા હું જાતે આવીશ.

સંધિ થઈ ગઇ. મંજૂરીનું બાદશાહી ફરમાન પણ આવી ગયું. શિવાજી માટે ખિલઅત મોકલાયો. રાજા જયસિંહની શિખામણ પ્રમાણે શિવાજી બાદશાહી ફરમાન લેવા છ માઇલ પગે ચાલીને સામે ગયો અને ઘડીભર લાગ્યું કે શિવાજીનું વ્યક્તિત્વ મુગલાઇમાં મળી ગયું છે! રાજા શિવાજી પોતાના નાના રાજ્યમાં રાજા, પણ મોગલ સરકારના તો એક સરદાર!

રાજા જયસિંહ ઘણો વિચક્ષણ ને કુનેહબાજ હતો. તે માત્ર શૂરવીર લડવૈયો કે દીર્ઘદર્શી સેનાપતિ ન હતો. તે રાજદ્વારી શેતરંજનો પણ અઠંગ ખેલાડી હતો. એણે જોઈ લીધું કે મોગલ સૈન્ય બિજાપુર-ગોવળકોંડાના લશ્કરને હંફાવે ત્યાં સુધી તો શિવાજીની મૈત્રી ખપમાં આવે; પણ ન કરે નારાયણ ને જો મોગલ સૈન્ય હાંફવા માંડે, અને એ જ વખતે દક્ષિણના ડુંગરેડુંગરાની ચાવી ગજવામાં લઇને ફરનારો શિવાજી બદલે, તો દિલ્હી-આગ્રાથી હજાર માઇલ દૂર આવેલા મોગલ સૈન્યની કબર દક્ષિણમાં જ ખોદાય! એણે બીજું એ પણ જોઇ લીધું કે જો શિવાજીને જાળવી રાખવાની બાદશાહી રાજનીતિ સફળ થાય તો આખું દક્ષિણ એકલે હાથે જ સાચવી રાખવાની શક્તિ શિવાજીમાં છે. શિવાજી જ બાદશાહીનો સ્તંભ બને, દક્ષિણનો સૂબેદાર બને અને હમેશને માટે દક્ષિણ તરફની પીડા નીકળી જાય.

રાજા જયસિંહ બિજાપુર સર કરવા ચડ્યો. શિવાજી મહારાજની સરદારી નીચેના સૈન્યે આગળ વધીને રસ્તામાં નડતા દુશ્મનોને હંફાવવાનું શરૂ કર્યું. શિવાજી મહારાજની આ સેવાની ઘણી પ્રશંસા થઇ. રત્નજડિત ખંજર બાદશાહી પ્રશંસાપત્ર સાથે ભેટ મળ્યું. બિજાપુરથી દસ જ માઇલને અંતરે બાદશાહી લશ્કર આવી પહોંચ્યું. પણ બિજાપુરનો કિલ્લો ઘણો મજબૂત હતો. મશહૂર મુલકે-મેદાન તોપનો રાક્ષસી માર હજી મોગલ સૈન્યે ચાખ્યો નહોતો. બિજાપુરને ફરતું જાણે સાત માઈલનું કૃત્રિમ રણ જ હોય તેમ, ઝાડનું ઠૂંઠું કે પાણીનું પાવળું ક્યાંય મળે એવું બિજાપુર શાહ આદિલશાહે રહેવા જ નહોતું દીધું!

આવી સ્થિતિમાં મોગલ સૈન્યની એકબે જગ્યાએ હાર થઇ. હુમલો શિવાજી મહારાજની સૂચના પ્રમાણે થએલો, એટલે આરોપ એમના ઉપર જ ચડ્યો. જયસિંહના પ્રતિસ્પર્ધિ દિલેરખાને શિવાજીને કેદ કરવાની પણ માગણી કરી એવામાં શિવાજીની પોતાની પન્હાળગઢ લેતાં હાર થઇ. બીજો શિવાજી હોય એવો બહાદુર સરદાર નેતાજી બિજાપુરને મળી ગયો. રાજા જયસિંહે એને ઘણીઘણી લાલચો આપીને પાછો તો મેળવ્યો, પણ એ અનુભવી રાજા સમજી ગયો કે શિવાજી પણ જો આમ ફરી બેસે—અને ગોવળકોંડા-બિજાપુર તો એક થઇ જ ગયાં છે—તો આખું મોગલ સૈન્ય અહીં જ સૂઈ જાય.

મોગલ શહેનશાહતને ભવિષ્યમાં વખતે લાગી જાય એવો આ ભયંકર ઘા વાળી લેવા તેણે શિવાજીને બાદશાહની હજુરમાં મોકલવાનું નક્કી કર્યું. પુરંધરની સંધિ પ્રમાણે તો બાદશાહી તહેનાતમાં હાજર રહેવાની ફરજમાંથી શિવાજીને છૂટ મળી હતી; એટલે જયસિંહે બીજી ચાલબાજી રચી. દક્ષિણના સૂબેદાર બનવાની

* શ્રી 'ધૂમકેતુ'ની લખેલી 'યુગદર્શન ગ્રંથમાળા'માં હવે પછી પ્રકટ થનારા એ નામના, પુસ્તકમાંથી. એ ગ્રંથમાળાનું પહેલું પુસ્તક 'પડછાયા' બહાર પડી ચૂક્યું છે.

તમને હવે તક મળી જાય એવું છે; કેમકે દક્ષિણ જીતવામાં બધા સરદારો હાર્યા છે. એટલે બાદશાહી મહેરબાની મેળવવાનું તમારે માટે શકય છે. આવી ભવિષ્યના ઉદયની વાત કરીને તેણે શિવાજીને આગ્રા જવા માટે ઉત્તેજન આપ્યું. ૭ વર્ષ પહેલાં અફઝલખાનને મળવા જવા માટે શિવાજીના મનમાં જે શંકા ને વ્યાકુળતા થયાં હતાં તેવાં જ આ વખતે પણ થયાં. વખત છે ને બાદશાહ નારાજ હોય ને આ બધી જાળ હોય તો? પણ જયસિંહે સોગન લીધા કે તમે અવશ્ય પાછા આવશો જ અને મારો પુત્ર રામસિંહ દિલ્હીમાં તમારી ખબર રાખશે.

પોતે પાછો ફરે ન ફરે તેની કોને ખબર છે? એટલે શિવાજી પોતાનારાજ્યનો બંદોબસ્ત કરવા ગામડે-ગામડું જોઇ વળ્યો. મોરોપંત પેશ્વા સાથે માતા જીજાબાઇ રાજપ્રતિનિધિ રહેવાનાં હતાં.નેતાજી પાલકર સેનાપતિ બન્યો. આમ, પોતે પાછો આવે કે ન આવે, જીવે કે મરે, પણ આ વ્યવસ્થા પ્રમાણે રાજ્ય તો ચાલ્યા જ કરે એવી સૌને સૂચના આપીને, ઇ.સ. ૧૬૬૬ના માર્ચ મહિનાની એક સાંજે નવ વર્ષના સંભાજી સાથે તે આગ્રા જવા નીકળ્યો. ૭ વર્ષ પહેલાં અફઝલખાનને મળવા જતાં જીવન, મરણ ને રાષ્ટ્રધર્મનો પ્રશ્ન જેવી રીતે તેનું અંતર વલોવી રહ્યા હતો, તેવી રીતે આજે પણ એના અંતરમાં ઊંડુંઊંડું મંથન ચાલી રહ્યું હતું. પોતે એકલો ન હતો; સંભાજી સાથે હતો, અને બાળબચ્ચાં, માતા, સ્ત્રી, સગાંસંબંધી સૌને છોડીને તેની સાથે ચાલી નીકળનાર ચાર હજાર વીર પુરુષો પણ હતા. મહારાષ્ટ્રનું જીવન તેની સાથે આવતું હતું. કદાચ આગ્રાથી પાછા નહિ ફરીએ તો?—કદાચ .... તે વધુ વિચાર કરી શકયો નહિ.

આથમતા સૂર્યના ભૂખરા રંગમાં દૂરદૂર ધૂળમાં ઢંકાતું સૈન્ય જીજાબાઇએ જોયા કર્યું;—જોયા જ કર્યું. અને છેવટે જ્યારે એકલું અંધારૂં રહ્યું ત્યારે, જીજાબાઇ જાણે પ્રાણ વિનાનો દેહ હોય તેવા શિવાજી વિનાના રાયગઢમાં પાછાં ફર્યાં.

ચાલતાંચાલતાં સૌ ઔરંગાબાદ પહોંચ્યા. આખું શહેર શિવાજીને જોવા મળ્યું. અફઝલખાનને એક ઘડીમાં ભર સૈન્યની વચ્ચે હણી નાખનાર, પૂનામાં પેલા શાહિસ્તખાનને મધરાતે જગાડીને ભગાડનાર, આ વીર પુરુષની કીર્તિ ઠેરઠેર ફેલાઇ રહી હતી. એના વીરત્વ પર લોકો આફ્રીન હતા. બચ્ચાં પૂછી રહ્યાં છે, 'આમાં શિવાજી કયા? પનિહારીઓ માથે પાણીનાં બેડાં લઇ શિવાજીની સવારી નિહાળવા ઊભી રહી છે. બારીમાં, બારણાંમાં, ગોખમાં, બજારમાં ઠેરઠેર લોકની ઠઠ જામી છે અને સૌની નજર સૌથી આગળ ચાલનારા શિવાજી પર ઠરી રહી છે. એની કેડે પ્રખ્યાત ભવાની તલવાર લટકે છે. તેની સોનેરી મૂઠના ફૂલમાં જડેલાં લાલ માણેકનું તેજ રસ્તાની ધૂળથી ઝાંખું પડ્યું છે, પણ છાનું રહેતું નથી. લોકોએ આજે જાણે પહેલવહેલાં સ્વતંત્ર સૈનિકો અને વીર સેનાપતિ નિહાળ્યાં. પણ ઔરંગાબાદનો સૂબો સફશિકનખાન આ જમીનદારની સામે પણ ફરકયો નહિ. શિવાજી આગ્રા જાય કે ગમે ત્યાં જાય; એના જેવો મોટો સૂબેદાર એને મળવા જાય ખરો? શિવાજી અને તેનું ચાર હજારનું વીર સૈન્ય શહેર સોંસરવાં નીકળીને ઉતારે ગયાં. ઔરંગાબાદનો સૂબો શિવાજીને મળ્યો નહિ, તો શિવાજી પણ જાણે ઔરંગાબાદમાં સૂબો છે જ નહિ એમ પરભાર્યો ઉતારે જ ગયો. પછી સૂબેદાર મળવા આવ્યો.

જ્યાંજ્યાં ખબર પડે છે કે શિવાજી બાદશાહને મળવા આગ્રા જાય છે ત્યાંત્યાં લોકની ઠઠ જામી જાય છે. ગામડાંના ખેડુતો ખેતરમાંથી દોડીદોડીને એ મરાઠા સરદારને નિહાળે છે. એનું સૈન્ય ગામને પાદર નીકળે છે કે તરત આખું ગામ જોવા દોડે છે! એની કીર્તિ, એની સાહસકથા, એનું વીરત્વ ઘેરઘેર ગવાઈ રહ્યાં છે. બ્રાહ્મણો કહે છે કે એને ભવાની હાજરાહજૂર છે. ડોશીશાસ્ત્ર પ્રમાણે એણે વીર વિક્રમની પેઠે વૈતાળ સાધ્યો છે. કેટલાક કહે છે કે એણે લઘિમા સિદ્ધિ મેળવી છે. કોઈ કહે છે કે એને એક ફકીરે ઇલમ શીખવાડયો છે. રસ્તા પર ચાલ્યું જતું એ વીર સૈન્ય ને એનો બહાદુર નાયક નિહાળીને સૌની આંખ ઠરે છે.

ત્રણ મહિને શિવાજી આગ્રા પહોંચ્યો. ઔરંગઝેબ બાદશાહનો મુકામ ત્યાં હતો. ત્રીજે દિવસે બાદશાહની પચાસમી તિથિ ઊજવવાની હતી અને તે દિવસે દરબારમાં હાજર રહેવાનું શિવાજીને નિમંત્રણ હતું. કુમાર રામસિંહ શિવાજીને દરબારમાં લઇ ગયો ત્યારે દરબારીઓની ઠઠ જામી હતી. બાદશાહની તુલા કરવા

માટે સોનારૂપાનો ઢગ કર્યો હતો. દરબારીઓ અને તેમના હજુરીઓ હજારોની સંખ્યામાં ઊભા હતા. ચારે તરફ રેશમી ગાલીચા ને જરિયાનની જાજમો શોભી રહી હતી. હીરા, રત્ન ને માણેકથી પૂરેલી મયૂરાસનના મયૂરની કળા ઝળાંઝળાં થઇ રહી હતી, અને સાચાં અંગૂરી મોતીનાં ઝુમખાં ને તોરણ તખ્તે તાઉસને શોભાવી રહ્યાં હતાં.

છેક દક્ષિણથી આવેલા વીર મરાઠાને કેટલાક મોગલ સરદારો નિહાળી રહ્યા હતા. એટલામાં ખુદ બાદશાહ પોતે પધાર્યા. ઉમરાવોએ ઘૂંટણીએ પડી સેજદો કર્યો. શિવાજીએ નઝર તરીકે પંદરસો સોનામહોર ધરી અને નીસાર તરીકે છ હજાર રૂપિયા ધર્યા.

ટૂંકી દાઢીનો, વિચક્ષણ ને શરીરે જરા નમેલો ઔરંગઝેબ મીઠા અવાજથી બોલ્યો: 'આવો શિવાજી રાજા!'

શિવાજીને સિંહાસન સમક્ષ દોરી ગયા. શિવાજીએ નીચા વળી બાદશાહને ત્રણ સલામ કરી. પણ 'રાજા' શબ્દમાં રહેલો કટાક્ષનો રણકો અને ગર્ભિત અર્થ હજી તો શિવાજી સમજે તે પહેલાં તો ઔરંગઝેબની આંખની ઇશારત થઇ અને શિવાજીને ત્રીજા વર્ગના સરદારોની હરોળમાં તેની જગ્યાએ લઇ ગયા. દરબારનું કામ આગળ ચાલ્યું અને જાણે શિવાજી ક્યાં ય છે જ નહિ તેમ તેની સામે પણ કોઇએ જોયું નહિ.

શિવાજીએ તો રાજા જયસિંહની વાતચીત પરથી એવી મનોરમ કલ્પના કરી હતી કે પોતાને બાદશાહ દક્ષિણની સૂબેદારી આપશે, મિત્ર પેઠે રાખશે બિજાપુર-ગોવળકોંડાની આંટીઘૂંટીની વાતો પૂછશે અને પોતે બાદશાહને બિજાપુર-ગોવળકોંડાના રાજ્યનો ખરો ખ્યાલ આપશે. પણ અહીં તો શિવાજીને લેવા માટે સામે આવેલા બે સરદારો—બંને ત્રીજા વર્ગના. બાદશાહ સલામતે તેનું નામ ઉચ્ચાર્યું તે પણ મશ્કરીમાં! મૂછમાં હસતા હજારો ઉમરાવોની હાજરીમાં તેને ત્રીજા વર્ગના સરદારોની હરોળમાં ઊભો રાખી જાણે તેની નિષ્ઠુર મશ્કરી કરવાનો જ સૌનો ઇરાદો લાગ્યો. હજારો આંખમાં અટ્ટહાસ્ય ભર્યું હતું. એણે કુમાર રામસિંહને પૂછ્યું, 'શું આ બધા પાંચહજારી મનસબદારો છે? હું પણ પાંચ હજારી?—રામસિંહ!'

રામસિંહ દરબારની રીતભાતથી વાકેફગાર હતો. તેણે ધીમેથી ઉત્તર વાળ્યો, 'રાજાસાહેબ! ધીમે બોલો. ખુદ બાદશાહ સલામતનું ધ્યાન આ તરફ ખેંચાય છે! જોયું, હવે નામવર શહેનશાહને સોનાથી તોળશે!'

શિવાજીની આંખમાં ખુન્નસ ચડ્યું. એને ઘડીભર ગાંડપણ આવ્યું. અફઝલખાનને હણનારી વીરત્વ ભરેલી ધીરવૃત્તિ તેને છોડી ગઇ. એના રોમરોમમાં મારવાનો ને મરી ફીટવાનો અગ્નિ પ્રકટ્યો.

'રામસિંહ!' તે ફાટી ગએલા ઘોઘરે સાદે બોલ્યો. મુખ્ય વજીર જાફરખાને કરડી નજરે રામસિંહ સામે જોયું. રામસિંહ શિવાજીને શાંત પાડે તે પહેલાં તો જ્વાળામુખીમાંથી ભભૂકતા અગ્નિનીમાફક શિવાજી ઉતાવળમાં બોલી ગયો, 'મારી પાસે સૈન્યમાં કેટલા યે પાંચ હજારી છે! નેતાજી પાંચ હજારી છે; અને શું હું પાંચ હજારી? લાવ, ક્યાં છે તારૂં ખંજર?' આમ કહીને શિવાજીએ રામસિંહનું ખંજર ખેંચવા હાથ લાંબો કર્યો, પણ ખેંચે તે પહેલાં તો રૂંવેરૂંવે વ્યાપેલા ક્રોધથી તે બેભાન થઇ ભરસભામાં ઢળી પડ્યો!

અનંત ધારે—

•ઉપજાતિ-વંશસ્થ•

અનન્ત ધારે ફૂટતો ફુવારો
સંજીવનીનો તહીં પૂર્વ આરે;
ને રેલતાં નીર અખંડ ધારે
સૃષ્ટિ તણો પાય વિશાળ ક્યારો.

હસી ઊઠ્યાં ઉન્નત શૃંગ અદ્રિનાં,
નાચી રહ્યાં નિર્ઝર સર્વ પૃથ્વીનાં;
ખીલ્યાં ફૂલો અંતરની સુવાસે,
ને વિશ્વ ગાજ્યું દ્વિજ કિલ્કિલાટે.

એ નાચવા નિર્ઝર–નૃત્ય જીવને,
પંખી તણાં ગાન સદૈવ ગાવા,
ઊઘાડીને અંતર-પાંખડી સહુ
પુષ્પો સમી ઉર સુવાસ ફોરવા,

અનંત ધારે તુજ પ્રેમ કેરો
બ્રહ્માંડવ્યાપી ફૂટતો ફુવારો.
એ ઝીલવા ઉર ધરી મથું હું,
ના ઉરનો કેમ ભરાય ક્યારો?

પ્રહ્લાદ પારેખ

દરબારીઓએ શિવાજીના શબ્દો સાંભળ્યા હતા. દરબારી રીતભાતનો ભંગ ન થાય માટે તેઓ બોલ્યા નહિ; પણ સૌનાં મન વ્યગ્ર થયાં હતાં. ખુદ શહેનશાહે અવ્યવસ્થા થતી જોઇ રામસિંહને પૂછ્યું, 'શું છે?'

'એ તો જહાંપનાહની સલામે આવેલા, પણ જંગલના વાઘ એટલે અહીંની ગરમી ન ખમી શક્યા. જરાક બેચેન લાગે છે. એને આવો દરબાર નવો છે, રીતભાત પણ નવી છે. એની બેઅદબી માટે માફી માગું છું.'

પાસેના દીવાનખંડમાં લઇ જઇ શિવાજી ઉપર ગુલાબનું સુગંધી જળ છાંટતાં તે ભાનમાં આવ્યો. ઔરંગઝેબે બેચેન રાજાને ઉતારે લઇ જવાની રજા આપી.

ઉતારે તો શિવાજી પહોંચ્યો. પણ શિવાજીના શબ્દો બાદશાહને કાને પહોંચી ગયા હતા. રામસિંહને હુકમ થયો કે જયપુરને ઉતારે શિવાજીને રાખવો અને તેની બધળી જોખમદારી પણ તેને માથે જ નાખી.

શિવાજીને હવે કાંઇક સમજણ પડી કે આગ્રા આવવાનું સહેલું હતું, પણ આગ્રામાંથી દક્ષિણમાં પહોંચવું સહેલું નથી. બિજાપુર અને ગોવળકોંડા જીતવાની આશા આપીને આગ્રામાંથી જવાની શિવાજીએ માગણી કરી. પણ જવાબ મળ્યો કે 'થોડી રાહ જુઓ; પછી યોગ્ય થશે.'

એક વખત ઔરંગઝેબની મુલાકાત લેવા માટે પણ શિવાજીએ પ્રયત્ન કરી જોયો. પણ શાહિસ્તખાન પૂનાના ઘા ભૂલી ગયો ન હતો. એ શાહિસ્તખાન મુખ્ય વજીર જાફરખાનનો સાળો થતો હતો. સાળાએ બનેવીને ચેતાવ્યો હતો કે શિવાજી આંખમાંથી કણું કાઢે તેમ જીવ કાઢી લે છે. બનેવીએ ઔરંગઝેબને ચેતાવ્યો કે ભૂલેચૂકે શિવાજીને એકલા મળતા નહિ. શિવાજીને એકલા મળવાની કોઇ ભૂલ કરે કે હિંમત દેખાડે એ આશા ફોકટ હતી. દસ હજાર લશ્કરીઓથી ઘેરાએલા અફઝલખાન પર પડેલો ઘા સૌને સાંભરતો હતો. વીસ હજાર સૈનિકોથી વીંટાયેલા શાહિસ્તખાન પર તેના ઘરમાં ઘા પડ્યો તે કોઇ ભૂલ્યું ન હતું. જયસિંહ તેને મળ્યો ત્યારે શિવાજીના આવવાના રસ્તા ઉપર બંને બાજુ ખડી તલવારે સૈનિકો ઊભા રહ્યા હતા. શિવાજી મુખ્ય વજીર જાફરખાનને મળવા ગયો ત્યારે તેણે 'સારૂં, હું બાદશાહ સલામતને વાત કરીશ' એવા બે શબ્દમાં જ વાત પતાવી દીધી.

(અપૂર્ણ) 'મકેતુ'

ગણિત-જ્ઞાનલીલા

આપેલી રકમને કઈ રકમ વડે ભાગી શકાશે?

૧ આપેલી રકમને છેડે બેકી સંખ્યા હોય તો બે વડે ભાગી શકાય.

૨ રકમના બધા આંકડાઓના સરવાળાને ત્રણ વડે ભાગી શકાય તો મૂળ રકમને ત્રણ વડે ભાગી શકાય.

૩ રકમના છેલ્લા બે આંકડાને ચાર વડે ભાગી શકાય તો આખી રકમને ચાર વડે ભાગી શકાય.

૪ આપેલી રકમના છેલ્લા આંકડાને પાંચ વડે ભાગી શકાય તો આખી રકમને પાંચ વડે ભાગી શકાય.

૫ રકમનો છેલ્લો આંકડો બેકી હોય અને રકમના બધા આંકડાઓના સરવાળાને ત્રણ વડે ભાગી શકાય તો તે આખી રકમને ૭ વડે ભાગી શકાય.

૬ રકમના છેલ્લા ત્રણ આંકડાને આઠ વડે ભાગી શકાય તો આખી રકમને આઠ વડે ભાગી શકાય.

૭ રકમના બધા આંકડાઓના સરવાળાને નવ વડે ભાગી શકાય તો આખી રકમને નવ વડે ભાગી શકાય.

૮ આપેલી રકમમાં એકી જગ્યાએ આવેલા આંકડાઓના અને બેકી જગ્યાએ આવેલા આંકડાઓના સરવાળાની બાદબાકી કરતાં, શૂન્ય અથવા ૧૧ વડે ભાગી શકાય એવી રકમ વધે તો આપેલી રકમને ૧૧ વડે ભાગી શકાય. દાખલા તરીકે ૬૧૨૭માં ૬+૨ અને ૧+૭ની બાદબાકી કરતાં શેષ શૂન્ય વધી માટે ૧૧ વડે ભાગી શકાય. ૮૨૯૪૭૧૮૩માં ૮+૯+૭+૮ ને ૨+૪+૧+૩ની બાદબાકી કરતાં ૨૨ વધ્યા જેને ૧૧ વડે ભાગી શકાશે, માટે આપેલી રકમને ૧૧વડે ભાગી શકાશે.

૯ ઉપરની આઠ રીતો અજમાવતાં એમ માલૂમ પડે કે આપેલી રકમ બે કે તેથી વધુ રકમોથી ભાગી શકાય તેમ છે તો ભાગી શકે તેવી રકમોમાંથી સગવડ પડે તેટલી રકમોનો ગુણાકાર કરી ગુણાકાર વડે જ પરભાર્યો ભાગાકાર કરવો. દાખલા તરીકે ૧૭૨૬ ને ત્રણ વડે તેમ જ ચાર વડે ભાગી શકાય તેમ છે; માટે ત્રણ ચોક બાર, એટલે પરભારો બાર વડે જ ભાગાકાર કરવો. પરંતુ આ મિશ્રણવાળી રીતમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરની છે કે એ મિશ્રણ એકબીજાને અવિભાજ્ય રકમોનું જ કરવું. એટલે પહેલાં તો અવિભાજ્ય રકમ કોને કહે તે જાણવું જરૂરનું છે. જે રકમને ૧ સિવાય બીજી કોઇ રકમ વડે ભાગી ન શકાય તે રકમ અવિભાજ્ય રકમ કહેવાય.

૧,૨,૩,૫,૭,૧૧,૧૩,૧૭,૧૯,૨૩,૨૯,૩૧,૩૭,૪૧,૪૩, ૪૭,૪૯,૫૩,૫૯,૬૧,૬૭વગેરે અવિભાજ્ય રકમો છે.

વળી, જો બે અગર વધુ રકમોમાંથી કોઇ પણ રકમ બાકીની રકમોમાંની કોઇ પણ રકમને ભાગી શકે નહિ તો તે રકમો 'એકબીજાને અવિભાજ્ય' રકમો કહેવાય. ૨,૩,૫,૭ એ એકબીજાને અવિભાજ્ય રકમ છે. ૬ પોતે અવિભાજ્ય રકમ નથી પણ ૬ અને ૫ એકબીજાને ભાગી શકે નહિ માટે તે બંને એકબીજાને અવિભાજ્ય છે. નવમી રીતમાં જે મિશ્રણ કરવાનું સૂચવ્યું છે તે હમેશાં એકબીજાને અવિભાજ્ય રકમોનું જ કરવું. દાખલા તરીકે ૯ અને ૩નું નહિ, પણ ૬ અને ૫નું થઈ શકે; ૮ અને ૩નું થઇ શકે.

૧૦ પહેલી આઠ રીતો અજમાવતાં ભાજક ન જડે તો પછી ખરેખરો ભાગાકાર કરી જોવાની જરૂર પડે છે. આવી સ્થિતિ ઊભી થાય ત્યારે પ્રથમ ૭ વડે ભાગી જોવું; અને પછી ૧૩થી માંડીને ફક્ત અવિભાજ્ય સંખ્યાના જ અખતરા કરવા. કારણકે જો ભાજ્ય સંખ્યા જેવી કે ૧૮ લો તો ૯×૨=૧૮; આપણે આગલી રીતો અજમાવીને જ જાણી લીધું છે કે ૯ વડે તેમ જ ૨ વડે ભાગ ચાલતો નથી. માટે અઢાર વડે ભાગ નહિ ચાલે. તેમ જ બધી ભાજ્ય સંખ્યાનું સમજવું. માટે ૧૩,૧૧,૧૯,૨૩, એમ અખતરા કરતા જવું; તે એટલે સુધી કે જયારે અખતરાવાળી સંખ્યા કરતાં ભાગાકાર પહેલી વાર ઓછો આવે, અને શેષ પણ વધે ત્યારે અટકી જવું અને સમજવું કે આપેલી રકમ પોતે જ અવિભાજ્ય હોવાથી કોઇ પણ બીજી રકમથી ભાગ ચાલશે નહિ. આમ અટકવાનું કારણ એટલું જ છે કે જયારે ભાજક કરતાં ભાગાકાર ઓછો આવવા લાગે ત્યારે જો આપણે ભાગાકારને ભાજક બનાવીએ અને ભાજકને ભાગાકાર બનાવીએ તો નવા અખતરાવાળો ભાજક આપણે છેલ્લા જે સંખ્યાનો અખતરો કર્યો તે કરતાં નાનો થઇ જશે. અને છેલ્લો જે સંખ્યાનો અખતરો કર્યો તે કરતાં કોઇ પણ નાની સંખ્યાથી ભાગ ચાલતો નથી એ તો આપણે જાણી લીધું છે.

૧૧ કખકખને કખ તેમજ ૧૦૧ વડે ભાગી શકાય. કખગકખગને કખગ તેમજ ૧૦૧ વડે ભાગી શકાય. કખગઘ....કખગઘ....ને કખગઘ.... તેમ જ ૧૦૧ વડે ભાગી શકાય. કખકખકખને કખ તેમજ ૧૦૧૦૧ વડે ભાગી શકાય. કખકખકખકખને કખ તેમ જ ૧૦૧૦૧૦૧....વડે ભાગી શકાય.

[ઉપરની ૧૧ કલમોમાંથી પહેલી ૯ માધ્યમિક શાળાઓમાં ચાલતા ગણિતોમાં પહેલા કે બીજા પ્રકરણમાં આપેલી હોય છે. પરંતુ તે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને અઘરી પડે એમ ગણી નાનાં ગણિતોમાં આપી હોતી નથી; એટલે બને છે એમ, કે જયારે વિદ્યાર્થી ગુણાકાર ભાગાકાર વગેરે શીખે છે ત્યારે તેને આ રીતો સમજાવવામાં આવતી નથી. પછી માધ્યમિક શાળામાં દાખલ થતાં તેના હાથમાં મોટું ગણિત આવે છે, પણ તેમાં તે વચમાંથી જ ઉપાડવામાં આવે છે એટલે આ રીતો વિદ્યાર્થીઓનો મોટો ભાગ જાણવા પામતો નથી.

૧૦મી અને ૧૧મી કલમો લેખકે નવી ઉમેરી છે.

૯મી કલમમાં જે મિશ્રણ કરતી વખતે એકબીજાને અવિભાજ્ય રકમો જ લેવાનું ધ્યાન રાખવા વિષે ઉપર લખ્યું છે તે પણ લાકડાવાળાના તેમજ ગોખલેના ગણિતમાં નથી. તેથી એ સૂચના વિના એ બે ગણિતોમાં આપેલી આ રીત અધૂરી છે તે લેખકે પૂરી કરી છે.]

શામજી લવજી આલગિયા

ભરતકામના આલેખ

કાવેરીના કલાપ્રદેશમાં



દક્ષિણ હિંદના શિલ્પમાંનું એક સુશોભન

ડાક બંગલો ચિદામ્બરમ્ • ૪થી સપ્ટેમ્બર

ગઈ કાલે રાત્રે હું કુંભકોનમથી અહીં આવ્યો હતો. આજે સવારે નટરાજનું મંદિર અને બપોરે અન્નમલય યુનિવર્સિટી જોયાં. રાત્રે ત્રિવેંદ્રમ એક્સ્પ્રેસમાં કંજીવરમનાં લોકપ્રસિદ્ધ દેવળો જોવા નીકળીશ. ત્યાંથી નીકળીને સીધો મદ્રાસ. હવે બીજો પત્ર મદ્રાસથી.

કુંભકોનમમાં ત્રણ મંદિરો મોટાં અને પોતપોતાની રીતે અનોખાં છે. એક સારંગપાણિનું મંદિર વૈષ્ણવોનું છે. બીજું રામસ્વામીનું પણ વૈષ્ણવોનું અને ત્રીજું કુંભેશ્વરનું શૈવોનું છે. સારંગપાણિના મંદિરનું ગોપુરમ્ દક્ષિણનાં બધાં જ મંદિરોમાં ઊંચામાં ઊંચું છે. આ મંદિરમાં બહુ મૂર્તિઓ જોવા ન મળી. માત્ર બે દ્વારપાળો સુંદર લાગ્યા. મંદિરનું સ્થાપત્ય શ્રીરંગમના મંદિર કરતાં ઊંચા પ્રકારનું લાગ્યું. રામસ્વામીના મંદિરમાં પંદરેક મૂર્તિઓ પોતાના વિવિધ ભાવોનો પ્રકાશ કરતી જુદાજુદા ભંગોમાં જોઈ. દરેક મૂર્તિનો ભંગ જુદો ને એ ભંગથી ભાવ વ્યક્ત કરવાની કલાકારની ખૂબી અપૂર્વ. જુદા ભંગવાળી ૭ સુંદરીઓ લાવણ્ય ને પ્રસાદભરી લાગી. અહીં મદુરાની રતિનું સ્મરણ થયું. આ ઉપરાંત બે દ્વારપાળો ને નટરાજનાં બે સ્વરૂપો આકર્ષક લાગ્યાં.

કુંભેશ્વરનું મંદિર પણ મોટું અને ભવ્ય છે. અહીંની છતમાં અને સ્તંભોમાં કારીગરી ભરી પડી છે. જ્યાં ટેકો દેવાનો આવે ત્યાં માત્ર સ્તંભ ઊભો ન કરતાં એક ભક્તમૂર્તિ પાસે ખભાનો ટેકો અપાવ્યો છે. આવી કલાકારની ખૂબી પ્રશંસનીય નથી? આ ત્રણે મંદિરમાં સારંગપાણિના મંદિરનું ગોપુરમ્ ભવ્ય છે. યુરોપીઅન પ્રવાસીઓ પણ અહીં આવીને નવમા માળ સુધી ચડે છે ને ત્યાં પોતાનું સ્મરણ રાખવા ચાકથી સહી કરી જાય છે. એઓ પણ આ નીરખીને ઘડીભર થંભી જાય છે એ હકીકત અહીંની યૂનિવર્સિટીના એક પ્રોફેસરના મુખે સાંભળી. કુંભકોનમમાં પણ કાવેરી ફરી વળી છે અને આખાયે ભાગને ફળદ્રુપ બનાવી દીધો છે.

અહીંનું નટરાજનું મંદિર મારાં જોએલાં મંદિરોમાં મદુરાના મીનાક્ષી મંદિર પછી બીજું આવે છે. અહીં મંદિરમાં લિંગને બદલે નટરાજની તાંડવ નૃત્ય ખેલતી મૂર્તિ છે. અહીંનું સ્થાપત્ય ઊંચી કોટિનું છે. મદુરાની જેમ સાતસાત માળનાં ચાર મોટાં ગોપુરમો અને દરેક ગોપુરમમાં મૂર્તિવિધાન જુદું. મંદિરમાં આપણા સુરસાગરથી અરધું એક સુંદર તળાવ છે. અહીંનો ૧૦૦૮ સ્તંભો વાળો નટરાજનો સભામંડપ વખણાય છે. નટરાજનાં વિવિધ સ્વરૂપો અહીં જોવા મળ્યાં એ મોટો લાભ થયો. એની વિગત હું નિરાંતે લખીશ.

હવે અન્નામલય યૂનિવર્સિટી વિષે થોડું લખીને આ પત્ર પૂરો કરીશ. યૂનિવર્સિટીના ભલા મહામાત્ર શ્રી વિશ્વનાથજી આય્યરે બે કલાક સુધી વિગતવાર માહિતી પૂરી પાડી અને બધાં મકાનો સાથે ફરીને દેખાડ્યાં. આ યૂનિવર્સિટી એ ચેટ્ટીનાડના કરોડાધિપતિ ધી ઑનરેબલ રાજા સર એસ. આર. એમ. અન્નામલય ચેટ્ટીઆરના ૩૭ લાખ રૂપીઆના મહાદાનનું ફળ છે. આ રૂપીઆ સર અન્નામલયે એવી શરતે આપ્યા છે કે બીજા એટલા સરકારે આપવા જોઇએ. અને સરકારે પણ એટલા આપ્યા છે. સર અન્નામલયના રૂપીઆનું ૧ લાખ ૮૦ હજાર વાર્ષિક વ્યાજ આવે છે અને ૧ લાખ ૫૦ હજાર વ્યાજ સરકાર (મદ્રાસ સરકાર) આપે છે. વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ૫૦ હજાર આવે છે. એટલે એકંદરે વાર્ષિક ૩ લાખ ૮૦ હજારની આવક છે ને ચાર લાખનું ખર્ચ છે. લખનૌ અને બનારસની જેમ આ 'રેસિડેન્શીઅલ યૂનિવર્સિટી' હોવાથી વિદ્યાર્થીઓ ને પ્રોફેસરો અન્નામલય નગરમાં જ રહે છે. યૂનિવર્સિટીએ જે ૨૦૦ એકર જમીન ખરીદી છે એમાં ૧૬ થી ૧૭ લાખનાં મકાનો આજે ઊભાં છે અને હજી બીજાં પાંચેક લાખનાં મકાનો બંધાવાનાં છે. અત્યારે ૭૦૦ વિદ્યાર્થીઓ યૂનિવર્સિટી હોસ્ટેલમાં રહે છે. પરંતુ આ જગ્યા ઓછી પડવાથી હોસ્ટેલ માટે નવાં મકાનો બંધાય છે. આર્ટ્સ અને સાયન્સની કૉલેજો ઉપરાંત યૂનિવર્સિટી સંગીત, સંસ્કૃત અને તામીલ કૉલેજો પણ ચલાવે છે. આર્ટ્સમાં એમ.એ. અને સાયન્સમાં એમ.

એસસી. સુધીની ડિગ્રીઓ અપાય છે. સંસ્કૃત અને તામીલ કૉલેજ માટે વિદ્વાન અને શિરોમણિની ડિગ્રી અનુક્રમે બી.એ. અને એમ.એ. માટે રાખી છે. ચિદામ્બરમથી અન્નામલય નગર સુધી પાકી સડક છે અને આખા નગરમાં વીજળી તથા પાણી માટે યૂનિવર્સિટીએ સ્વતંત્ર સગવડ કરી છે. થોડે દૂર વહેતી કાવેરીમાંથી નહેર લાવીને પાણીનું સદંતર દુઃખ મટાડવાની વ્યવસ્થા યૂનિવર્સિટી કરી રહી છે. ૩૭ લાખના આ દાન ઉપરાંત સર અન્નામલય બીજી કેટલી યે હાઈસ્કુલો, અન્નછત્રો ને દવાખાનાં ચલાવે છે. ચિદામ્બરમ્ જેમ એના પ્રસિદ્ધ નટરાજના મંદિર માટે દક્ષિણ ભારતના યાત્રિકોનું ધ્યાન ખેંચે છે તેમ સંસ્કારી મુસાફરોને આ અન્નામલય યૂનિવર્સિટી આકર્ષે છે. આ યૂનિવર્સિટીની વિશેષતા, અથવા જેને મૌલિક તત્ત્વ કહીએ તે એની તામીલ, સંસ્કૃત ને સંગીતની કૉલેજો છે. સંસ્કૃત ને તામીલના મોટા વિદ્વાનોએ એમાં પોતાની સેવા આપી છે ને સાથે પ્રાચીન સાહિત્યના સંશોધનનું કામ પણ હાથ ધર્યું છે. તામીલ ભાષાને આ યોજનાથી બળ ને વેગ મળશે એ કાર્ય પણ ઓછું નથી.

આજે રાત્રે ત્રિવેંદ્રમ એક્સપ્રેસમા નીકળીને સવારે વહેલો કંજીવરમ પહોંચીશ. હવેનો કાગળ તો મદ્રાસથી જ લખી શકાશે.

રૉય પેઠ મદ્રાસ - ૭મી સપ્ટેમ્બર

ચિદામ્બરમના નટરાજના મંદિરની હોડ કરે એવું ભવ્ય મંદિર શિવકાંચીનું છે. અહીં પણ ૧૦૦૦ સ્તંભોવાળો રાજમંડપ છે. માનવની અભિપ્સાના મૂર્ત સ્વરૂપ જેવું એનું ગોપુરમ્ મને ખૂબ જ ભવ્ય લાગ્યું. સાત માળનું ગોપુરમ્, ને એ સાતે માળમાં જુદાંજુદાં મૂર્તિવિધાનો. એટલું જ નહિ, પણ પ્રત્યેક મૂર્તિના ભંગ ને ભાવ વિવિધ. ચિદામ્બરમ્‌ના મંદિર કરતાં શિવકાંચીના મંદિરનું તળાવ પણ વધારે સુંદર ને કલાત્મક છે. અહીં ચાર મૂર્તિઓ સુંદર લાગી. એ કોઇ દેવની નહિ પણ સામાન્ય ભક્તોની જ છે. મંદિરની બહાર એક ચાર સ્તંભોનો મંડપ છે. એ નાનાશા મંડપમાં યે નવીનતા. આ ઉપરાંત છત, સ્તંભો ને કમાનોમાં પણ કલાકારનું પ્રાવિણ્ય અને સામર્થ્ય સ્પષ્ટ દેખાય છે.

બીજાં કામાક્ષી અને વામનનાં મંદિરો સામાન્ય છે. શિવકાંચી જેટલું જ ભવ્ય ને એક બાબતમાં તો એનાથી ચડતું વિષ્ણુકાંચીનું મંદિર જોયું. એનો લોકવિખ્યાત ૧૦૦ સ્તંભોવાળો કલાભર્યો ને અપૂર્વ મંડપ જોયો. આટલી કલાસમૃદ્ધિ મારી આ મુસાફરી દરમ્યાન ક્યાં યે જોઇ નથી. મદુરા જેવા કલાધામમાં પણ આવો સમૃદ્ધ મંડપ ન જોયો. આખા દક્ષિણમાં આ મંડપની બરાબરી કરી શકે એવો મંડપ નથી એવું બેચાર કલાકાર મિત્રોએ કહ્યું. સ્તંભોમાં આખી રામાયણ ને મહાભારતના પ્રસંગો કોરી કાઢ્યા છે. આપણા સ્મરણમાં યે તરત તો ન આવે એવાએવા પ્રસંગો એમાં ઊતાર્યા છે. આટલી સમૃદ્ધ કલાને એકઠી કરીને મૂકી જનાર એ કલાકાર પ્રત્યે માથું નમે એટલું એ અનુપમ છે.

મદ્રાસમાં આજે બીજો દિવસ છે. અહીંનાં ટ્રિપ્લીકેન અને મયલાપોરનાં બે પ્રસિદ્ધ મંદિરો જોયાં. પણ પેલા આગળ તો એની કલા બહુ જ સામાન્ય ને ગરીબ લાગે છે.

અહીં એક દિવસ વધારે રોકાઇને અહીંનું મ્યૂઝીઅમ જોઇ લીધું. એમાં ય એનો સ્થાપત્ય વિભાગ મારે ખાસ જોવો હતો. આ વિભાગમાં નટરાજનાં કેટલાંક સ્વરૂપો જોવા મળ્યાં. એ ઉપરાંત લક્ષ્મી, પાર્વતી, રતિ અને સરસ્વતીની મૂર્તિઓ જોઇ. લક્ષ્મી અને રતિ એ બંને વચ્ચેનું અંતર કલાકારે બહુ જ ખૂબીથી બતાવ્યું છે. બંનેના વ્યક્તિત્વના સમ્યક્ ને સૂક્ષ્મ અભ્યાસ તથા સુરેખ કલ્પનાદર્શન વિના આવું કલાસર્જન શક્ય નથી. બંનેના મુખના ભાવ, શરીરના ભંગની કલા અને વસ્ત્રોની રચના, એ બધા ઉપરથી બે ય તદ્દન જુદીજુદી કોટિની દેવીઓ લાગે છે.

સ્થાપત્ય ઉપરાંત ચિત્રવિભાગમાં રાજા રવિવર્મા, રાજા યશોવર્મા અને બેત્રણ મદ્રાસી ચિત્રકારોનાં આલેખેલાં મૂળ તૈલચિત્રો જોયાં. રવિવર્માનાં પ્રસિદ્ધ અને છપાએલાં ચિત્રો જોઇને એમને દેવદેવીઓના પૌરાણિક ચિત્રકાર તરીકે જ મેં તો ઓળખેલા. પણ મારી ઓળખાણ કરતાં વધારે વિવિધ અને વિશદ શક્તિ ધરાવનારા કલાકાર તરીકે મેં એમને અહીં જ જાણ્યા. પ્રકૃતિનાં મનોરમ ચિત્રો અને જીવનની જુદીજુદી દશાનાં વાસ્તવિક તથા હૃદયંગમ પ્રસંગદર્શનો જોઇને રવિવર્માની કલાનું વધારે ભાન થયું. રાજા યશોવર્માનાં ચિત્રો પણ સુંદર લાગ્યાં. હા, આજના બંગાલી કલાધરો અવનિબાબુ, નંદબાબુ, ગગનેન્દ્રબાબુ, પ્રમોદકુમાર, મુકુલચંદ્ર કે દેવી-

પ્રસાદ રાયચૌધરી જેવી કલમની લાવણ્ય અને પ્રસાદ-ભરી, રંગદર્શી અને રમ્ય તથા ઉત્ક્રાંત કલાપ્રસાદી આપણને જોવા ન મળે. પરંતુ એમના વખતમાં જ્યારે ભારતીય ચિત્રકલાનાં ગર્ભદ્વાર ઊઘડતાં હતાં એવે નાજુક સમયે એમણે કરેલા કામનું મૂલ્ય જરૂર છે.

જે પુસ્તકોના અભ્યાસના આધારે મેં આ યાત્રા કરી એમાંના એક પુસ્તક South Indian Shrines ના કર્તા પી.વી. જગદીશઆય્યરને મારે મળવું હતું. આખરે મદ્રાસ સરકારના સ્થાપત્યવિભાગમાં મૂંગું ને શાંત કાર્ય કરતા એ સજ્જનને શોધી કાઢ્યા. એમની સાથે દ્રાવીડિયન અને હિંદુ સ્થાપત્ય વિષે ઠીકઠીક વાતો થઇ. એ ઉપરાંત દક્ષિણનાં મંદિરોના સ્થાપત્યની કેટલીક વિગતમાં પણ એમણે પોતાના વિચારો કહ્યા. આ માણસે ૧૫ વર્ષ સુધી સતત મુસાફરી કરીને એકેએક મંદિરને પાંચપાંચ વખત બારીકાઈથી જોઇને દક્ષિણની સ્થાપત્ય-કલાનો સૂક્ષ્મ ને વિશદ અભ્યાસ કર્યો છે. એ પુસ્તક હું સાથે લેતો આવીશ. જોઇને જરૂર આનંદ થશે.

'કુમાર' મંડળ વાળા આપણા ઊગતા ગુજરાતી ચિત્રકાર ભાઇ રસિકલાલ અહીંની આર્ટ્સ કૉલેજમાં મશહૂર બંગાળી કલાધર શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી પાસે અભ્યાસ કરે છે. મારે એ કૉલેજ અને કલાકાર બંનેને જોવાં હતાં, પણ વખતને અભાવે એ ઇચ્છા છતાં માંડી વાળવું પડ્યું. વખત ભરાઈ જવાથી મારે મહાબલિપુરમ્ અને ત્રિવેન્દ્રામલય જેવાં પ્રસિદ્ધ કલા-ધામો પણ છોડી દેવાં પડ્યાં છે. આવતી કાલે સવારે હું પૂના જવા માટે નીકળીશ. ત્યાં ત્રિવેદી સાહેબની સાથે એ ત્રણ દિવસ આરામ લઇને પછી વડોદરા માટે નીકળીશ. પૂના ગયા પછી મને કંઈક કળ વળશે. મદ્રાસ સરકારની છુપી પોલિસે મને જે હેરાન કર્યો છે એ ન ભૂલી શકાય એવી વાત છે. હું પોંડીચેરીથી નીકળેલો એટલે મારી જેટલી ખબર લઇ શકાય એટલી ખબર પોલિસ મિત્રોએ લીધી. એમની સતત ચોકીથી મારી મુસાફરીમાં કેટલેક સ્થળે તો મને ઊતરવાની પણ સખત હાડમારી પડી હતી. આટલી મુશ્કેલીઓ છતાં યે કોઇપણ જાતની વાસ્તવિક કનડગત વિના મારો પ્રવાસ પૂરો થયો એ સફળતા જ કહેવાયને?

તિલક રોડ પૂના • ૧૦મી સપ્ટેમ્બર

અહીંથી તો પત્ર લખવાનો મુદ્દલ વિચાર ન હતો. પરંતુ Greater India Society વાળા ડૉ. કાલિદાસ નાગે અહીં ભારતનાં પ્રાચીન સ્થાપત્ય અને શિલ્પ વિષે લૅન્ટર્ન સ્લાઇડ્ઝ' સાથે જે વ્યાખ્યાનો આપ્યાં એ ઉપરથી આ પત્ર લખવાનું મને સૂઝ્યું. ભારતીય સંસ્કૃતિના અભ્યાસક અને પ્રચારક તરીકે એમનું નામ ભારતમાં જ નહિ, પરદેશમાં પણ જાણીતું છે. દક્ષિણ ભારતનું સ્થાપત્ય જોઇને મને જે સંવેદનો થએલાં એવાં અને એથીયે વધારે તીવ્ર ને બલવાન સંવેદનોને એમણે સમર્થ ભાષા દ્વારા વ્યક્ત કર્યાં ત્યારે મારાં દર્શનોને બલ અને સ્પષ્ટતા મળ્યાં.

કોઈ પણ કલાનું ઉત્તમોત્તમ સર્જન બુદ્ધિથી પર આવેલી સહજજ્ઞાન (Intuition)ની દર્શનશક્તિમાંથી જ થાય છે. અસ્તિત્વ કે જીવનના કોઇ સત્યનું દર્શન કલાકારને થાય છે અને તેમાંથી કલામૂર્તિ સરજાય છે. 'ભારતીય કલામાં રૂપને તેને પોતાને ખાતર અગત્ય આપવામાં આવતી નથી. રૂપ સ્વયંભૂ નથી; રૂપ દ્વારા પ્રકટ થવા મથતા આંતરની સૃષ્ટિની જ તે સૃષ્ટિ છે. પ્રત્યેક રૂપ કોઈ આંતરસત્ય પ્રકટ કરે છે; ને રૂપનો એ આત્મા જ તેને ખરી વાસ્તવિકતા તથા સફળતા આપે છે.' આ દૃષ્ટિબિંદુથી જોતાં જણાય છે કે આર્ય કલા-વિધાયકને મન રૂપ, દેહ, રેખા, રંગ વગેરે તો તેમના દ્વારા પ્રકટથવામથતા અંતરાત્માના કેવળ પ્રતિકો જ છે.

પોંડીચેરીમાં અંબુભાઇએ નીકળતાં પહેલાં વાત-ચિતમાં ઉપરના વિચારો મને કહેલા તે અહીં બહુ જ વાસ્તવિક લાગ્યા. દક્ષિણનાં મંદિરો જોઇને અંબુ-ભાઇએ 'મંદિર એ તો પરમાત્માને અર્પણ થએલી માનવની વેદી છે' એ વ્યાખ્યા યાદ આપી. આજે તો જો કે મંદિરો એના વાતાવરણને લઇને પાપાચારનાં પણ ધામ થઇ પડ્યાં હોય, પરંતુ એટલા ખાતર એના સ્થપતિઓનો મૂળ ને વિશિષ્ટ આદર્શ વિસરી ન શકાય. સર જૉન માર્શલ, મિ. હાવેલ અને શ્રી આનંદ કુમાર-સ્વામી જેવા આર્ય કલાના અનન્ય ઉપાસક અને કલાકોવિદ ઉપલી દૃષ્ટિએ ભારતીય કલાની વિશિષ્ટતા કબૂલે છે અને સમર્થ વિવેચના વડે પૂરવાર કરે છે.

મદુરા અને પેરૂરમાં નટરાજની જે મૂર્તિઓ જોઇ એમાં વિશ્વમાં વિનાશ ને સર્જન પ્રેરતી વિરાટ શક્તિની પ્રતિમા સમી કાલસંહારની મૂર્તિ તથા વિશ્વમાં પ્રચૂર આનંદથી મસ્ત નૃત્ય કરી રહેલી નટરાજની મૂર્તિ

ભારતીય કલાકારની અનુપમ પ્રસાદી છે. આ ઉપરાંત નટરાજનાં સોળ સ્વરૂપો તો પ્રસિદ્ધ છેઃ નટરાજ, કાલસંહારમૂર્તિ, ઉમાસહિત, ચંદ્રશેખર, ભિક્ષાનરેશ, કલ્યાણસુંદર, સંધ્યાનૃત્યમૂર્તિ, સુખાસન, દક્ષિણામૂર્તિ, ગજરામૂર્તિ, ગંગાધર, અર્ધનારીશ્વર, વૃષભવાહન, લિંગોદ્ભવ, ત્રિપુરાંતક અને સોમસ્કંદ. આ સ્વરૂપોમાંથી ચંદ્રશેખર, કલ્યાણસુંદર, સંધ્યાનૃત્યમૂર્તિ, કાલસંહારમૂર્તિ, ગજરામૂર્તિ અને નટરાજની મૂર્તિઓનાં પ્રત્યક્ષ દર્શનથી કલાકારના સામર્થ્યનું ભાન થયું.

અને હજી તો સ્થાપત્ય અને શિલ્પની આપણી કલામાં કેટલાં યે અણઓળખ્યાં તત્ત્વો વસતાં હશે, એ સૌને તો કોઇ સમર્થ અને આજીવન કલાકોવિદ પોતાની તેજસ્વી પ્રતિભા વડે બહાર લાવે ત્યારે વાત. મારા જેવા સામાન્ય પ્રેક્ષકનું આ કલાઓનાં યથાર્થ સ્વરૂપ અને તત્ત્વોને સમજવાનું શું ગજું?

આર્ય કલા ઉપર અંબુભાઇએ પણ પોંડીચેરીના શાંત અને અભ્યાસી જીવનમાંથી થોડો વખત બચાવીને એક સુંદર લેખ લખ્યો છે. આર્ય કલાના કેટલાક મૌલિક તત્ત્વોની આટલી વિશદ અને મર્મસ્પર્શી ચર્ચા કરતો અને બીજી કલાઓ સાથે સરખામણી કરતો લેખ ગુજરાતીમાં હજી સુધી નથી.

ત્રિવેદી સાહેબના મીઠા સૌજન્યે મારો બધો યે થાક હરી લીધો. પૂના અને તેમાં યે એમનું ઘર એટલે આસાએશની વાત જ ન પૂછવી. હું આવતી કાલે નીકળીને એકાદ દિવસમુંબાઇરોકાઇવડોદરે પહોંચીશ.

સૌને સ્નેહસ્મરણ.

કિસનસિંહ ચાવડા

થોડાંક ગધેડાં ❁ નંબર બીજો



બા ળ વિ ભા ગ

એક ગધેડો જંગલમાંથી જતો હતો. થોડેક ગયો ત્યાં ખખડાટ સંભળાયો. પાછું વાળી જોયું તો વરુ આવતું દેખાયું. વરુ ભૂખ્યું ડાંસ હતું. ગધેડા ઉપર નજર માંડી દોડયું આવતું હતું.

ગધેડાએ યુક્તિ કરી. ભાગ્યું નહિ પણ ઊભું રહ્યું. પણ ખુબીથી ઊભુ રહ્યું. ચાર નહિ પણ ત્રણ પગે.

વરુ નજીક આવ્યું ને બચકું ભરવા ધસ્યું. ગધેડું કહે 'સબુર. એમ ને એમ મને ખાઇ જઇશ તો ગળે કાંટો ભરાશે. આ પાછલે પગે કાંટો વાગ્યો છે તે કાઢી નાખ ને પછી મને ખા. ઉતાવળો થઇશ તો કાંટો ગળે ભરાશે.'

લુચ્ચું વરુ મૂરખ ગધેડાથી ભોળવાયું. તે બોલ્યું 'ત્યારે પહેલાં કાંટો કાઢું. એમાં કેટલી વાર લાગશે?'

ગધેડું શાંતિથી ત્રણ પગે ઊભું રહ્યું ને વરુ બે પગે બેસીને ચોથો પગ તપાસવા લાગ્યું. એક નજરે તપાસવા લાગ્યું; ઝીણી નજરે તપાસવા લાગ્યું. તપાસતાં તપાસતાં લીન થઈ ગયું.

તક બરોબર મળી ગઇ. પગ તોળીને ગધેડાએ ફડ કરતીક ને વરુના મોં પર લાત ફટકારી. એવી ફટકારી કે વરુનાં તમરાં બોલી ગયાં ને ગડથોલું ખાઈ નીચે જઈ પડયો. પાટુ ફટકારીને ગધેડાએ તો પોબારા ભણ્યા.

અણધાર્યો ઘા લાગવાથી વરુનો આગલો દાંત પડી ગયો. તે તો આભું બનીને જોઇ જ રહ્યું. ગધેડાની ચાલાકીનો વિચાર જ કરી રહ્યું.


અને પછી ધીમેથી માથું ખંજવાળીને બોલ્યું, 'માળું...... ગધેડાંને પણ અક્કલ હોય છે ખરી.'

જમાલમિયાં ગધેડાં પાળી જાણતા અને તે માટે બહુ જાણીતા હતા. એક વાર પગે લંગડાતા લાકડીને ટેકે તેમને નીકળેલા જોઇ કોઇએ પૂછયું કે 'મિયાં તમને શું થયું? ગધેડાં ચારનાર તરીકે તમે તો બહુ જાણીતા છો.'

મિયાં કહે, 'એ ખરૂં પણ કાલે આવેલા ગધેડાને મારી ખ્યાતિની ખબર નહિ હોય!

સાચી વાત કે સ્વપ્નું?

અરે! આ શું?
મારો હીંચકો તો આસોપાલવ-
ની ડાળીએ હતો.
અહીં કોણે લટકાવ્યો?
બીજમાતાના મંદિરમાં!



અહાહા, શું મજાનું તેજ!
જાણે રૂપેરી સરોવર ભર્યાં.
કેવો મીઠો પ્રકાશ!
જાણે દુનિયા બધી રૂપેરી જળથી
તરબોળ તરબોળ.
લાવને જરા તેજ આકાશે છાંટું.
અરે, આ તો બધા તારા બન્યા!
લાવને જરા ધરતી પર છાંટું.
અરે, આ તો મોગરાનાં ફૂલ થયાં!
લાવને લખોટી કરી સાથે રાખું.
બેનને માથે કેવી શોભા થશે!
જાણે પ્રકાશનો મણિ મૂક્યો.
બેન ચાલશે ત્યાં ત્યાં તેજના ફુવારા
છૂટશે!
બેન કહેશે, 'વાહ મારો ભાઈ!'
અરે, પણ પેલું કોણ ઊડતું
આવે છે?
રૂપેરી પાંખે ને મીઠાંમીઠાં ગીતે.
હાં હાં, આ તો પરીઓ જ છે
ને શું.
જરા આંખ મીંચવા દે.
જોઉં તો ખરો કે પરીઓ શું
કરે છે.
પહેલી આવી, ઓવારણાં લીધાં
ને આશિષ દીધીઃ 'બેટા, સો
વરસનો થજે.'
બીજીએ બચી ભરીને કહ્યું: 'ભાઈ,
ત્રીજીએ ચંદ્રતેજનાં આંજણ આં-
જ્યાં; ગાલ પર ટપલી મારી હ-
સીને કહ્યું: 'રૂપરૂપનો અંબાર હજો.'
ચોથીએ કાનમાં કહ્યું: 'ફૂકરે ફૂક.'
'ભરત, ઊઠ, જાગ ને આગળ વધ.'
પાંચમીએ તો 'પણ આનંદી થજે
હો' એમ કહી ગલીગલી કરી.
હું હસી પડ્યો ને પરીઓ ય
હસીઃ હં હં જાગે છે કે તું?'
સૌ હસ્યાં ને સૌ રમ્યાં.
મેં કહ્યું ચાલોને મારે ઘેર.
આપણે ખૂબખૂબ રમશું.
તમે ગીત ગાજોને હું નાચ કરીશ.
તમે વાર્તા કહેજો ને હું રાજા
થઇશ.
અને તમને સૌને આવો રૂપેરી
કંદોરો ય આપીશ.
નાચશું ત્યારે ઘુઘરીઓ એવી
વાગશે ને કે બસ!
ચાલોને બહુ મજા પડશે.
બેસી જાઓ મારા હીંચકા પર.
પાંચે પરીઓ બેઠી ને હીંચકો
તૂટયો—
ખરરર . . . . કરતો કને ધબ
દઇ નીચે પડ્યો.
જાગીને જોયું તો કયાં પરીઓ
ને ક્યાં હું!



બીજ માવડી હસતાં હસતાં અ-
લોપ થતાં હતાં.
એનો એ આસોપાલવ હતો.
હીંચકો મારા ઉપર ઝૂલતો હતો.
મંદિરમાં આરતી થતી હતી.
હસતો હસતો ઊભો થયો.
કૂદતો કૂદતો મંદિર ગયો.
આરતી લીધી; પ્રસાદ લીધો.
ઘેર આવી બાને વાત કરી; બેન-
ને વાત કરી.
સૌ હસી પડ્યાં: 'જા જા ભરત,
એવું તે હોય?
એ તો સ્વપ્નું આવ્યું હશે.'
તમે શું કહો છો?
આ તે સાચી વાત કે સ્વપ્નું?

'મધુ'

અ થા ણું

'એટલી બધી નરમ ચીજ કઇ છે કે જે તોડવાને તમારે માત્ર અવાજ જ કરવો પડે?' 'ચૂપકીદી.'

ભૈયો: એઇ, જોતો નથી આ પાટિયું? 'ખાનગી રસ્તો' લખેલું છે છતાં કેમ ત્યાં ચાલ્યો?

છોકરો: 'ખાનગી' લખ્યું હોય ત્યાં હું નજર કરતો જ નથી.

કોણ મૂરખો?

કસરત માસ્તરે હુકમ આપ્યો: 'એક ધ્યાન! તમારો ડાબો પગ ઊંચકી આગળ સીધો ધરી રાખો.'

એક છોકરે ભૂલથી જમણો પગ ઊંચકયો અને જમણી તરફના જોડેના છોકરાના ડાબા પગ સાથે અડતો રાખ્યો. એ જોઇને કસરત માસ્તર બરાડયા, 'કયા મૂરખાએ એ રીતે બંને પગ અદ્ધર કર્યા છે?'

'અલ્યા, એ લાલ ફાનસ લઇને શું કરે છે?'

'મને એ જડયું. કોઇ મૂરખો રસ્તા

માધુકરી



હાઇપેશ્યા

પ્યાલાં ઝેર તણાં છે પીવાં મૌન મુખે ધારી વ્રત ઘોર;
વ્હાલાં સ્વજન જ્યાં છે છોડી કરી નિજ અંતર વજ્રકઠોર;
ભારતઝંડાને જાળવવા,
જગમાં શાંતિસુધા ઢાલવવા,
કોણ કૂદી પડશે આગળ ધરી ભારત ભાગ્ય તણી કર દોર ?
છે એ કોણ વીરોની ગાત ?
સૌની પહેલી ગુજરાત !
સૌની પહેલી ગુજરાત !

(કવિ ખબરદાર)

કરુણામૂર્તિ જીસસ ક્રાઈસ્ટે ફેલાવેલો ધર્મ આચાર અને રૂઢિનાં જડ બંધનોથી બંધાઈ ગયો હતો. ધર્મનો મુખ્ય સિદ્ધાંત પ્રેમધર્મ ભૂલી જવાયો હતો, અને એને સ્થળે ધર્મનો પ્રચાર ધાર્મિક મતોની અસહિષ્ણુતા ને આચારધર્મ પ્રબલ બન્યાં હતાં.

ઍલેક્ઝાંડ્રિયાના એક સુંદર મકાનમાં એક વૃદ્ધ પુરુષ અને જુવાન કન્યા બેઠાં હતાં. પુરુષની આકૃતિ પૂજ્યભાવ ઉત્પન્ન કરાવે તેવી હતી, જ્યારે કન્યા ઊગતા યૌવનની તેજસ્વી મૂર્તિસમી દેખાતી હતી. ઍલેક્ઝાંડ્રિયાના મહાવિદ્યાલયનો આચાર્ય પોતાની પુત્રી હાઇપેશ્યા સાથે વાતચીત કરી રહ્યો હતો. આચાર્યે ગણિતવિદ્યા, ખગોળવિજ્ઞાન અને ભૂમિતિશાસ્ત્ર પોતાની પાઠશાળામાં એવા તો રસ અને એકાગ્રતાથી શીખવાડ્યાં હતાં કે દૂરદૂરથી—ગ્રીસ અને રોમથી—હજારો વિદ્યાર્થીઓ ત્યાં શીખવા આવતા. તત્ત્વજ્ઞાનને એણે એવું સહેલું કરી મૂક્યું હતું કે ઘણા વિદ્યાર્થીઓ એ વિષય શીખવા માટે અહીં જ આવતા.

પણ આચાર્ય હવે વૃદ્ધ થયા હતા. એમની શક્તિ ક્ષીણ થતી હતી. પોતાના આશ્રયે આવેલા હજારો વિદ્યાર્થીઓને શીખવી શકે એવો કોઈ ઉપાચાર્ય એમની નજરે આવતો ન હતો. એમણે આજે પહેલવહેલું પોતાની વિદુષી પુત્રીને કહ્યું હતું કે આ અધિકાર હવે તું સંભાળી લે. મેં અધૂરું મૂક્યું હોય તે તું પૂરું કર.

અને હાઇપેશ્યા ખરેખરી વિદુષી હતી. જ્યારે એ તત્ત્વજ્ઞાનના વિષય પર બોલતી ત્યારે વિદ્યાર્થીઓ આશ્ચર્યમુગ્ધ બનીને એને સાંભળી રહેતા. હાઇપેશ્યા એ વિષયની એવી તો સુંદરરીતે છણાવટ કરતી કે પિતાના કરતાં પણ વધારે કીર્તિ એણે મેળવી. તત્ત્વજ્ઞાન માટે ઍલેક્ઝાંડ્રિયા ને હાઇપેશ્યા એ બે શબ્દો જ જુવાન વિદ્યાર્થીઓને મોંએ સંભળાતા હતા.

એ વખતે ઍલેક્ઝાંડ્રિયામાં મુખ્ય ધર્માચાર્ય તરીકે અભિમાની ને અસહિષ્ણુ સાઇરીલ નામે એક માણસ હતો. એનામાં ધર્મ ને તત્ત્વજ્ઞાનનાં રહસ્ય સમજવાની શક્તિ ન હતી. હાઇપેશ્યાની વિદ્વત્તાથી એનામાં ઇર્ષ્યા પ્રગટી હતી. કોઇ પણ જાતના નવા વિચાર ફેલાય એ એને પસંદ ન હતું. ધર્માંધતા ઉપર જ એ ટકી રહ્યો હતો. એણે હાઇપેશ્યાને દૂર કરવાનો વિચાર કર્યો.

પહેલાં તો તેણે એને પોતાના ધાર્મિક સિદ્ધાંતોના સાંકડા વાડામાં લેવા માટે પ્રયત્ન કર્યો. જો હાઇપેશ્યા મને માન આપતી થાય તો મારા અનુયાયીઓની સંખ્યા પણ વધે એ સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઇને તેણે તેને જીતવાનો પ્રયત્ન કર્યો. પણ જ્યારે તેને જીતી ન શક્યો ત્યારે તેને મારી નાખવાનો નિશ્ચય કર્યો. પિટર નામના એક માણસને તેણે હાઇપેશ્યાનું ખૂન કરવાનું કામ સોંપ્યું.

તેના જેવા જ ધર્માંધોનું એક ટોળું જાગ્યું. તેમણે વાત ફેલાવી કે હાઇપેશ્યા નાસ્તિક છે અને તે જ્યાંજ્યાં જાય છે ત્યાંત્યાં સેતાન હાજર થાય છે. તેનો ઉપદેશ ખરા ક્રિશ્ચિયન ધર્મની વિરુદ્ધ છે અને તેના ખોટા ઉપદેશથી ઍલેક્ઝાંડ્રિયાની જનતા નર્કમાં પડવાની છે.

કરુણામૂર્તિ ક્રાઈસ્ટના નામે તેઓએ આ વાત ફેલાવી. પછી એવું ઠર્યું કે જ્યારે હાઇપેશ્યા તેના કામમાંથી પરવારીને ઘેર આવવા પાછી ફરતી હોય ત્યારે તેને પકડી લેવી. આવી સંતલસ કરી સૌ હાઇપેશ્યાના માર્ગમાં વિખરાઇ ગયા.

પોતાના વિષયનું ઊંડું ચિંતન કરતી હાઇપેશ્યા થોડી વારમાં જ ત્યાંથી નીકળી. એની નિર્મળ આંખમાં વિદ્યાનો પ્રભાવ હતો; ચહેરા ઉપર ઊંડા આત્મસંતોષનાં ચિહ્ન હતાં. હાઇપેશ્યાનો રથ પાસે આવતાં જ ધર્માંધોનું ટોળું તેને ફરી વળ્યું. હાઇપેશ્યા પોતાની સ્વપ્નસૃષ્ટિમાંથી જાગૃત થઇ ક્રોધથી ધુંઆપુંઆ થએલા લોકો સામે જોઇ રહી! પોતે કાંઇ

પણ ગુનો કર્યો નથી છતાં દરેકદરેક મનુષ્ય પોતાને દુશ્મન માનીને પોતાના તરફ જોઇ રહ્યો હતો. સહાયની માગણી સરખી થઈ શકે એવો એક પણ મિત્ર નજીક ન હતો.

'દેવળમાં લઈ ચાલો ! એને દેવળમાં લઇ ચાલો !' પીટરે બૂમ પાડી. 'આપણે ઈશ્વરને એનું બલિદાન આપીશું.'

અને સૌ દેવળ તરફ વળ્યા: 'તે નાસ્તિક છે, રાક્ષસી છે; જાદુગરણી છે.' વગેરે બૂમોથી ક્રાઇસ્ટનું મંદિર ધ્રૂજી ઊઠ્યું.

અત્યંત ઘાતકીમાં ઘાતકી રીતે હાઈપેશ્યાનું ખૂન થયું. તેનો વેદનાથી ભરેલો ચહેરો જીસસ ક્રાઈસ્ટની મૂંગી મૂર્તિ તરફ ફર્યો. જેણે કરુણાનો અને પ્રેમનો સંદેશો દુનિયાને આપ્યો તેના શિષ્યો ધર્મને નામે લોહી વહડાવી રહ્યા હતા.


અને જીસસ ક્રાઈસ્ટની મૂંગી મૂર્તિએ એ જોયાં કર્યું.

'ધૂમકેતુ'


[illegible] તથા રાક્ષસી ભમરડો

સાગર પર સફર કરતાં વહાણોમાં ઘણાંને ફેર ચડે છે ને ઉલટી તથા બકારીથી તેઓ હેરાનપરેશાન થઈ જાય છે. પણ હમણાં વહાણને ડોલતાં થંભાવે એવી યુક્તિવાળો એક રાક્ષસી ભમરડો એક નવી ઇટાલિયન સ્ટીમરમાં ગોઠવવામાં આવનાર છે, જેથી વહાણ તોફાની સમુદ્રમાં પણ ડોલતું બંધ થઇને સપાટ મેદાન પર ચાલતી ગાડીની માફક ચાલતું થશે અને મનુષ્યને દરિયો લાગવાનું દુઃખ દૂર થશે. આ યુક્તિ સફળ થશે તો જગતનાં બધાં વહાણો પર એક પલકારામાં આવા ભમરડા ગોઠવાઇ જશે.

નાનાં હોડકાં અથવા સહેલ કરનારી ખાનગી નાની બોટો પર તો આ યુક્તિનો ઉપયોગ થઈ ચૂક્યો છે, પણ મહાસાગર ઉપર સફર કરનારા કોઇ મોટા જહાજ પર હજી લગી આ રાક્ષસી ભમરડો ગોઠવવામાં આવ્યો નથી. આ યુક્તિથી મુસાફરોને ફેર ચડતા બંધ થશે ને પરિણામે ઉલટી વગેરે બંધ થવાથી ઉતારુઓ આનંદથી દરિયાઈ સફર માણી શકશે વહાણને ડોલતાં બંધ કરવાની આ યોજનાનું વર્ણન 'પોસ્ટ-ડિસ્પૅચ' પત્રનો ખબરપત્રી નીચે પ્રમાણે આપે છે: 'ઇટાલીમાં ટ્રીએસ્ટમાં ૪૫૦૦૦ ટનનું એક મોટું નવું જહાજ બંધાય છે. એના બાંધનારાઓની યુક્તિ જો સફળ થશે તો ત્રણ રાક્ષસી ભમરડા વડે ગમે તેવા તોફાની મહાસાગરમાં પણ એ જહાજ વગર ડોલ્યે એકસરખી સપાટી પર ચાલતું હોય તેમ સડસડાટ ચાલશે. બ્રુકલિનની લૉઈડ સૅબૉડો લાઈનના ડાયરેક્ટરોને ખાત્રી છે કે દરિયો ન લાગે એવા શાંત ચાલતા જહાજ તરીકે એમનું આ રિક્ષ કાર્લ્ટન વહાણ પહેલો યશ પામશે.



[illegible] ડોલતું જહાજ




રાક્ષસી ભમરડાની યુક્તિથી મોજાંના લોઢ
સામે સ્થિર રહીને ચાલ્યું જતું જહાજ

આ એકેક રાક્ષસી ભમરડાનું વજન ૫૬૦૦ મણનું થશે ને તેની કિંમત દસ લાખ ડૉલર બેસશે. પણ તે સાથે ખાત્રી આપવામાં આવે છે કે તેથી વહાણની બનાવટને મુદ્દલે અસલ પહોંચશે નહિ. આ ભમરડા વહાણને તળિયે ગોઠવવામાં આવશે. વહાણને ડોલતું અટકાવનાર એ યંત્ર એક દાંતાવાળું પોલાદનું સાંચાની ગતિ સમતોલ રાખનારૂં ચક્ર છે, જે વીજળિક બળથી ચલાવવામાં આવશે. આ બળ સામાન્ય વિદ્યુત્ ઉત્પન્ન કરનાર યંત્ર (ડાયનેમો)માંથી મેળવી લેવામાં આવશે.

સામાન્યરીતે વહાણ સમુદ્રની સપાટી પર ઊભું હોય છે ત્યાં તેની એક બાજુ મોજું ચડે એટલે વહાણ સામી બાજુ ડોલે છે, અને મોજું બીજી બાજુ અથડાય ત્યારે સામી તરફ ડોલે છે એક જ મોજાથી વહાણ બહુબહુ તો પાંચ છ ડિગ્રીથી વધુ ઊંચું કે નીચું જતું નથી. પણ વહાણ તો સતત ડોલે છે અને મોજાં અનિયમિતરીતે ઊછળ્યા કરે છે. સમુદ્રના વધુ-ઓછા તોફાન પ્રમાણે મોજાં પાંત્રીસથી ચાલીસ ડિગ્રી સુધીના હીલોળા ખાય છે. આ હીલોળા ખાળવા સારૂ જેવું મોજું આવી પહોંચે તેવું જ તેને નિષ્ફળ બનાવવા માટે વહાણને પૂરતી શક્તિ આપવાની જરૂર ઊભી થાય છે.

આમ પ્રારંભમાં જ હીલોળાનો ઉપાય મૂળમાંથી કરવાથી તેને દાબી શકાય છે. તે માટે કાંઇ ઝાઝા બળની જરૂર નથી હોતી. માણસનો રચેલો ગાયરોસ્કોપ નામનો આ નાનો-સરખો ભમરડો ગમે તેવાં પ્રચંડ મોજાંના લોઢની અસરને પણ સાવ નિષ્ફળ કરી શકે છે.

આ સાથેના ચિત્ર પરથી આ ગાયરોસ્કોપ ભમરડાના સિદ્ધાંતનો ખ્યાલ આવશે. ભમરડાનું મોટું ગોળ પૈડું AB ધરીની આસપાસ, દોરેલા તીરની દિશામાં ચક્ર ફરે છે. જ્યારે મોજાંના દબાણને લીધે વહાણ એક બાજુ—ધારો કે ડાબી બાજુ ડોલવા જાય છે અને K પર નીચેની બાજુ દબાણ થઇને L આગળ પડું ઊંચે જાય છે ત્યારે ભમરડના નિયમ મુજબ



વહાણો થંભાવનારો આ ગાયરોસ્કોપ ભમરડો કેમ ફરે છે તેની ગતિ બતાવતું ચિત્ર. વિગતવાર સમજણ નીચે આપી છે.

તેની ધરી આ ગતિના કાટખૂણે ફરવા માંડે છે; એટલે કે એ ધરી વાચકના તરફ ફરવા માંડે છે. A છેડો આપણી તરફ આગળ ધસી આવે છે ને B પાછળ જાય છે, જેથી વહાણને ડોલાવનારી મોજાંની શક્તિ હરાઇ જાય છે. જેવું મોજું વહાણ નીચેથી પસાર થાય છે અને તેનું બળ અવળું ફરે છે તેવું જ ભમરડા પર આવતું બળ પણ ઉલટાઇ જાય છે અને ભમરડાની ટોચ પાછી ફરે છે. આથી ફરી વાર વહાણને મોજાંની સામેનું બળ અગાઉની જેમ લાગે છે, જેથી મોજાનું બળ નાશ પામે છે.

આ ગાયરોસ્કોપ ભમરડાની ગતિ પર અંકુશ રાખનાર નાનો ભમરડો પણ એ જ યુક્તિ પર રચવામાં આવે છે તે એવો નાજુક ચેતનવંત હોય છે કે જરા પણ ઝોલો આવે કે તેને દાબી દે છે. સીધા ઊભેલા વહાણને સહેજ પણ ઝોક લાગે કે તરત જ વિદ્યુત્પ્રવાહ (ઇલેક્ટ્રિક સર્કિટ) બંધ થઇ જાય છે. જેને લીધે એક મોટર ચાલુ થાય છે. આ



સાડા બાર ટનનો આ રાક્ષસી ભમરડો હજારો ટનનાં જહાજોને પ્રચંડ મોજાંના લોઢ સામે સ્થિર રાખશે.

મોટર નાના ભમરડાને એવી રીતે ફેરવે છે કે તેના દાંતા વડે તે પેલા રાક્ષસી ભમરડાને આગળ પાછળ ધકેલે છે. નાના હોડકા પર ગોઠવેલા આવા ભમરડા જેવા સફળ નીવડયા છે તેવા ૪૫૦૦૦ ટનનાં જહાજો પર જો સફળ નીવડશે તો, એમ મનાય છે કે, થોડા જ સમયમાં બધાં મોટાં જહાજો પર પણ તે ગોઠવી દેવામાં આવશે.' —રે. ઓ. સોમપુરા

('લિટરરી ડાયજેસ્ટ'માં આવેલા એક લેખ પરથી)

જગતની ફૂલછાબ

સર્જનહારે આ સૃષ્ટિ સર્જી ત્યારે કેટલાં પુષ્પો સરજ્યાં હશે તે તો કોણ જાણે; પરંતુ પુષ્પો એટલે સૃષ્ટિના સલાટે ઘડી કાઢેલાં સ્થાપત્યનો સર્વોચ્ચ નાદર નમૂનો એ વાત તો સાચી જ. એના ચંપો, બકુલ ને મોગરો, એના કમળ ગુલાબ ને ડોલર. શાં તેમનાં રૂપ રંગ અને ફોરમ! પુષ્પો એટલે કલ્લોલતી કળા. એની રચનામાં સ્થાપત્ય છે, એના રંગમાં ચિત્રામણ છે અને એની ફોરમમાં સાહિત્યના ફુવારા છે. એના વિના માઘ અને કાલિદાસ લુખ્ખા અને ફિક્કા હોત, વેનીસની વનશ્રી ઝાંખી હોત અને એના વિના કાશ્મીર વિષે

અગર ફિરદોસ બ રૂએ ઝમીનસ્ત
હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત

એમ ન ઉચ્ચારત! તેમ નગાધિરાજ હિમાલયની અર્ધી શોભાસુષુમા એના વિના કયારની વિલીન થઇ હોત!

પછી એ પુષ્પોનો વારસો બે માનવબંધુઓ વચ્ચે વહેંચાયો: માળી અને મીમાંસક. માળી હતો કળાધર અને મીમાંસક હતો વિજ્ઞાનવાદી. માળીએ પુષ્પો માણ્યાં અને મણાવ્યાં! મીમાંસકે પાંખડીઓ ઉખેળી, કેસર–પરાગને છૂટાં પાડયાં, રંગગંધને ભેળવ્યાં અને સાંધ્યાં! પણ વિવિધતા આણી એટલી એ કળા આણી શકયો નહિ. વનસ્પતિવિજ્ઞાનીઓ આજે એક ગુલાબની સો ઉપરાંત જાત અને ભાત બનાવી શકયા છે. અનેક આડસૃષ્ટિઓ ઊભી કરી છે તે તો જુદી. એક મીમાંસક બંધુએ પુષ્પોની હજાર જાત પારખી છે. તે કહે છે કે તેમાં તેને ૨૨૨ લાલ, ૨૨૩ પીળાં, ૪૪૪ વાદળી, ૨૮૭ ધોળાં, ૭૨ જાંબુડીયાં, ૩૬ લીલાં, ૧૨ નારંગી, ૪ તપખીરીયાં અને ૨ કાળાં પુષ્પો જણાયાં! એ મીમાંસકનો કોઇ માળીબંધુ એ ફૂલછાબ ગોઠવે તો?

કુદરત અંધકાર કાળાશને ધિક્કારે છે. ખુલ્લા, પ્રસન્ન સ્મિત વેરતા રંગો તેને કેવા ગમે છે તેનું પ્રમાણ પુષ્પોના રંગ વૈવિધ્યમાંથી મળી રહે છે.

પણ કુદરતને તો રંગની ભભક કરતાં પુષ્પોની સોરમ વધારે ગમે છે. એટલે વધારે ભભકદાર પુષ્પોમાં તે ફોરમ મૂકે છે. છીછરાપણું તેને માફક નથી જ્યાં ભેજ–ભોગવિલાસની વિપુલતા વધારે ત્યાં એ સુગંધના હૃદયસિંચન ઓછાં અને અધુરાં જ કરે છે. કારણ સુગંધ એ તો પુષ્પોનો રૂહ—આત્મા છે અને તે ભોગવિલાસમાં ટકી ન શકે.

આપણા જગદીશ બાબુએ શોધ કરી છે કે ફૂલો પર ગાયનની પણ અસર થાય છે. મધુર ગીતથી ફૂલો પ્રફુલ્લ બને છે અને અમધુર તથા કર્કશ ગીતથી ચીમળાવા લાગે છે. ગુલનારનાં ફૂલ એવા અવાજથી ચંચળ બને છે અને અવાજની સામેની દિશામાં ઝૂકી પડે છે. ઈસ્ટરલીલીનાં ફૂલ ઉપર પણ એવી જ અસર જણાય છે. એક વાર એક ઠેકાણે ઇસ્ટરલીલીનું તોરણ બાંધ્યું હતું. ત્યાં બૅન્ડ વાગી રહ્યું હતું. થોડીક વાર બાદ જણાયું કે દરેક પુષ્પે તેની પીઠ બૅન્ડના અવાજ સામે ફેરવી હતી. ફરીથી બૅન્ડ સામે એ પુષ્પો મૂકવામાં આવ્યાં, છતાં ફરીથી પણ પુષ્પો મોં મચકોડી એ સંગીતથી વિમુખ થયાં હતાં. કાશ્મીરની કો રૂપસુંદરીના મુખ-સીંચ્યા મદિરાપાનથી કેસરની પુષ્પપાંખડીઓ પ્રફુલ્લ ને પુલકિત બનતી એ પણ કાલિદાસે વર્ણવ્યું જ છે ને?

(કૃષિવિજ્ઞાન) ડાહ્યાલાલ હ. જાની

મગધ

એ ખરૂં છે કે મગધને વ્રાત્યદેશ કહેલો છે ને પ્રાચીન શાસ્ત્ર-ગ્રન્થોમાં મગધયાત્રાનો નિષેધ છે. આજે પણ ગંગાને ઉત્તર કાંઠે વસતા મિથિલાવાસીઓ પર્વણીની કો તિથિએ ગંગાને દક્ષિણ આરે જઇને મગધ ઘાટે ગંગાસ્નાન કરતા નથી. છતાં મગધનો ઇતિહાસમહિમા અજબ બ્રાહ્મવર્ણો ને ક્ષાત્રવર્ણો છે. ભૂગોળનો કોઇક જ પ્રાંત મગધ સમો કીર્તિવંત હશે. બુદ્ધ ને મહાવીર સમા મહા ધર્મસ્થાપકો મગધ ખોળે થયા. બુદ્ધ ભગવાનને બોધિસત્ત્વ ત્યાં સાંપડ્યું; મહાવીર પ્રભુનું નિર્વાણ-તીર્થ ત્યાં છે. એમની ધર્મમહાસભાઓ મગધમાં ભરાતી. નાલંદ, વિક્રમશિલા, વિહાર ને ઉદ્દતપુરી સમી શારદાપીઠો મગધના એક પ્રાંતમાં હતી પતંજલિ, વરરુચિ, પિંગળાચાર્ય આર્યભટ્ટ સમા મન વાણી કવિતા ને ગગનમંડળના સંયમ-સિદ્ધરાજો મગધ હૈયે થઈ ગયા. આર્યાવર્તનો છેલ્લો અશ્વમેધ યજ્ઞ પુષ્યમિત્રે મગધમાં કીધો. ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોકદેવ, સમુદ્રગુપ્તને ધર્મપાળ સમા ચક્રવર્તીઓ મગધ સિંહાસને હતા. સેંકડો બિસ્માર્કને ગજવે ઘાલે એવા, રાજશેતરંજના અવતાર સમા અર્થશાસ્ત્રના સ્વામી મહોજસ વિષ્ણુગુપ્ત મગધરાજના મહામંત્રી હતા. મગધરાજનું સેનાદળ સાંભળીને સિકંદરના જગતજેતા યોધરાજોએ સતલજ ઓળંગી ગંગાપ્રદેશમાં જવાની ના પાડી, ને સ્વેચ્છા વિરુદ્ધ સિકન્દરને પાછો વાળ્યો. ગ્રીસના, મીસરના, સિંહલદ્વીપના, સુવર્ણભૂમિના એલચીઓ મગધરાજસભાને શોભાવતા. પંચટેકરીના હૈયામાં વસેલું રાજગૃહ, ને ત્રિવેણીને તીર્થઘાટે વસેલું પાટલીપુત્ર મગધની પાટનગરીઓ હતી ગ્રીસ ને પાર્સિપોલિસ, સૂપા ને બાબીલોનના રાજમહેલોને ઝંખવે એવા પાટલીપુત્રના રાજપ્રાસાદો હતા એમ પાટલીપુત્રને પ્રત્યક્ષ પેખનાર ગ્રીક સજ્જન મેગૅસ્થિનિસ કહે છે. કંદહાર, કાબૂલ, હેરાત આજે ભારતીય સામ્રાજ્યમાં નથી; ત્યારે મગધના મૌર્યને આધીન હતાં આજે નથી એટએટલું આર્યાવર્તનું ચક્રવર્તીત્વ મગધરાજને બાવીસસો વર્ષ પૂર્વે હતું. મગધનાથ મૌર્યોની મુકુટકલગીમાં સરસ્વતીનો મોર હતો, અને બૌદ્ધોનો પ્રત્યેક વિહાર ત્યારે શારદામંદિર હતો. પાટલીપુત્રમાં ત્રીસ પુરજનોની નગરપરિષદ હતી. દુનિયાનું પ્રથમ વસ્તીપત્રકખાતું મગધની એ પાટનગરીમાં સ્થપાયું હતું શાહજાદાઓને મુગલ મહારાજાઓ સુબાગીરીએ મોકલતા એ જાણે મૌર્ય મહારાજોના રાજકારભારનું અનુકરણ હતું. સીરિયા ઓળંગી નીલને કાઠે, એપિરસની સમુદ્રનગરી ને સિકદરના મેસિડોનીયા દેશમાં, ત્રિષ્ટુભની પેલી પાર ને સુવર્ણભૂમિ ને સિંહલદ્વીપમાં;–મગધના ધર્મસામ્રાજ્યનો ધર્મ-ધ્વજ એમ ત્રિખંડમાં ફરફરતો. મગધનો રાજચંપો નાનકડો હતો પણ એના ઉત્કટ પરિમળ સાગર ઊતરી ગિરિરાજ ઓળંગી પૃથ્વીના ચોખૂટમાં ઊડતા.—કવિ નાનાલાલ (સંઘમિત્રા)

વફાદાર કુતરો અને તેનું સ્મારક

કુતરાની વફાદારી અતિ પ્રસિદ્ધ છે જંગલમાં રહેનારાઓ જ તેની વફાદારીની કિંમત સમજે છે. યુરોપાદિ સુધરેલા દેશોમાં એ મૂંગા પ્રાણીને કેળવી તેની પાસેથી પહેરેગીર તરીકેનું અને એવાં બીજાં કામ લેવાય છે.

આપણા દેશમાં જ્યારે રેલવે વ્યવહાર શરૂ થયો નહોતો ત્યારે માલ લાવવા લઈ જવાનો ઘણોખરો વેપાર પોઠી વણ-ઝારાઓના હાથમાં હતો. આ પોઠી વણઝારાઓ મોટા વેપા-રીઓ હતા. હજારો રૂપિયાના માલની લેવડદેવડ કરતા હતા. સારા શરાફો જેવી એમની આંટ ગણાતી હતી.

આવા એક આબરૂદાર પોઠી વણઝારાને વેપારમાં નુક-સાન આવ્યું અને વણઝારો એક શેઠનો દેવાદાર થઇ ગયો. શેઠ વારંવાર તેની પાસે ઉઘરાણી કરે, પરંતુ સંજોગવશાત્ વણઝારો તેનું દેવું ભરી શકે નહિ. આ વણઝારા પાસે એક નિમકહલાલ કુતરો હતો પોતાના દીકરા કરતાં પણ તે એને વહાલો હતો. ઘડીભર પણ તે એને પોતાનાથી વિખૂટો કરતો નહિ. શેઠની ઉઘરાણી સખત થવા લાગી એટલે વણઝારાઓ કંટાળીને શેઠને પોતાનો વહાલો કુતરો લખી આપ્યો, અને એવી શરત કરી કે જ્યારે તેનું દેવું પૂરૂં થઇ જાય ત્યારે કુતરો પાછો આપવો શેઠ કુતરાને લઇને પોતાને ઘેર ગયા.

કુતરો પણ પોતાના માલિકનું લૂણ વાળવા શેઠની વફા-દારીથી નોકરી કરવા લાગ્યો. થોડાએક માસ વીત્યા બાદ શેઠને ઘેર ખાતર પડ્યું. ભારે કિંમતનો માલ ચોરાયો. શેઠ ઘણા ઉદાસ થયા. દરબારમાં ફરિયાદ નોંધાઇ. પગેરૂં શોધાયું. પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. આ પ્રસંગે કુતરો દૂર ઊભોઊભો બધો તમાશો જોઇ રહ્યો હતો. જ્યારે બધાં માણસો વીખ-રાયાં ત્યારે તે પોતાના નવા માલિક પાસે ગયો ને તેના ધોતિ-યાનો છેડો મોંમાં પકડી ખેંચવા લાગ્યો. કુતરો કવખતે ગેલ કરે છે તે જાણી શેઠે તેને હાંકી કાઢ્યો. પરંતુ કુતરાએ તો એની ક્રિયા ચાલુ જ રાખી આ ઉપરથી પાસે ઊભેલામાં

કાઇએ કહ્યું કે કુતરો વણઝારાનો છે. પગપારખું છે. તો જુઓ તો ખરા તે ક્યાં લઇ જાય છે, અગર શું કરવા માગે છે.

કુતરાએ તો શેઠના ધોતિયાનો છેડો મોંમાં રાખી ચાલવા માંડ્યું અને તેની પાછળ બીજા ગામલોક ચાલ્યા. આ રીતે બેએક ગાઉ દૂર જંગલમાં કુતરો બધાને લઇ ગયો અને એક વડના ઝાડ નીચે જઇ અટક્યો, ને આગલા બે પગે જમીન ખોદવા માંડી. આ ઉપરથી શેઠે એ જગ્યાએ ઊંડું ખોદાવ્યું તો શેઠનો ચોરાએલો તમામ માલ ત્યાંથી મળી આવ્યો.

વાત એમ બનેલી કે રાત્રે ચોરો ખાતર પાડી ઘરમાં પેઠા તે વખતે કુતરાએ ભસીને ઘોંઘાટ કરવાને બદલે ચૂપકીદીથી ચોરોની બધી ક્રિયા જોઇ લીધેલી ને ચોરો માલ લઇ ઘરમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમની પાછળ લપાતાછુપાતો જઇને ચોરોએ દાટેલી જગ્યા જોઇ તે પાછો વળેલો.

કુતરાની આ નિમકહલાલી અને હોશિયારી જોઈ સૌ તેનાં વખાણ કરવા લાગ્યાં. શેઠે પણ કુતરાની વફાદારીથી ખુશ થઇ કુતરાના મૂળ માલિક વણઝારાનું દેવું માફ કર્યું અને કુતરાને પોતાના બંધનમાંથી મુક્ત કર્યો. આ બધી હકીક્ત શેઠે એક કાગળમાં લખી અને તે કાગળ કુતરાના ગળે બાંધી તેને માનપૂર્વક વિદાય કર્યો. કુતરો પણ હર્ષમાં આવી પોતાના માલિકને મળવા ઉતાવળો થઈ ચાલવા લાગ્યો.

કુતરો પોતાના માલિકની શોધ કરતોકરતો ઇડર રાજ્યના વડાળી ગામથી એક ગાઉ ઉપર જ્યાં વણઝારાનો મુકામ હતો ત્યાં ગયો. પ્રભાતનો સમય હતો, વણજારો તાપણી કરી ટાઢ ઉડાડી રહ્યો હતો. એવામાં દૂરથી પોતાના કુતરાને આવતો જોઈ વણઝારો વિચાર કરવા લાગ્યો કે કુતરો શેઠના ઘેરથી નાસી આવ્યો ને મારૂં નામ બોળ્યું. એને જોતાં જ તેનું હૃદય ઊકળી ઊઠ્યું.

અવિચારી વણઝારો ઉતાવળો થયો. ઘણે વખતે સ્વામી-નાં દર્શન થતાં કુતરાના હરખનો પાર ન રહ્યો. પૂંછડી પટ-પટાવતો તે પોતાના પરાક્રમની કથા માલિકને કહેવા ઉતાવળો ઉતાવળો તેની પાસે જેવો પહોંચ્યો તેવો જ ધડ દઇને ડાંગનો એક ફટકો તેના માથે પડ્યો અને તેની જ સાથે એનો આત્મા ઊડી ગયો.

થોડો સમય વીતતાં વણઝારાનો ક્રોધ શાંત પડ્યો ને કુતરા તરફ વળી જોવા લાગ્યો તો તેને ગળે બાંધેલી ચિઠ્ઠી તેની નજરે પડી. એ વાંચતા જ તે મૂર્છાવશ થયો. ભાન આવતાં અતિ કરુણ આક્રંદ કરીને તે પોકેપોકે રડ્યો. વફાદારીનો આ બદલો! તેને જીવન અકારૂં લાગ્યું. વહાલા વફાદાર પ્રાણીના સ્મારક માટે તેણે પોતાની બધી મિલ્કત આપી દીધી અને એ નખીરા કુતરાના નામથી તે જ જગાએ એક મોટું વિશાળ તળાવ બંધાવ્યું અત્યારે પણ એ વફાદાર નખીરા કુતરાની જીવનલીલા કહેતું નખીરા તળાવ વડાળી પાસે એ મૂંગા પ્રાણી અને વણઝારાના સ્મારક તરીકે સાક્ષી પૂરી રહ્યું છે.

૭૮૬

મુસલમાન ભાઇઓ કોઇ પણ લખાણની શરૂઆત કરતી વખતે કે કોઇ સારૂં કામ આલેખતી વખતે મંગલ શબ્દ તરીકે ૭૮૬નો આંક લખે છે. તેનું રહસ્ય એ છે કે એ સંખ્યામાં તેમનું હમેશનું મંગળ-આરંભ-વાક્ય સમાઇ જાય છે. કેવી રીતે તે નીચેની હકીકત પરથી સમજાશે. એમનું મંગળ-આરંભ-વાક્ય આ છે: બિસ્મિલ્લા-હિર્રહેમા-નિર્રહીમ. તેની વ્યુત્પત્તિ છૂટી પાડીએ તો આ પ્રમાણે થાય: બ ઇસ્મે અલ્લા-હિર્ રહેમા-નિર્ રહીમ. હવે, એ દરેક શબ્દનો અર્થ આ નીચે બતાવ્યા મુજબ થાય છે: બ=(સાથે), ઇસ્મ=(નામ), અલ્લાહ=(ખુદાના), અર્=(જે), રહેમાન=(માયાળુ), અર્=(જે), રહીમ=(કૃપાળુ). એટલેકે "ખુદા કે જે માયાળુ ને કૃપાળુ છે તેના નામ સાથે (હું કામ કરૂં છું.)"

મુસલમાન ભાઇઓ કોઈ પણ કાર્ય શરૂ કરે તે પહેલાં ઉપલું વાક્ય બોલે છે; એટલેકે ખુદા કે જે આ લોકમાં ને પરલોકમાં કૃપાળુ છે તેનું નામ સંભારીને પોતાનું કામ તેઓ આદરે છે. હિંદુ ભાઇઓએ જે રીતે કૃષ્ણાર્પણ બુદ્ધિથી પોતાનાં કામો આદરવાં જોઇએ તે જ રીતે મુસલમાન ભાઇઓએ પણ ખુદાના નામે પોતાનાં કામો આદરવાનાં છે.

હવે એ આખું વાક્ય ૭૮૬માં કેમ સમાયું છે તે જોઇએ. અરબી ભાષાના ૨૮ અક્ષરોમાંના પ્રત્યેકની કિંમત મુકરર કરેલી છે. યાદ રાખવું સહેલું પડે તેટલા ખાતર એ ૨૮ અક્ષરોને તેની કિંમત સાથે આઠ શબ્દોમાં ગોઠવેલા છે. આ નીચે તે આપેલા છે. તેમાં પહેલી લીટીમાં તે શબ્દનું નામ, તેની નીચે-ની લીટીમાં તે કયાકયા અક્ષરોનો બનેલો છે તેની જોડણી, અને તેની નીચે તે દરેક અક્ષર દીઠ જે કિંમત મુકરર થઈ છે તે જણાવેલાં છે:

(૧) અબજદ	(૨) હવ્વઝ	(૩) હુત્ની
અલેફ, બે, જિમ, દાલ.	હે, વાવ, ઝે	હે તૉય, યે.
૧, ૨, ૩, ૪.	૫, ૬, ૭.	૮, ૯, ૧૦.

(૪) કલમન	(૫) સઅફસ
કાફ, લામ, મિમ, નુન.	સિન, આઈન, ફે, સ્વાદ.
૨૦, ૩૦, ૪૦, ૫૦.	૬૦, ૭૦, ૮૦, ૯૦.

(૬) કુરશત	(૭) સખ્ખઝ	(૮) ઝઝઘ
કૉફ, રે, શિન, તે.	સે, ખે, ઝાલ.	ઝવાદ, ઝૉય, ઘઇન.
૧૦૦, ૨૦૦, ૩૦૦, ૪૦૦.	૫૦૦, ૬૦૦, ૭૦૦.	૮૦૦, ૯૦૦, ૧૦૦૦.

ઉપરના વિવિધ અક્ષરોની વિવિધ કિંમત મુજબ 'બિ-સ્મિલ્લા હિર્રહેમાનિર્રહીમ' માંહેના અક્ષરોની કિંમતનો સર-વાળો ૭૮૬ થાય છે; એટલેકે ૭૮૬નો આંકડો બિસ્મિલ્લા હિર્રહેમા નિર્રહીમ સૂચવે છે આથી એ મંગળવાક્યને ટૂંકાણ-માં, ઝડપથી કે થોડી જગ્યામાં લખવા માટે એ અંક વપરાય છે.

આ હિસાબ-પદ્ધતિ અરબીમાંથી ગ્રહણ કરેલી હોવાથી તેમાં ચાર શુદ્ધ ફારસી અક્ષરોનો સમાવેશ કરેલો નથી. છતાં એ પૈકીનો કોઈ અક્ષર વાક્યમાં આવે તો તેની કિંમત

તેની આગળના અક્ષર જેટલી ગણવી. જેમકે, 'ચે'ની 'જે', 'ચ'ની 'જિમ', 'ઝે'ની 'ઝે' અને 'ગાફ'ની 'કાફ' જેટલી.

આ પદ્ધતિને 'અબજદ' પદ્ધતિ કહે છે, કારણકે એ આઠ શબ્દસમૂહનો પ્રથમ શબ્દ 'અબજદ' છે.

આ પદ્ધતિનો ઉપયોગ ઐતિહાસિક બનાવો, જન્મ, મરણ રાજ્યારોહણ વગેરે પ્રસંગે પણ કરવામાં આવે છે. તે એવી રીતે કે એ પ્રસંગના સ્મારક તરીકે થએલા શિલાલેખ, મકાન અથવા અન્ય સાધન ઉપર ગદ્ય કે પદ્યની એકાદબે લીટી રચીને લખવામાં અથવા કોતરવામાં આવે, જેનો અર્થ એ પ્રસંગને લગતો થતો હોય. તે ઉપરાંત એ લીટી રચવામાં પાછી ખૂબી એ હોય કે તેમાં વપરાયેલા તમામ અક્ષરોની કિંમત ઉપલી પદ્ધતિએ કાઢીએ તો એ બનાવ જે વર્ષમાં બન્યો હોય તે વર્ષનો આંક નીકળી આવે! એ વાક્યની જોડણીના તમામ અક્ષરોનો જે સરવાળો આવે તે હીજરી વર્ષ સમજવું. (ઈતર વાંચન પત્રિકા)

ॐ

'ॐ' આ સંજ્ઞાનો ઉચ્ચાર 'ઓમ્' કરવામાં આવે છે. એ 'अ', 'उ' ને 'म्' એમ ત્રણ અક્ષરનો બનેલો છે. 'एकमेवाद्वितीयम् ।'=એક જ તત્વ છે—બીજું નથી, અર્થાત્ પરમાત્મા સિવાય અન્ય કંઈ છે જ નહિ, એવી હિંદુઓની મૂળ માન્યતા છે. એ પરમાત્માની પ્રાર્થના ગૂઢાક્ષર ॐથી કરવામાં આવે છે. એ અક્ષર સર્વ પ્રાર્થના ને ધર્મપ્રવચનના આરંભમાં વપરાય છે, અને એવો પવિત્ર છે કે કોઈથી સંભળાય નહિ એવી રીતે તે બોલવો જોઈએ. આ નાની દેખાતી સંજ્ઞા હિંદુ ત્રિમૂર્તિ બ્રહ્મા-વિષ્ણુ-શિવનું મૂર્તિમંત સ્વરૂપ મનાય છે.

અથી ઈશ્વરનાં 'વિરાટ', 'અગ્નિ', 'વિશ્વ', આદિ નામો જણાય છે:
ઉથી ,, 'હિરણ્યગર્ભ', 'વાયુ', 'તૈજસ', ,,
મ્થી ,, 'ઈશ્વર', 'આદિત્ય', 'પ્રાજ્ઞ', ,,

'વિરાટ્'=વિવિધ જગતનો પ્રકાશક; 'અગ્નિ'=જ્ઞાનસ્વરૂપ સર્વવ્યાપી ઈશ્વર; 'વિશ્વ'=જગતને સમાવનાર; 'હિરણ્યગર્ભ'=સ્વયંપ્રકાશ અને પ્રકાશક; 'વાયુ'=અત્યંત બળવાન અને જગતને ધારણ કર્તા; 'તૈજસ'=સ્વયંપ્રકાશસ્વરૂપ; 'ઈશ્વર'=જગતકર્તા; 'આદિત્ય'=અવિનાશી; 'પ્રાજ્ઞ'=સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ ઈશ્વર. આ ॐકારનો અર્થ થયો. હવે હિંદુ શાસ્ત્રનું તાત્વિક સ્વરૂપ 'ગાયત્રી' મંત્ર છે, અને એ મંત્રનું ટૂંકું રૂપ ॐ છે.

(વસંત) જેહાંગીર માણેકજી દેસાઈ

ગોળીબારની ગતિવાળી રેલ્વે

જર્મનીમાં તાજેતરમાં બની છે. તે કલાકે સો માઈલ જશે તે એલ્યુમિનિયમની બનાવેલી છે અને તેનો ઘાટ લાંબા ઝેપલિન જેવો છે. તે ૮૫ ફીટ લાંબા બે ડબ્બામાં વહેંચાએલી છે. દરેક ડબ્બા નીચે બે જોડ પૈડાં છે. સ્ટેશનની બહાર જવાને પ્રથમ એક વીજળીની મોટર કામ શરૂ કરે છે; પછી એન્જીન ચાલુ થતાં ગોળીબારની (૨૦૦ માઈલની) ઝડપે તે દોડે છે.

કાગળની પેઠે ઘડી વળે તેવું લાકડું

કાતરથી કાપી શકાય અને કાગળની માફક ઘડી વળાય છતાં બીલકુલ તૂટે નહિ એવા પાતળા લાકડાનાં પાટિયાં હાલ બનાવવામાં આવે છે. આ પાટિયાં કુદરતી લાકડા જેવાં જ આકર્ષક અને સળ વાળાં આવે છે. જાડા કપડાની માફક તેના પર કામ થાય છે. એક ઇંચના ૯૦મા અગર ૧૨૦મા ભાગ જેટલું તે જાડું આવે છે. કાગળને બદલે તે દિવાલ પર લગાડી શકાય છે અને તેના પર બીજાં લાકડાં માફક કાચિયો, કાગળ, લાખ કે મીણ પણ લગાડી શકાય છે. છો કરેલી દિવાલ પર, ધાતુના પતરા પર, અગર હલકી જાતના લાકડા પર પણ તે ચોડી શકાય છે જેથી દેખાવ બહુ સુંદર લાગે છે, છતાં ખર્ચમાં અર્ધોઅર્ધ સરતું પડે છે. આનો ઉપયોગ ઊંચા વર્ગનાં મકાનોમાં, હોટેલોમાં, હૉલોમાં, ઑફિસોમાં ઇત્યાદિ સ્થળે યૂરોપ-અમેરિકામાં ખૂબ થવા માંડ્યો છે.

(લિટરરી ડાઇજેસ્ટ ઉપરથી) રે. એ. સો.

પાણીની ઊંડાઈ માપવાને વાયરલેસ

માર્કોની કંપનીએ વહાણો માટે એક એવી શોધ કરી છે કે જેમાં બટન દાબતાં જ તેમાંના ઘડિયાળનો કાંટો વહાણ જ્યાં ઊભું હોય તે જગ્યાના પાણીની બરોબર ઊંડાઈનો આંકડો બતાવે. આમાં વીજળીનો પ્રવાહ નીચે ફેંકાય છે અને તે તળિયે અડીને તુરત પાછો ઉપર વળે છે. તેનો આંક બતાવાય છે.

એક નંગદ દેશસેવા

પટણાના પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી હસન ઇમામ સાહેબે એક ઘણું જ આવકારદાયક પગલું ભર્યું છે. હિંદના મધ્યમ વર્ગના જુવાનો અને યૂનિવર્સિટીઓના પદવીધારીઓમાં વ્યાપી રહેલી બેકારીથી એ બુઝર્ગ મુસ્લીમ ધારાશાસ્ત્રીનું અંતર ખૂબ દાઝતું હતું છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન એમણે આ બેકારીના નિવારણને માટે અનેક વિચારો રજુ કર્યા છે. આજે એ એક આચાર રજુ કરે છે. અલ્લાહાબાદ જીલ્લામાં આવેલી પોતાની ચાળીસ હજાર એકર જમીન—લગભગ એક લાખ વિઘા જમીન—એમણે શ્રી તુલસીચંદ્ર ગોસ્વામી જેવા મહાસભાના પ્રસિદ્ધ કાર્યકર્તાને સોંપી દીધી છે. એ જમીન ઉપર મધ્યમ વર્ગના જુવાનોની—કોમ કે નાતના ભેદ વગર—એક વસાહત સ્થાપવામાં આવશે. ત્યાં ખેતી, ફળ-ઝાડ, ગૃહઉદ્યોગ વગેરેના હુન્નરી અખતરાઓ અને ઉત્પત્તિ કરવામાં આવશે. આ વસાહતમાં આશરે ૨૫થી ૩૦ હજાર જેટલા જુવાનોને રોજી અને અનુભવ બંને મળવાની સંભાવના છે. શ્રી હસન ઇમામ એક નિષ્પક્ષ જાહેર પુરુષ છે; વિચારશીલ મુસ્લીમ છે. કોમી ભેદથી પર રહીને એક અતિ ગંભીર આર્થિક પ્રશ્નના ઉકેલ પ્રત્યે એમણે આપેલો આ આત્મભોગ અન્ય શ્રીમંતો અને દેશપ્રેમીઓને એક નવીન અને વ્યવહાર રાહ બતાવે છે. શ્રી હસન ઇમામ સાહેબે તો એમની અત્યાર સુધીની નિષ્કલંક પ્રતિષ્ઠાને શોભે એવું જ આ પગલું ભર્યું છે. (સૌરાષ્ટ્ર)

રૂપવતી નૂરજહાંનો બેમૂલ ચીનાઇ આરસો દાસીને હાથે અકસ્માત તૂટી જવાથી દાસી ખિન્ન થઇને બીવા લાગી. આ વાત નૂરજહાંની જાણમાં આવતાં તેણે કહ્યું, 'કંઇ નહિ; એ તો સારૂં થયું, ગુમાનને જોવાનું સાધન નાશ પામ્યું!'

'પૈસા'ના પ્રતિશબ્દ: જંઇ, ફદિયું, દોઢિયું, કાવડિયું, સવાકો, ત્રાંબિયો.

ચામડાની પેટીઓ વપરાશ વિના પડી રહેવાથી ભેજવાળી હવાને લીધે તેને ફૂગ વળી જાય ત્યારે સરખે ભાગે મેળવેલા સરકા અને પાણીથી કપડાના પોતા વડે બેગને સાફ કરી ઓલિવ ઓઇલ કે વેસેલિનનો આછો હાથ મારજો. લવીંગનું તેલ આછુંઆછું ચોપડવાથી પણ ફરી ફૂગ વળતી અટકશે.

વીંછીના ડંખ ઉપર મીઠું ઝીણું વાટીને ઘસવાથી અથવા ગધ ઘસવાથી ફાયદો થાય છે. નાગરવેલનાં બે પાનમાં ચપટી ચપટી મીઠું નાખી એક પછી એક ચાવી જવાથી પણ વીંછી ઊતરે છે.

સીઝર શબ્દનો અર્થ થાય છે ઘેરાં ઝુલ્ફાં વાળો માણસ; છતાં સીઝર (જુલિયસ)ને માથે તો તાલ હતી!

બીજાં પશુઓની માફક ઊંટ પાણીમાં તરી શકતું નથી; તેમ જ પાણીમાં પડે છે કે તરત તરવાનો જરા પણ પ્રયત્ન કર્યા વિના કાં તો બેસી જાય છે, અથવા આડું પડી સૂઇ જાય છે.

સૌ પહેલી એર મેઇલ (વિમાની ટપાલ) આજથી ૨૦ વરસ પર અર્લ ઓવિંગ્ટન નામનો અમેરિકન અમેરિકામાં ગાર્ડન સિટીથી મીનીઓલા ગામે લઇ ગએલો,–૧૯૧૧ના સપ્ટેમ્બરની ૨૩મી તારીખે.

ફ્રેંચ લેખક વૉલ્તેર (Voltaire)નું ખરૂં નામ Arovet L.I. હતું જેના અક્ષરોને આડાઅવળા ગોઠવીને તેણે પોતાનું એ તખલ્લુસ ઉપજાવેલું.

વિરોધી અર્થવાળી કહેવતો: 'માથું મૂકે તે માલ ખાય.' 'શિર સલામત તો પઘડિયાં બહોત.'


મોટું ઘડિયાળ સાફ કરવાને તેને ઘરામાંથી જૂદું પાડી લોલક બાજુએ મૂકો તથા બધાં સ્ક્રૂ ચાકીઓ વગેરે પણ સંભાળી રાખો. પછી ચાવી ચડાવીને તેને નરમ સાબુ અને પાણીના મિશ્રણમાં ઝબકોળી રાખો. તેનાં ચક્કરો અંદર ભલે ચાલ્યાં કરે. એમ બધી ચાવી ઉતરી જાય એટલે ફરીવાર ચાવી આપો અને ફરી ઉછળવા દો. આથી બધા ભાગો ધોવાઇ જશે. પછી બહાર કાઢી એક વાર ચાવી દઇ તેને અંગારાના તાપની નજીક, રજ ન ઉડે તેમ સુકાવા મૂકો, એટલે ધૂળ ચોંટ્યા વિના સુકાઇ જશે. તે પછી ઊંચામાં ઊંચું સંચાનું તેલ તેના દાંતાઓ આગળ ઊંઝો અને ઘડિયાળને ઘરામાં નાખી લોલક ચડાવી દ્યો. રેલા ચાલે તેટલું તેલ ન ઊંઝશો; એથી બધે ધૂળ ચોંટી ઊલટું નુકસાન થશે.

૫૦૪ને કોઇ પણ રકમ વડે ગુણીને ગુણાકારમાંથી ૭ બાદ કરો. પછી બાકી રહેતી રકમને ૭, ૮ ને ૯ વડે ભાગશો તો અનુક્રમે ૧, ૨ અને ૩ શેષ જ વધશે.



ડફરીન સ્ટીમર પર નૌકાવિદ્યાની તાલીમ પામતા હિંદી વિદ્યાર્થીઓમાં નાવિક તરીકેની ઉત્તમ તાલીમ તથા ગુણો ધરાવવા માટે એ. ચક્રવર્તી નામના આ બંગાળી કુમારને સુવર્ણચંદ્રક મળ્યો છે.

મરચીના છોડનાં લીલાં પાનને થોડા પાણી સાથે પીસી રસ કાઢી તેમાં થોડું મીઠું નાખી દાદર પર ખૂબ મસળવાથી ગમે તેવી જૂની લાલ કે કાળી દાદર મટી જઇ ચામડી સુંવાળી બને છે, બીજી દવાઓ જેટલી આ બળતી નથી.



દુનિયાના જેજે પ્રદેશો પર વરસમાં (શિયાળાના) ઓછામાં ઓછા ત્રણ માસ સુધી બરફ રહે છે તે લીટીવાળા ભાગ વડે દર્શાવતો નકશો.